Date of Pulication 21st Posted on Every Month
ISSN 2347-2448 છૂટક કિંમત : ₹ 20.00

# બુદ્ધિપ્રકાશ

સંપાદક
**મધુસૂદન પારેખ ✳ રમેશ શાહ**
**સહાયક : પ્રફુલ્લ મહેતા**

પુસ્તક ૧૬૪મું • નવેમ્બર, ૨૦૧૮ • અંક : ૧૧

## સ્ત્રી-પુરુષ સમાનતા

મહાસભાવાદીઓને હજી એ નથી સમજાયું કે સેવાના ધર્મકાર્યમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર અને સાથી છે. જે રૂઢિ અને કાયદાના ઘડતરમાં સ્ત્રીનો કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે તે કાયદા અને તે રૂઢિના જુલમ નીચે સ્ત્રી કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો અને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાનું ભાવિ નક્કી કરવાનો હક સ્ત્રીને છે. પણ અહિંસક સમાજની વ્યવસ્થામાં જે અધિકાર કે હક મળે છે તે કોઈ ને કોઈ ફરજ કે ધર્મના પાલનમાંથી ફલિત થાય છે. તેથી એ વાત પણ સ્વીકારવી જોઈએ કે સમાજમાં વર્તવાના કે વહેવાર કરવાના નિયમો સ્ત્રી ને પુરુષ બંને પરસ્પર સહકાર ને સમજૂતીથી નક્કી કરે. એ નિયમોના પાલનને માટે બહારની કોઈ સત્તાની જબરદસ્તી કામ ન આવે. સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં કે વહેવારમાં પુરુષોએ આ સત્યને પૂરેપૂરું ઓળખ્યું નથી. સ્ત્રીને પોતાની મિત્ર કે સાથી ગણવાને બદલે પુરુષે પોતાને તેનો સ્વામી કે ધણી માન્યો છે. હિંદુસ્તાનની સ્ત્રીઓને આ હલકા દરજ્જા પરથી હાથ પકડીને ઉપર લેવાનો ખાસ અધિકાર મહાસભાવાદીઓનો છે.

**ગાંધીજી**

**ગુજરાત વિદ્યાસભા**
શેઠ ભો. જે. વિદ્યાભવન, એચ. કે કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
જ્ઞાનં પરં ધીમહિ

## સૂચના

- આ માસિકનો અંક દર અંગ્રેજી માસની ૨૧મી તારીખે બહાર પડે છે.
- પ્રસિદ્ધ થયેલા લેખો, નોંધો અને અભિપ્રાયો માટેની જવાબદારી તે તે લેખકની રહેશે.
- માસિકની રવાનગી, વ્યવસ્થા, લવાજમ તેમ જ જાહેરખબર અંગે પત્રવ્યવહારનું સરનામું : **ગુજરાત વિદ્યાસભા,** શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : **૨૬૫૮૨૦૮૮**
- લેખ અંગે સંપાદકો સાથે પત્ર-વ્યવહારનું સરનામું : 'બુદ્ધિપ્રકાશ' C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
- લવાજમના દર
  - વાર્ષિક લવાજમ : બસો રૂપિયા
  - સંસ્થાના નોંધાયેલા આજીવન સભ્ય રૂ. ૧૦૦. છૂટક નકલ રૂ. ૨૦. ચેક/ડી.ડી. 'ગુજરાત વિદ્યાસભા'-ના નામનો મોકલવો.
- જાહેરખબરના દર

  પાછલું પૂઠું ૧૦૦૦ રૂપિયા

  અંદરનું પૂઠું ૭૫૦ રૂપિયા

  આખું પાનું ૬૫૦ રૂપિયા

  અડધું પાનું ૩૦૦ રૂપિયા


### લેખકોને ખાસ વિનંતી

- 'બુદ્ધિપ્રકાશ'માં એક કૃતિ પ્રગટ થઈ ગયા પછી જ બીજી મોકલવી. સ્વીકૃત કૃતિનો જવાબ એક માસની અંદર આપવામાં આવે છે. અન્યથા એ રદ સમજવી.
- જવાબ માટે પોસ્ટકાર્ડ મોકલશો નહિ. કૃતિ પરત મેળવવા માટે પૂરતી ટિકિટોવાળું જવાબી પરબીડિયું મોકલવું.

# બુદ્ધિપ્રકાશ


**પુસ્તક ૧૬૪મું** **નવેમ્બર** **અંક : ૧૧**


## અનુક્રમણિકા


પ્રાસંગિક નોંધ

| | | |
|---|---|---|
| પ્રધાન મંત્રીની આરોગ્ય વીમાયોજના | રમેશ શાહ | ૩ |
| શહેરોનાં નામો બદલવાની પ્રવૃત્તિ | રમેશ શાહ | ૪ |
| ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારત ૧૦૩મા સ્થાન પર | દિનેશ શુક્લ | ૫ |
| કોની પાસે કેટલા ન્યુક્લીયર વૉરહેડ્સ છે ? | દિનેશ શુક્લ | ૬ |
| ત્રણ કૃત્રિમ ચંદ્રો ચીન આકાશમાં છોડશે | દિનેશ શુક્લ | ૬ |
| **કવિતા** | | |
| બે રચના | રાધેશ્યામ શર્મા | ૭ |
| શું કરું ? | પ્રવીણ દરજી | ૮ |
| દીપફૂદાં | રામચંદ્ર પટેલ | ૮ |
| નશાખોર | રામચંદ્ર પટેલ | ૮ |
| જૂઠાડાઓ ! | પ્રવીણ દરજી | ૯ |
| શાકબજાર | રમેશ કોઠારી | ૧૦ |
| ''એક દા' માંડુ (માંડવગઢ) મોઝાર'' | દલપત ચૌહાણ | ૧૨ |
| સ્મૃતિઓની ગુંજ | રમણીક સોમેશ્વર | ૧૬ |
| શબ્દતત્વ અને તત્ત્વદર્શનનું સાયુજ્ય : | | |
| શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્ય | રાજેન્દ્ર પટેલ | ૧૭ |
| અનેક કેન્દ્રોનું એક કેન્દ્ર 'મા' | દક્ષા પટેલ | ૨૨ |
| પત્રલેખન રમણભાઈ નીલકંઠ | કિશોર વ્યાસ | ૩૧ |
| અસ્તિ : આછી કથા અને કલ્પનાસભર દશ્યાવલિ | પ્રફુલ્લ રાવલ | ૩૬ |
| પ્રસાદ (બુદ્ધિપ્રકાશ – સો વર્ષ પહેલાં) | | |
| મહાન મોગલ સમ્રાટ અકબર | સંકલન : થોમસ પરમાર | ૪૨ |
| પુસ્તક પરિચય | સતીશ ડકાણ | ૪૪ |
| નવાં પુસ્તકો | પ્રફુલ્લ મહેતા; રમેશ પટેલ | ૪૭ |



ગુજરાત વિદ્યાસભા વતી પ્રકાશક : માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ ◻ ફોન : ૨૬૫૮૨૦૮૮ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય,** ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ◻ ફોન : ૨૬૫૬૪૨૭૯

## પ્રાસંગિક નોંધ

રમેશ શાહ, દિનેશ શુક્લ

બુદ્ધિપ્રકાશ

**પ્રધાન મંત્રીની આરોગ્ય વીમાયોજના**

સપ્ટેમ્બર માસની ૨૩મી તારીખથી દેશમાં દુનિયાની સહુથી મોટી સરકારી વીમાયોજનાનો આરંભ થયો છે. મોદી સરકાર તેની પૂર્વેના સાત દસકામાં દેશમાં આવી ગયેલી સરકારો ન કરી શકી હોય એવાં કાર્યો કરીને સંતોષ માનવા તૈયાર નથી, સમગ્ર દુનિયામાં અદ્વિતીય હોય એવી યોજનાઓ હાથ ધરીને તે દુનિયામાં પોતાનો છાકો પાડવા માંગે છે. તેથી આયુષ્યમાન ભારતના એક ભાગરૂપે અમલમાં આવેલી પ્રધાનમંત્રી જનઆરોગ્ય વીમાયોજનાને 'દુનિયાની સહુથી મોટી સરકારી વીમાયોજના' તરીકે પ્રસિદ્ધ આપવામાં આવી છે.

યોજના પ્રમાણે ૧૦.૭૪ કરોડ કુટુંબોને આ સરકારી વીમાયોજનાનો લાભ મળશે. આમ દેશની ૫૦ કરોડથી અધિક વસ્તીને કોઈ પ્રિમિયમ ભર્યા વિના આરોગ્ય વીમાનો લાભ મળશે. આ યોજનાનો લાભ લેવા માટે કાંઈ નોંધણી કરાવવાની નથી. ૨૦૧૧માં કરવામાં આવેલી સામાજિક – આર્થિક અને જ્ઞાતિ અંગેની મોજણીના આધારે જે કુટુંબોને ગરીબ ગણવામાં આવ્યાં તે બધાં જ કુટુંબો આ યોજનાનો લાભ લેવા હકદાર છે. માત્ર આધારકાર્ડ પૂરતું ગણાશે. કુટુંબ દીઠ રૂ. પાંચ લાખ સુધીનું હૉસ્પિટલનું તેમજ આનુષંગિક ખર્ચ આ વીમા નીચે ચૂકવી દેવામાં આવશે. આના બે અર્થ થાય છે : એક, દરદી ઘેર રહીને જે સારવાર કરાવે તેમાં થનાર ખર્ચને આ વીમા નીચે આવરી લેવામાં આવ્યું નથી. બીજું, વીમા કંપની સીધા હૉસ્પિટલને નાણાં ચૂકવશે, એ રીત દરદીના દૃષ્ટિબિંદુથી આ એક 'કેશલેસ' વીમાયોજના છે. ખાનગી વીમાયોજનામાં ચાલુ માંદગીને બાકાત રાખવામાં આવે છે, આ યોજનામાં સહજ રીતે જ એ જોગવાઈ રાખવામાં આવી નથી.

હૉસ્પિટલોમાં કરવામાં આવતી મોટા ભાગની સારવારોને આ વીમાયોજના નીચે આવરી લેવામાં આવી છે. એ માટે ૧૩૫૦ પેકેજ એના ભાવ સાથે નિયત કરવામાં આવ્યાં છે, દા.ત., કેમો થેરપી રૂ. ૪૫૦૦૦થી ૭૦,૦૦૦, પેસમેકર રૂ. ૫૦,૦૦૦, હાડકાનો સાંધો બદલવો રૂ. ૧,૫૦,૦૦૦, થાપો બદલવો રૂ. ૭૫૦૦૦થી ૯૦,૦૦૦. આ યોજના માટે થનાર ખર્ચના ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજ્યસરકારે ભોગવવાના છે. આમાં ૨૬ રાજ્યો જોડાયાં છે, પાંચ રાજ્યોને તેમની પોતાની યોજના વધુ સારી લાગતી હોવાથી તેઓ પ્રધાનમંત્રીની આ વીમાયોજનામાં જોડાયાં નથી. યોજનાના વહીવટ અંગે

માર્ગદર્શન આપવા માટે કેન્દ્રસ્તરે નૅશનલ હેલ્થ એજન્સી અને રાજ્યસ્તરે સ્ટેટ હેલ્થ એજન્સી રચવામાં આવી છે.

આ વીમાયોજના માટે સરકારી તેમજ ખાનગી હૉસ્પિટલોને માન્યતા આપવામાં આવી છે. તેને પૅનલ પરની હૉસ્પિટલ તરીકે ઓળખવામાં આવે છે. યોજના શરૂ થઈ ત્યારે ૮૦૧૨ હૉસ્પિટલોની પૅનલ થઈ ચૂકી હતી. એમાં ૫૦ ટકા ખાનગી હૉસ્પિટલો છે. પૅનલ પર લેવા માટેનાં ધોરણો કડક રાખવામાં આવ્યાં છે : ઓછામાં ઓછી દસ પથારીઓ, પાત્રતા ધરાવતી ત્રણ નર્સો, બે એમ.બી.બી.એસ ડૉક્ટરો, ચોવીસે કલાક સારવારની સગવડ, સ્પેશિયાલિસ્ટો, ફાર્મસી, બ્લડબૅંક, લેબોરેટરી, ડાયાલીસીસ યુનિટ, એન્ડોસ્કોપી અને ‘એક્સ રે’ની સગવડો, ઍમ્બ્યુલન્સ અને ઇમરજન્સી સર્વિસ. આ ધોરણો સંતોષતી ખાનગી હૉસ્પિટલો ગ્રામવિસ્તારોમાં હોવાની સંભાવના નહિવત્ છે, નાનાં નગરોમાં પણ તે જૂજ સંખ્યામાં જ હોવાની. તેથી સરકાર જો નિયત કરવામાં આવેલાં ધોરણોને ચુસ્ત રીતે વળગી રહે તો માન્ય હૉસ્પિટલો મોટાં શહેરોમાં કેન્દ્રિત થયેલી માલૂમ પડશે. આનો અર્થ એવો થાય કે ગ્રામ વિસ્તારમાં અને નાનાં નગરોમાં વસતા ગરીબ દરદીઓની મોટા શહેરોમાં આવેલી હૉસ્પિટલોમાં પહોંચવાની અને બેત્રણ સગાઓને શહેરમાં રહેવાની પહોંચ હોય તો તેઓ એનો લાભ લઈ શકે. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં વસતા ગરીબો અમદાવાદના પશ્ચિમ વિભાગમાં આવેલી મોટી કોર્પોરેટ હૉસ્પિટલોનો કેટલો લાભ લઈ શકશે તેનો વિચાર કરવાથી કેટલા ગરીબો સુધી આ યોજના પહોંચશે તે પ્રશ્ન છે.

અલબત્ત, યોજનાથી થનાર લાભો અંગે મોટા દાવા કરવામાં આવ્યા છે. કરવામાં આવેલા દાવા પ્રમાણે આ વીમાયોજનાથી તબીબી સારવારના ક્ષેત્રે નવો યુગ આરંભાશે. એક, ગરીબો મોંઘી તબીબી સારવાર લઈ શકશે. આ મુદ્દાની ચર્ચા આપણે ઉપર કરી ગયા છીએ.

બીજું, તબીબી સારવારની ગુણવત્તા સુધરશે. તે પોષાય તેવી બનશે. પૅનલ પર આવેલી હૉસ્પિટલોએ નિયત માર્ગદર્શન પ્રમાણે ચાલવું પડશે. દરદીઓને કેવી સારવાર મળી છે તેના પર નજર રાખવામાં આવશે. ખાનગી ક્ષેત્રમાં લેવામાં આવતી ફી ધોરણસરની થશે. આ દાવાઓની વિશેષ ચર્ચા કરવી જરૂરી નથી. એ જાણીતી વાત છે કે આરોગ્યનો વીમો ધરાવતા દરદીઓ પાસેથી અન્ય દરદીઓની તુલનામાં ઊંચી ફી વસૂલ કરવામાં આવે છે. કોર્પોરેટ હૉસ્પિટલો દ્વારા કરવામાં આવતી લૂંટના સમાચારો અવારનવાર અખબારોમાં પ્રગટ થતા રહે છે. દરદીઓને કેવી સારવાર મળી છે તેની કોણ ખબર રાખશે તે પ્રશ્ન છે. ખેડૂતો માટેની પ્રધાનમંત્રીની ફસલ વીમાયોજનાના જે હાલ થયા છે તે નજર સમક્ષ રાખવાથી જ મોટા પાયા પરની યોજનાઓનો અમલ કરવાની સરકારની વહીવટી ક્ષમતાનો ખ્યાલ આવી જાય છે. હા, પૅનલ પર આવનારી ખાનગી હૉસ્પિટલોને જરૂર લાભ થશે. તેમને મળતા દરદીઓની સંખ્યામાં વધારો થશે.

**તા. ૨૩-૧૦-’૧૮** **રમેશ શાહ**

### શહેરોનાં નામો બદલવાની પ્રવૃત્તિ

આઝાદી પછી આપણા કેટલાક રાજકારણીઓ અને રાષ્ટ્રવાદીઓની એક પ્રવૃત્તિ આપણાં કેટલાંક શહેરોનાં નામ બદલવાની રહી છે. એમાં બે વલણો જોવા મળે છે. એક, અંગ્રેજ શાસકોએ આપણાં જે શહેરોનાં નામ બદલ્યાં કે ‘બગાડ્યાં’ તે સુધારવાં. આ રીતે બોમ્બેનું મુંબઈ થયું, બેંગલોરનું બેંગાલુરુ થયું અને કલકત્તાનું કોલકાતા થયું. આવાં બીજાં અનેક ઉદાહરણો છે. બીજું, મુસ્લિમ શાસકો દ્વારા સ્થપાયેલાં અથવા તેમનાં નામ ધરાવતાં નગરોનાં નામો બદલી નાખવાની એક પ્રવૃત્તિ પણ ચાલી રહી છે. ઉત્તર પ્રદેશમાં અલ્લાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું તે તેનું એક તાજું ઉદાહરણ છે. એનાથી પ્રોત્સાહિત થઈને બિહારમાં મુસ્લિમ નામો ધરાવતાં બે નગરોનાં નામો બદલવાની માંગ ઊઠી છે. અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની જૂની માંગ તાજી કરવામાં આવી છે. અંગ્રેજોએ બગાડેલા શિમલાનું શ્યામલા કરવાની માંગ પણ કરવામાં આવી છે.

લોકજીભે દાયકાઓથી ચડેલાં નામો બદલવાનું પ્રયોજન શું છે એવો પ્રશ્ન સહજ રીતે થાય. નગરનું નામ બદલવાથી એ નગરની સ્થિતિમાં કશો ફરક પડતો નથી.

અલ્લાબાદને પ્રયાગરાજ કહેવાથી એ નગરની આબાદીમાં વધારો થવાનો નથી કે નગરના નાગરિકોને મળતી સેવાઓના જથ્થામાં કે સેવાઓની ગુણવત્તામાં કોઈ વધારો થવાનો નથી. નાગરિકોના પોતાના વર્તનમાં પણ કોઈ પરિવર્તન આવવાનું નથી. કેવળ હિંદુઓ તરીકે આપણો અહં સંતોષાશે. ભૂતકાળમાં આપણે વિદેશી અને વિધર્મી શાસકો સામે પરાસ્ત થયા હતા એનાં પ્રમાણો નાબૂદ કરવાની આ ચેષ્ટા છે. આપણે પુરુષાર્થ દ્વારા નવો ગૌરવવંતો ઇતિહાસ સર્જવાના વિકલ્પે આપણે આ મિથ્યા ગૌરવની પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. ઇતિહાસમાંથી આપણી એક પ્રજા તરીકેની આપણી નબળાઈઓથી શાંત થવાને બદલે તેને ભૂંસવાની આ પ્રવૃત્તિ કોઈ રીતે ફળદાયી નથી.

આમાં અંગ્રેજી નામો બદલી નાખવાની પ્રવૃત્તિની થોડી ચર્ચા કરવા જેવી છે. એક બાજુ નગરોનાં અંગ્રેજી નામો દૂર કરવામાં આવી રહ્યાં છે અને બીજી બાજુ દેશની પ્રાદેશિક ભાષાઓમાં અંગ્રેજી શબ્દો મોટા પ્રમાણમાં પ્રવેશી રહ્યા છે. ગુજરાતીમાં સફરજન શબ્દ લુપ્ત થવા પર છે. તેનું સ્થાન અંગ્રેજી એપલ શબ્દે લીધું છે. એ જ રીતે મંકી અને ડોગ વાતવાતમાં સાંભળવા મળે છે. સ્વાર્થ જોડણીકોશની ૨૦૧૭ની આવૃત્તિમાં અંગ્રેજીના પાંચેક હજાર શબ્દો ઉમેરાયા છે. આપણી ભાષાઓની આ પડતીથી આપણે ગૌરવહાનિ અનુભવતા નથી.

**તા. ૨૪-૧૦-'૧૮** **રમેશ શાહ**

### ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારત ૧૦૩મા સ્થાન પર

'ગ્લોબલ હંગર ઇન્ડેક્સ' વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ભૂખમરાનું પ્રમાણ કેટલું છે, તેનું આકલન કરે છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્સ ભૂખમરા સામે સંઘર્ષ અને સમજદારી વધારવા તેમજ જુદાંજુદાં રાષ્ટ્રો વચ્ચે ભૂખમરાની તુલના કરવા અને જ્યાં જ્યાં ભૂખમરો હોય તે પ્રત્યે ધ્યાન દોરવાનો તે પ્રયત્ન કરે છે. તેમાં એનું ખાસ નિરાકરણ કરવામાં આવે છે કે કોઈ પણ રાષ્ટ્રની કેટલી વસતી પૂરતા પ્રમાણમાં ભોજન મળવી રહે છે ?

એમાં ખાસ તે મુદ્દા પર ધ્યાન આપવામાં આવે છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમર ધરાવતાં બાળકોની લંબાઈ તેમજ વજન તેની ઉંમરના પ્રમાણમાં વધારે છે કે ઓછાં છે ?

ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન ઉત્તરોત્તર કથળતું જાય છે. ભારતની સ્થિતિ તો નેપાળ અને બાંગ્લાદેશ કરતાં પણ ખરાબ છે. જોકે ચીન ભારત કરતાં ક્યાંય આગળ છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં ચીનનો ક્રમ ૨૫મો છે. બાંગ્લાદેશનો ૮૬ મો, નેપાળનો ૭૨મો, શ્રીલંકાનો ૬૭મો અને મ્યાન્માર (બ્રહ્મદેશ)નો ૬૮મો ક્રમ છે.

ભારતનું પાડોશી રાષ્ટ્ર પાકિસ્તાન ભૂખમરાના સંદર્ભમાં ભારત કરતાં પાછળ છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્સમાં પાકિસ્તાનનો ક્રમ ૧૦૬મો છે.

આપણે (ભારત) આફ્રિકાના કહેવાતા પછાત રાષ્ટ્રો તેમજ નેપાળ, મ્યાન્માર, ભૂતાન, શ્રીલંકા જેવાં પાડોશી રાષ્ટ્રોને જરૂરી આર્થિક મદદ કરીએ છીએ, તો આપણા દેશમાં કરોડો ગરીબ પરિવારો ભૂખ્યા સૂઈ જતા હોય છે.

વૈશ્વિક ગરીબી સૂચકાંક પ્રમાણે વર્ષ ૨૦૦૫થી ૨૦૧૫-૨૦૧૬ એક દાયકામાં ભારતમાં ૨૭ કરોડ લોકો (પરિવારો) ગરીબી રેખાની ઉપર આવ્યા, મતલબ કે ગરીબીમાં ઘટાડો થઈ રહ્યો છે, પરંતુ ગ્લોબલ હંગર ઇન્ડેક્સના રિપોર્ટે ગરીબીનાબૂદીના દાવાઓ પર પ્રશ્નાર્થ ઊભો કર્યો છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ના તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક હેવાલ મુજબ વિશ્વની ભૂખમરાથી પીડાતી કુલ વસતીના આશરે ૨૩ ટકા લોકો ભારતમાં વસવાટ કરે છે. સમગ્ર વિશ્વમાં આશરે ૮૧.૫ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરે છે, તે પૈકી ૧૯ કરોડ લોકો તો ભારતમાં જ વસવાટ કરે છે.

સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ભૂખમરો એશિયાઈ રાષ્ટ્રોમાં છે, ત્યારબાદ આફ્રિકા અને લૅટિન અમેરિકાનાં રાષ્ટ્રોનો ક્રમ આવે છે.

ભૂખમરાનાં અનેક કારણો છે, યુદ્ધ, સતત ચાલતા આંતરવિગ્રહો, જળવાયુ પરિવર્તન, કુદરતી આપત્તિઓ વગેરેનો તેમાં સમાવેશ થાય છે.

**દિનેશ શુક્લ**

## કોની પાસે કેટલા ન્યુક્લીયર વોરહેડ્સ છે ?

સ્કોટહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના છેલ્લા હેવાલ અનુસાર ભારત-પાકિસ્તાન સહિત ૯ દેશો પાસે ન્યુક્લીયર બૉંબ છે. ૨૦૧૭ના આરંભથી આ વર્ષ (૨૦૧૮)ના આરંભ સુધી ૧૪,૪૬૫ ન્યુક્લીયર વોર હેડ્સ (ન્યુક્લીયર બૉમ્બ)માં ઘટાડો કરવામાં આવ્યો છે. તેથી ૨૦૧૮ વર્ષના આરંભે તેની સંખ્યા ૧૩,૨૫૨ થઈ છે.

ઉપર્યુક્ત સંસ્થા એક સ્વતંત્ર થીન્ક ટેન્ક છે. તે ૧૯૬૬થી ખુલ્લા સ્રોતોનો ઉપયોગ કરીને માહિતી એકત્ર કરે છે. તેણે બહાર પાડેલા આંકડા અનુસાર પાકિસ્તાન પાસે ૧૪૦-૧૫૦ જેટલા ન્યુક્લીયર વોટહેડ્સ (ન્યુક્લીયર બૉમ્બ) છે, જે ગયા વર્ષ કરતાં વધારે છે. જ્યારે ભારત પાસે ૧૩૦-૧૪૦ ન્યુક્લીયર વોરહેડ્સ છે.

રશિયા અને અમેરિકા પાસે કુલ ન્યુક્લીયર વોરહેડ્સ (પરમાણુ બૉંબ)ના ૯૨ ટકા કરતાં પણ વધારે પરમાણુબૉમ્બ છે. તેમાં જે ઘટાડો થયો તે મુખ્યત્વે અમેરિકા અને રશિયા વચ્ચે ૨૦૧૦માં સંધિ થઈ, જેનું નામ છે, 'મેઝર્સ ફોર રિડક્શન એન્ડ લિમિટેશન ઑફ સ્ટ્રેટેજિક આર્મ્સ રિડક્શન, (નવી સ્ટાર્ટ સંધિ), તેમ છતાં, રશિયા અને અમેરિકા બંને પાસે ન્યુક્લીયર વોરહેડ્સ રિપ્લેસ અને મોડર્નનાઈઝ કરવાનો લાંબાગાળાનો કાર્યક્રમ છે. ફ્રાન્સ પાસે ૩૦૦ વોરહેડ્સ છે, ચીન પાસે ૨૮૦ વોરહેડ્સ છે. યુકે (યુનાઈટેડ કિંગ્ડમ) પાસે ૨૧૫ વોરહેડ્સ છે, ઇઝરાયેલ પાસે ૮૦, અને છેલ્લે નોર્થ કોરિયા પાસે ૧૦-૨૦ જેટલા વોરહેડ્સ છે.

**દિનેશ શુક્લ**

## ત્રણ કૃત્રિમ ચંદ્રો ચીન આકાશમાં છોડશે

ચીન તેના પોતાના કૃત્રિમ ચંદ્ર ૨૦૨૦ સુધીમાં લોંચ કરવાનું આયોજન કરી રહ્યું છે. શહેરોમાં આવેલી સ્ટ્રીટ લાઈટોમાં વીજળીનો ખર્ચ ઘટાડવા માટે કૃત્રિમ ચંદ્ર બનાવીને આકાશમાં લોન્ચ કરવાનો તેણે નિર્ણય કર્યો છે.

ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા સિચુઆન પ્રાંતના ચેંગડુ શહેરમાં કૃત્રિમ ઉપગ્રહ આકાશમાં છોડવાની તૈયારી ચાલી રહી છે. ચીનનાં નાનાં-મોટાં શહેરોમાં સ્ટ્રીટલાઈટોના થાંભલા ઊભા કરવાને કારણે સ્થાનિક સંસ્થાઓને વીજળીનાં બિલો ભરવાં પડે છે. આ મુશ્કેલીના એક ઉપાય તરીકે ચીન કૃત્રિમ ચંદ્ર (છેલ્લી માહિતી મુજબ, એક નહીં પણ બધા મળીને કુલ ત્રણ ચંદ્રોનું) નિર્માણ કરીને અવકાશમાં લોન્ચ કરવાનો નિર્ણય કર્યો છે. આ કૃત્રિમ ચંદ્રો કુદરતી ચંદ્ર કરતાં વધારે પ્રકાશ આપશે. આ ચંદ્રો કુદરતી ચંદ્ર કરતાં આઠ ગણો વધારે તેજસ્વી હશે. જોકે પહેલો ચંદ્ર ૨૦૨૨માં મૂકવામાં આવશે. પચાસ સ્ક્વેર કિલોમીટરના વિસ્તારને તે પ્રકાશિત કરશે.

'ચાઈના ડેઈલી' અખબારના હેવાલ પ્રમાણે ચીનના પહેલા કૃત્રિમ ચંદ્ર વિકસાવવાનું કામ તિયાન ફૂન્યુ એરિયા સાયન્સ સોસાયટીના વડા વુ વુ ચેન ફેંગના નેતૃત્વ હેઠળ ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે અમને પૂરેપૂરી ખાતરી છે કે આ પ્રયોગ સફળ રહેશે. આ અગાઉ વિશ્વના કોઈપણ દેશના વૈજ્ઞાનિકોએ આ કામ કર્યું નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર દરિયાઈ તોફાનો અને મોટાં વાવાઝોડાંના કારણે વીજળી પુરવઠો ખોરવાઈ જાય છે અને અંધારપટ છવાઈ જાય છે. પણ કૃત્રિમ ચંદ્રોને કારણે આવું કદાપિ નહીં થાય. આ અગાઉ ૧૯૯૦માં રશિયાના વૈજ્ઞાનિકોએ એક મોટા દર્પણની મદદથી સૂર્યપ્રકાશને પૃથ્વી પર લાવવાનો પ્રયાસ કર્યો હતો.

ચેંગડુ નગરમાં ૧૦ ઑક્ટોબરે આયોજિત ઈનોવેશન ઍન્ડ આંત્ર પ્રિન્યોર શિષ કોન્ફરન્સમાં કૃત્રિમ ચંદ્રો આકાશમાં લોંચ કરવાની યોજનાની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજનામાં હાર્બિન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી, ચાઈના એરોસ્પૅસ સાયન્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ જેવી સંસ્થાઓ પણ સામેલ છે.

ચીનનો સ્પૅસ કાર્યક્રમ અમેરિકા અને રશિયાના સ્પૅસ કાર્યક્રમ સાથે સ્પર્ધામાં છે. વીજળીના થાંભલા જો દૂર કરવામાં આવે તો ૧.૨ બિલિયન યુઆન (આશરે ૧૭ કરોડ કોલર)ની બચત થાય તેમ છે.

**દિનેશ શુક્લ**

● રાધેશ્યામ શર્મા

# બે રચના

## કોલાહલ

નું
હળ
ફળી
વળ્યું
મગજના
ખેતરમાં
જ્યાં
લીમડા
પરથી
તેતર
ઊડી
ગયાં
કો'ક
અજાણ્યાની
નેતર
સોટી
ખાઈને
પડ્યાં
ઊંડી
ખાઈમાં
જય
જગત
ગાઈને

## કલ્યાણ

નો
કિલ્લો
પતંગની
પેઠે
ગગનમાં
ઊડતો
ગયો
ઝૂડતો
રહ્યો
આતંકીઓને
જે બધા
નૌટંકી
કરતા
હતા
ટાંકીને
વાંકી
કરી
કેડ
પર
પ્રહાર
કરતા
હતા

● પ્રવીણ દરજી

## શું કરું ?

કયું શીર્ષક આપું
આ કાવ્યને ?
હું
મુખરેખાઓને તંગ કરીને
કશોક પ્રશ્ન કરું છું તો –
મારી સામે
આંકડાઓની
ધરી દેવામાં આવે છે સમૃદ્ધ તિલસ્મી દુનિયા
હું
થોડોક ચકિત થઈને
ઘેરી ચિંતા પ્રકટ કરું છું તો –
મારી સામે
ટી.વી.માં રૂપાળાં દશ્યો ધરી દેવામાં આવે છે
હું
અલ્પવિરામ ચિહ્નની જેમ
અટકી જાઉં છું તો –
મારી સામે
વાગ્મિતાભર્યાં ભાષણો પીરસી દેવાય છે
'પણ...' બોલીને
કશીક શંકા પ્રકટ કરવા જાઉં છું તો –
મારા અસ્તિત્વને જ શંકાશીલ બનાવી દેવાય છે
હું
સ્વપ્નોથી રાજી થઈ શકતો નથી
કે
સીતાની જેમ
ધરામાં સમાઈ જઈ શકતો નથી !
શું કરું ?
કયું શીર્ષક આપું
આ કાવ્યને ?

● રામચંદ્ર પટેલ

## દીપફૂદાં

(વસંત-મૃદંગ)

મા-બાપના મરણ બાદ થઈ પરાયાં
બે બાલુડાં વિવશ ભાઈબહેન ઊછર્યાં
મોસાળમાં – નહિ પડ્યાં કદી યે વિખૂટાં,
કૂદ્યાં-રમ્યાં ભણીગણી થયાં સાવ મોટાં.
ભાઈ બન્યો કહીંક નોકર રેલ-વેનો –
જાતાં બહેન રહી એકલી ઓશિયાળી.

બારી કને ટિકિટની થતી આપ-લે જ્યાં
પાડી અવાક ચીસ મૂર્છિત બોલ સાંભળ્યા...
ત્યાં ટ્રંક કોલ રણક્યો... લઈ જીપ ઊપડ્યા...
બે લંબ કાષ્ઠ તળ, ડબો ઉપરે ઝળૂંબતા,
કાઢી બહાર ભગિની, જળ છાંટ્યું, જાગી
ભેટ પડી, તરત એ, ભલી યાદ ભાઈની –

જન્માંશ ભ્રાતૃભગિની દ્વય દીપફૂદાં;
આયુષ્યકાળ સુધી; ના નસરક્ત જુદાં.

● રામચંદ્ર પટેલ

## નશાખોર

(વસંત-મૃદંગ)

ચાલ્યો જવા કહીંક પંથ મળ્યો અજાણ્યો –
થોડોક આગળ જતાં મળી કાળરાત્રિ
ગાઢું બિહામણું તમિસ્ર જવા ન દેતું
આઘે : રૂંધામણ સહી લઈ ચાલુ... થાકું
થંભું, ખમું લથડિયાં, સૂનકાર રોકે.

ત્યાં મા ઉમા પ્રકટી તૂર્ત દઈ તમાચો
ટોક્યો, મુખેથી રગડો છલક્યો શરાબનો
પીવા ધર્યું દૂધ, પછી થઈ સ્વસ્થ, ચાલ્યો...
વચ્ચે મળી ભગવતી જગશક્તિ અંબિકા.
ગાંજો, અફીણરસ, કોકિન ડ્રગ્સ, ગૂટકા
કાઢ્યા ઉરેથી વનકેસરીએ પછાડ્યો,
ને શીર્ષ છેદન કરી, તપી કાલિમાતા.

માથા વિના ભટકવું નિત ચંડમૂંડ,
કેફી ધરે પગ, ધરા થતી નર્કકુંડે.

● પ્રવીણ દરજી

## જૂઠાડાઓ !

બસ, બહુ થયું
સુફિયાણી સલાહ બંધ કરો
મા-માશીનો ભેદ
ક્યાં સુધી શિખવાડ્યા કરશો ?
ન્યાયાધીશના ડગલા નીચે
તમે જ મોટા ગુનેગાર છો.

સરસ્વતી, સરસ્વતી કરીને
કાંતી નાખી છે એની કાયાને
હવે તો તમે
અર્થાધિપતિ છો,
પદાધિપતિ છો
અને
પારિતોષિકાધિપતિ પણ છો
બાકી શું છે હવે ?

માતૃભાષાને નામે
નથી તમે ભૂંગળ વગાડી શકતા
નથી ડુંગર ચઢી શકતા
પ્રાસ ન લેખો તો કહું –
અરે, તમે ઉંદર પણ નથી બની શકતા !

ચાડા-ચોકઠામાંથી નીકળતા શબ્દો,
ઘસાયેલી કલમમાંથી બલાત્ નીકળતા શબ્દો
નર્યા વાંઝિયા છે વાંઝિયા

'હજી ફાઈલ મારા સુધી આવી નથી'
'મારા સુધી એ વાત પહોંચી જ નથી'
'હું તપાસ કરાવી લઉં છું'
'હજી મને કોઈ લેખિત ફરિયાદ મળી નથી'
'સાચી હકીકત હું જાણી લઉં'
'શું થઈ શકે તેનો વિચાર કરી લઈએ'
'તાત્કાલિક તપાસસમિતિ નીમવી રહી'
'લોકતાંત્રિક પ્રક્રિયાનો આદર કરવો જોઈએ'
'જો આ સાચું હોય તો ઘણું ખરાબ કહેવાય'
'અરે, આ તો વધારે પડતું કહેવાય !'
'અરે આ ઇનામ તમોને ઘણું મોડું મળ્યું'
'તમારું નામ મેં એક જગાએ મૂક્યું છે
તમે ના ન પાડતા'
'તમારાં લખાણો હું વાંચું છું, મને ગમે છે'
'અદ્ભુત લખો છો. તમે અભિનંદનને પાત્ર
છો'

આ અને આવી-તેવી ભાષા
કહો, ક્યાંથી લઈ આવ્યા ?
ઓ પોકળદાસ !
માતૃભાષાને
તમે તમારા ખીલે નહીં બાંધી શકો.
માતૃભાષા તો સડકો પર
ઊબડખાબડ રસ્તા પર
ઝૂંપડાંઓમાં
ધૂળી નિશાળોમાં
પાદરે એકઠા થયેલા મજૂરોના ટોળામાં
બજારોમાં,
હાઈવેના ઢાબાઓમાં
ટ્રેન-બસોમાં
મેળાઓમાં
સંઘો અને યાત્રાઓમાં
હૉસ્પિટલો અને સ્મશાનોમાં
આવન-જાવન કરે છે.

ટેસબંધ એ જીવે છે
ખાય છે, પીએ છે ને મજા મજા કરે છે
જૂઠાડાઓ !
ચાવળાઈ છોડો
બસ, બહુ થયું હવે...

# શાકબજાર

## રમેશ કોઠારી

બાળપણમાં જે વિસ્તાર ખૂબ ખૂંદ્યો હોય, ધીમેધીમે તેણે આપણા હૃદયમાં સ્થાન જમાવી લીધું હોય તેની સાથે સંકળાયેલી સ્મૃતિઓ, ક્યારેક નિરાંતની પળોમાં સજીવ થઈ ઊઠે છે, ઉત્તરવયમાં કશુંક ગુમાવી બેઠાની લાગણી તીવ્ર બનીને પજવે છે. તે ગંજબજાર, શાકબજાર, કરિયાણાબજાર કે પછી હમણાં જેનાં સ્મરણો સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકર અને લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને ભાવપૂર્વક વાગોળ્યા તે ઇંદોર જેવા શહેરનું સોના-ચાંદીનું બજાર પણ હોઈ શકે.

શક્ય છે, કોઈ મધ્યમ કક્ષાના નગરનાં જોવાલાયક સ્થળોમાં ત્યાંના શાકબજારનો સમાવેશ ન થાય. અને એ સહજ છે. પણ રહેવાસીઓ જોવાલાયક સ્થળની ક્વચિત્ મુલાકાત લેતા હોય પણ શાકબજારની લગભગ નિયમિત મુલાકાત લીધા વિના એમને ક્યાં ચાલે છે ? એક પ્રકારનો ઘરોબો બંધાઈ જાય છે.

આ લખવા બેઠો છું ત્યારે યાદ આવી જાય છે, મારા વતન ડીસાનું તે સમયનું શાકબજાર – જે પોતાના ઉદરમાં શાકભાજીની દુકાનો ઉપરાંત મીઠાઈની, ફૂલોની, સૌંદર્ય પ્રસાધનોની, તૈયાર વસ્ત્રોની દુકાનો પણ સમાવીને બેઠું હતું. અહીં ખરીદી માટે આવતી ગૃહિણીઓ એમ ઝટ થોડી જ ખરીદી પતાવી દે ? યોગ્ય ભાવે, સારી ગુણવત્તાવાળું શાક ખરીદ્યાનો સંતોષ તો મળવો જોઈએ ને ? વધારામાં મફતના કોથમીર, મરચાં, લીમડો – ભલેને થોડા પ્રમાણમાં ય મળે તે માટે આગ્રહ રખાય. શાકભાજીવાળો બહોળા અનુભવને કારણે આ માનસિકતા પારખી ગયો હોય છે તેથી બને ત્યાં સુધી મિજાજ ગુમાવતો નથી અને ક્યારેક હસતાં હસતાં કહી દે છે, 'બહેન, લીમડો તો લહેર કરવા ગયો, ફુદીનો ફરવા ગયો. તમને ક્યાંથી લાવીને આપું !'

કોઈને કોઈની સાથે ટકરાયા વિના તમે અહીં ચાલી શકો તો નસીબદાર. અરાજકતા, અવ્યવસ્થા, અંધાધૂંધી વિનાના શાકબજારની તમે કલ્પના જ ન કરી શકો. ક્યાંક હરાજી થતી હોય તો ટોપલા ઊંચકીને મજૂરો દોડાદોડ કરતા હોય. ખરબચડા રસ્તાને કારણે કોઈ ગબડી પડ્યું હોય. કોઈની પાનની પિચકારીથી વસ્ત્રો બગડવાથી બોલાચાલી થતી હોય તો કોઈ બાળક અમુક વસ્તુ અપાવવા હઠ કરી રડારોળ કરતું હોય.

પ્રત્યેક શાકભાજીવાળો સર્જકને એક પાત્રની ગરજ સારે છે. તે ઉછાંછળો હોય કે સહનશીલ, કંજૂસ કે ઉદાર ગ્રાહક સાથે શિષ્ટ ભાષામાં વાત કરનાર હોય કે તેનું અપમાન કરી કાઢી મૂકનાર.

સામાન્ય દિવસોમાંય શાકબજાર ઓછી મુશ્કેલીનો અનુભવ નથી કરાવતું. પણ ચોમાસામાં વિશેષ. ઠેરઠેર પાણીનાં ખાબોચિયા ભરાયાં હોય, કાદવકીચડને કારણે સાચવીને ચાલવું પડે અને ગાય-કૂતરો પણ નીચે પડેલાં, સડેલાં શાકભાજી ખાવા હાજર.

દબાણ હટાવવાની ઝુંબેશ ત્યારે વેગવાન નહોતી જેમના નસીબમાં પાકી દુકાનો નહોતી એ બિચારા મુખ્ય રસ્તાની વચ્ચે જ – કાં તો લારી લઈને ઊભા રહેતા કે પછી નીચે જ બેસીને શાકભાજી વેચતા. તડકામાં શાકભાજી પર વારંવાર પાણી છાંટીને તેને લીલુંછમ દેખાડવા પ્રયત્ન કરતા હતા.

આ વ્યવસાય મોટા ભાગે મહિલાઓને હસ્તક હતો. જેમને પુરુષ ગ્રાહકોના અમુક પ્રકારના વ્યવહારનો કેવો, કઈ ભાષામાં પ્રતિભાવ આપવો તેની સૂઝ હતી દ્વિઅર્થી વિધાન કરનારને શું અભિપ્રેત છે તેનો અણસાર આવી જતાં, તે જ ભાષામાં પ્રત્યુત્તર પાઠવતી હતી.

બધાં જ ગ્રાહકો કચકચ કરનારાં નથી હોતાં. કેટલાંક ગ્રાહકો સાવ બિનવ્યવહારુ હોય છે, જેમના કારણે મનોરંજન મળી રહે છે. એ બિચારાઓ કોથમીર, મેથી, ફુદીનો, પાલક વગેરેને અલગ તારવી શકતા નથી. શાકભાજી લઈ, ક્યારેક બાકી નીકળતા પૈસાય લેવા રોકાયા સિવાય ચાલતી પકડે છે. કોથમીર ખરીદવી હોય તો મેથી તરફ આંગળી ચીંધે. એમને મન 'નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ' હોય.

એક બાજુ, સાવ નાની ખરીદી માટે દુકાને, દુકાને ફરનારા, ભાવતાલમાં સમય વેડફનારા ગ્રાહકોનો વર્ગ છે,

જે માનસિક સજ્જ થઈ, પૂર્વતૈયારી સાથે શાકબજારમાં પગ મૂકે છે તો બીજી બાજુ, આપણા ભગતસાહેબ જેવા પણ છે, જેમને પૂછવામાં આવ્યું, 'સાહેબ, કેટલું શાક આપું ?' તો એમણે પ્રતિપ્રશ્ન કર્યો, 'એકલા માણસને કેટલું જોઈએ ?'

જથ્થાબંધ બજાર હવે છૂટું પડીને બગીચા વિસ્તારમાં કાર્યરત થયું છે પણ આશ્વાસન એ વાતનું છે કે પેલું ચિરપરિચિત શાકબજાર હજી તેની મહેક પ્રસરાવતું ત્યાં જ ઊભું છે.

વતનના જૂના મકાનની બિલકુલ સામે જ આવેલું હોઈ ત્યાં અવરજવર સરળ અને વિશેષ પ્રમાણમાં રહેતી. ચંદુ શાકવાળો, ચમન ફૂલવાળો, ફકીરો કેરીવાળો મણિ જાડી, મણિ દૂબળી એન્ડ અબોવ ઓલ, જેનાથી અમે ડરતા હતા તે ફુલી ડોશી – શેં ભુલાય ? સાંજે અંધકાર છવાઈ જાય ત્યારે ચોર-પોલીસ રમવાની મઝાય માણી છે.

આ એ જ શાકબજાર છે, જ્યાં શાક વેચીને સમુમાએ પોતાના દીકરાને એમ.ડી. સુધીનું શિક્ષણ અપાવ્યું. હવે તો મોટાં શહેરોમાં 'શોપિંગ મોલ'માં શાકભાજી અને ફળફળાદિ મળતાં થયાં છે. જ્યાં ભદ્રવર્ગની મહિલાઓ, હાથમાં બાસ્કેટ લઈ, હોંશભેર ખરીદી કરે છે. પણ જે મઝા અનેક ટોપલાઓમાંથી, તાજું શાક ખરીદવાની હતી, બાસ્કેટને બદલે કાપડની થેલીમાં કે ધોતિયા કે સાડીના છેડામાં મૂકીને ઘેર લઈ જવાની હતી, તે તો ગઈ.

ડીસાના એ શાકબજારના નાકે સગાલભાઈ પાનવાળાનો ગલ્લો હતો અને એક સોડાની લારી પણ હતી. આજે પણ આ બધું જ છે. વતન જવાનું થાય ત્યારે અહીંની ગંદકી, જાતજાતના થતા રહેતા ઝઘડા, નાનામોટા અકસ્માતો, 'સિવિક સેન્સ' વગરના રાહદારીઓ વગેરેને કારણે પરિવારજનો અહીં આવવાનું ટાળે છે. બાપદાદાના મકાનમાં, આટલા ઘોંઘાટ, આટલા પ્રદૂષણ, આટલા વાહનવ્યવહાર વચ્ચે તમે રહી કેવી રીતે શક્યા ? પ્રશ્ન પુછાય છે, મારો જવાબ આટલો જ, 'કદાચ એને લીધે જ જીવી શક્યો.'

હા, કદાચ એને માણેકચોકના શાકબજાર જેટલી ગરિમા પ્રાપ્ત ન પણ થઈ હોય. પણ મારે માટે મારું શાકબજાર અદકેરું લાગણીગત મૂલ્ય ધરાવે છે. કારણ કે અહીંની મીઠાઈની દુકાનમાંથી મારી બા માટે મેં લીલો હલવો અને પૌંવાનો કેવડો ખરીદ્યા છે. સિઝનમાં પહેલી વાર કેરીનું આગમન થાય ત્યારે ભાઈ સાથે જઈ ફકીરાને ત્યાંથી ખરીદી છે, કોઈ પણ શાક ગમે તેટલું મોંઘું હોય પણ અમને ભાવતું હોય તો ભાઈ લાવે જ.

વતનથી દૂર જવાથી કેટકેટલું પાછળ છૂટી જતું હોય છે ? ગંજબજાર, શાકબજાર, સદરબજાર – ભલે જોવાલાયક સ્થળો ન હોય, પણ તે સૌને કાયમ સાથે રાખવા હૃદય કદી નાનું નથી પડતું / ન પડજો.

શાકબજાર મારા ઘરની બિલકુલ સામે જ હોઈ ભૌગોલિક અને માનસિક રીતે સામીપ્ય અનુભવાતું હતું. વહેલી સવારે જાગતાં વેંત, બહાર કેટલાંય ગાડાં શાકભાજી લઈને આવેલાં જોવા મળતાં, આડેધડ ઊભાં રાખેલાં હોઈ અને બળદ બાંધેલા હોઈ, સામી બાજુએ જવા, રસ્તો કાઢવા ભારે તકલીફ અનુભવાતી. પણ એકલદોકલનું સાંભળેય કોણ ?

આજે શહેરમાં આ પ્રશ્ન રહ્યો નથી. શાકબજાર ભલે નજીક નથી તો દૂર પણ નથી. 'મોબાઇલ લાઇબ્રેરી' કે 'મોબાઇલ દવાખાના'ની જેમ 'મોબાઇલ વેજિટેબલ માર્કેટ' પણ વર્તમાન યુગની દેન ગણવી રહી. હવે 'હોમ ડિલિવરી'ને કારણે શાકબજારની અવ્યવસ્થા, શોરબકોર, ગજગ્રાહ ભૂતકાળની બાબત બની ગયાં છે. પણ આ સુવિધા પ્રાપ્ત કરવા ગુમાવવું પણ ખૂબ પડ્યું છે. ન ખરીદનાર વેચનારને ઓળખે, ન વેચનાર ખરીદનારને. પહેલાં એક ચોક્કસ દુકાનેથી જ ખરીદી થતી હોઈ થોડો બ્રેક પડે તો વેચનારને ખરીદનારની ખોટ અનુભવાતી. વાજબી કારણો સિવાય બીજી દુકાન તરફ પગ વળતા નહીં.

થડા પર બેઠેલા દુકાનદારની બેઠક નીચે રહેલા કોથળા નીચે સિલક અને હાથમાં નાની લાકડી રહેતી, જેથી રખડતા ઢોરને ટોપલાથી દૂર રાખી શકાય.

તીવ્ર સ્પર્ધાના જમાનામાંય મારા એ શાકબજારે અસલી રૂપરંગ જાળવી રાખ્યાં છે. હજીય બેમાંથી ગમે તે દિશાએથી પ્રવેશ કરી શકાય છે, વેચનાર સાથે ક્યારેક રકઝક તો ક્યારેક હસીમજાક કરી શકાય છે, પડી શકાય છે, આથડી શકાય છે, ક્યારેક ઈમાનદારી તો ક્યારેક છેતરપિંડીનો અનુભવ થાય છે. શાકબજારમાંથી બહાર નીકળીએ એટલે થેલીમાં શાકભાજી ઉપરાંત ઘણુંબધું લઈને બહાર આવીએ છીએ.

# ''એક દા' માંડુ (માંડવગઢ) મોઝાર''

**દલપત ચૌહાણ**

મન અજંપ છે ક્યારનુંય ! કોણ મને આ ભીતર ભીતર ખોતરે છે. ઝકઝોળે છે, કશુંક ખોળે છે. એકવેળાની યાદ સામટી સમદરની ભરતીની જેમ ઊભરાય છે. ખળભળે છે. હું ઊભો હતો માળવે; ઉજ્જૈનીના પાદરે. એકલો. સમયની જંતરમંતર ગાણિતિક વેધશાળા પાસે. પસાર થયેલા સમયના ચોકઠાઓને ગોઠવતો હતો. સમય રણકે છે, એક ગીત ગુંજે છે હવામાં હળવે હળવે...

> **''આ લૌટ કે આજા મેરે મીત તુઝે મેરે ગીત બુલાતે હૈ''**

ધારનગરને પેલે પારથી આવતું ગીત રાણી રૂપમતીનો પોકાર ! ચલ મન માંડવગઢે ! ધાર માંડવગઢ માર્ગમાં વચ્ચે વહી જતી નર્મદા ઉતાવળી તો છે પણ પૂર્ણ માઝામાં. મને માંડુનો માર્ગ લાગે છે લીલો હરિયાળો, લીલા સ્વપ્ન જેવો, માંડવગઢના બાજ બહાદુર અને રાણી રૂપમતીનો અમરપ્રેમ ! અને અહીં ઉજ્જૈને ! મને મૃણાલ અને માલવપતિ મુંજની પ્રેમકથા યાદ આવે છે ! કનૈયાલાલ મુનશીએ એ કથાને બહુ હેતથી ઝુલાવી છે ! માંડવગઢ અને ઉજ્જૈન વચ્ચે હું હિલ્લોળાઉં છું. માળવે તો કવિઓનાં બેસણાં.. કવિ કાલિદાસ, બાણ ભટ્ટ...! આ સૌને માળવે પોષ્યા, પાળ્યા, સન્માન્યા.

ખમ્મા મારા બાણું લાખ માળવાના ધણી. તારી કવિપ્રીતિ, કલાકાર પ્રેમ અમર તપો ! અહીં જ રચાયાં હતાં શાકુંતલ, વિક્રમોર્વશિયમ, ઋતુસંહાર, મેઘદૂત અને કાદમ્બરી... કેટકેટલાં અમર ગ્રંથો.

મને મારા મફા બારોટના મોઢે કહેવાયેલો છંદ યાદ આવે છે; આ ભૂમિ પરમારોની ખરીને ?

> **'પ્રથમી વડો પરમાર, પ્રથમી પરમારો તણી જેને ઘેર માન ધાન ને દાન, રંગ બહુ નેપાળ દે !''**

તેં જ વસાવેલું માંડવગઢ બે હજાર વર્ષ પહેલાં ભોજરાજ તું અમર થયો માંડવગઢ સ્થાપી. પછી તો રાજ બદલાતાં ગયાં. રજવાડાંય બદલાયાં. કેટલા વંશો આવ્યા, પરમાર, સુલતાન, અફઘાન, મુઘલ આવ્યા ને ગયા. ઉજ્જૈની, ધાર માંડવગઢ તારા અને તારા વંશજોએ સ્થાપ્યા. તમારા જ રહ્યા.

એક વાર રાજા ભોજ મળેલો. માળવાના કોઈ નગરે ! સરવર કિનારે. એ ઊભો દુર્ગ સમ વ્યાસપીઠ ઉપર, હું તેને નિહાળતો હતો. જમણા હાથે ટેકવેલ તલવારની અણી ધરતીને ટેકણે, ડાબે હાથ ઠસ્સાથી કમર પર ધરી નભને માપતો વિશાળ નેત્રે. એણે જ વસાવ્યું હતું ને એણે જ રાજા વિક્રમરાયના સોનાની બત્રીસ પૂતળીવાળા સિંહાસન પર બેસવા હઠ કરેલી. પૂતળીઓએ તેને પરગજુપણાની વાત કહી રાજા વિક્રમરાયની... અને એ કથાઓએ એ બેય અમરત્વ પામ્યા લોકહૃદયોમાં.

નર્મદાનો પુલ પાર કરી, ધાર-માંડવગઢ રોડ પર આગળ વધું છું. વર્ષાનાં વાદળોથી આકાશ છવાયું છે. અને આ પર્વત ટેકરીઓ વચ્ચે વિસ્તરતી જતી ખાઈ આડી ઊતરે છે. કાકરાખાઈ (ખીણ) : ઝરણાથી નહાતી લીલોતરી ને લીલાછમ્મ રંગે હરિયાળી લથબથ છે. પ્રકૃતિનું વિસ્તર્યું અદમ્ય, અદ્‌ભુત સ્વરૂપ. જાણે નગાધિરાજ હિમાલયની ગોદના ઉત્તરાખંડે મેઘધનુષ્યના રંગો ભરી ફૂલોની ઘાટી. અહીં તો લીલી લીલી મખમલી બિછાત. કાળમીંઢ પથ્થરોની છાતી પર લીલાશનું ગીત.

સામે દરવાજો છે. નામે ? શેક્સપિયરે કહ્યું છે ''નામ મેં ક્યા રખ્ખા હૈ ?'' ના, ભાઈ ના. નામમાં તો ઘણું ઘણું સમાયું છે. ચાલો આ દરવાજાને હું ઉમંગી દરવાજો કહીશ. તોય કોઈને પૂછવાની ઇચ્છા ખરી ! કોઈ જવાબ આપશે. આગે સે ચલા આતા હૈ ! ભલે. આ માંડુનો પ્રથમ દરવાજો. કોટકાંગરા વિનાનો. માંડુને કોટ

ક્યાં છે ? હતો તો ખરો જ. નગર વિશાળ હતું બાર બાર દરવાજા. ઉમંગી દરવાજો, આલમપુર દરવાજો, જહાંગીર દરવાજો, તારા દરવાજો... અને કેટલાક દરવાજા કાળની ગર્તમાં ભૂંસાઈ ગયા છે.

ઢફલીની થાપ અને પાયલની છમ્મ છમ્મ... સંભળાઈ. કલાકારવૃંદ ગાઈ રહ્યું છે. નર્મદાના વહેણશો ખળખળ લય અને ટેકરીઓમાં પડઘાતી ઢફલીની થાપ. ઊભો રહું છું તેમની સામે.

**"સુનો સુનાઉં કથા તુમ્હે ઈસ માંડવગઢ**
**ઇતિહાસકી**
**ભોજરાજકી ઈસ નગરીકી માંડવગઢ**
**ઇતિહાસ..."**

છમ્મછમ્મ... નાચતી યક્ષિકા ને ઢફ વગાડતો યક્ષ. લળી લળીને, નાચી નાચીને માંડવગઢનો ઇતિહાસ દોહરાવે છે. તેમની સામે મલકી જવાય છે. કલાપારખુ ભોજની નગરી. એના દરબારનું રત્ન કવિ બાણભટ્ટ અને એની પ્રેમિકા નિર્ગુણિયા. એ પ્રેમકથા જેવી જ કાળાન્તરે અહીં કથા રચાઈ. સમયને તો ખબર જ છે. બાજબહાદુર રાજા ને બ્રાહ્મણકન્યા રૂપમતી... રાણી રૂપમતીની...

આ સામેનું સરવર સરસર નાદે સાદ પુરાવે છે.

પ્રવેશો પરિસરમાં જામી મસ્જિદ એના અસ્તિત્વની આલબેલ પોકારે છે. વિશાળ પ્રાંગણ, ને અઠ્ઠાવન ગુંબજ ધરાવતી મસ્જિદ વિશ્વની મોટી મસ્જિદોમાં સ્થાન ધરાવે છે અસંખ્ય દ્વિસ્તંભોથી ગુંબજ રક્ષાયા છે. કતારબદ્ધ. અફઘાન શિલ્પશૈલીમાં રચાયેલ આ મસ્જિદ દમાસ્કસની જામી મસ્જિદની પ્રતિકૃતિ સમાન છે. હજારો નમાજીઓ અહીં એકસાથે નમાજ અદા કરતા.

એની ભૂજાને (કરાને) અડીને એક પાછળને વિશાળ પહોળે પગથિયે જવાય છે વિજયસ્તંભ તરફ. કહેવાય છે એ સ્તંભ સાત માળનો. હવે એક માળ બચ્યો છે. તોય એટલી તો ઊંચાઈ છે કે, માંડવગઢની ભવ્યતાને નજરમાં ભરી શકાય છે. નજર મંડાય છે હોશાંગશાના મકબરા તરફ. આખો મકબરો સફેદ દૂધિયા આરસનો, જાણે આગ્રાના જગવિખ્યાત તાજનો વચ્ચેનો ભાગ લાવી અહીં મૂકી દીધો ! કે આ મકબરાએ તાજ નિર્માણમાં કલ્પના પૂરી પાડી હોય ? મહેમુદ ખિલજીનો ભગ્ન મકબરો... પછી હોશાંગશાહે બનાવરાવેલો રઢિયાળો અસરફી મહેલ, નામ જ સોનાની અશરફી (ગીની), સાર્થક છે નામ. ભવ્ય ઓરડાઓ... નૂરજહાં – જહાંગીરનું ગમતું આવાસ. ક્યારેક કોઈક દિવાળી મનાવવા તે આગ્રાથી અહીં આવતા. મોટો જશ્ન મનાવતા. જશ્ન (તહેવાર)નું નામ કહેવાતું. જશ્ન એ જહાત... વિશ્વનો ઉત્સવ. શાહજહાં તો... માડુની પર્વતછાયી લીલોતરીનો આશિક હતો. ચોમાસે એને માંડુ ગમતું !

મહેલોની હારમાળા તવેલીમહેલ દાઈમહેલ, હાથીમહેલ, શાહીમહેલ આખું શાહિપરિસર. સૌ રચનામાં હિંદુ – તૂર્ક – અફઘાન – મુગલ શૈલીનો સ્થાપત્ય રણકાર સંભળાતો ક્યાંક જૈન પ્રભાવ પણ ખરો.

પગથિયાં ચઢું છું જહાજ મહેલના, ઊંચો ભવ્ય, બે માળને લાંબો. છત પર ઊભો છું. ગુંબજ નીચે ઝરોખે રહી દૂર નજર ફેલાવું. સામે છે ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ રચાયેલો રૂપમતી મંડપ (રાણી રૂપમતીનો મહેલ), મને કશું ગણગણવા ઇચ્છા થઈ આવે છે, સ્ફુટ થાય છે એક ગીત...

**"સુધ બિસર ગઈ આજ અપને પિયાકે**
**મિલનકી...**
**સપ્ત સૂરમ તીન તાલ**
**ગાજે બદરી વિશાલ, મત્ત મયૂર નાચે નાચે**
**સુધ બિસર..."**

અહીં ઊભા રહી બાજ બહાદુર તાન છેડતો હશે, રૂપમતી સંગે રચેલ રાગ ભૂપ-કલ્યાણની વિંધ્યની સકલ ટેકરીઓ ગાઈ ઊઠતી હશે મત્ત થઈ.

આ વાદળી ફરીથી મારા પર વરસી પડી. છમ... છમ... રિમઝિમ... મહેલની બંને તરફ બે તળાવ જલ ભરપૂર વર્ષાબિંદુઓ હજારો વિવર્ત સર્જે છે. કપુર સરોવર અને પુષ સરોવર મલકાટે હિલ્લોળાય છે. મને વિંધ્યના લોકનું લોકગીત ભૂલાવામાં નાખે છે.

**"સાવન આયો રે... સાવન આયો રે.**
**તાલ તલૈયા ભરીભરીને... સાવન આયો રે..."**

નીચેના માળે જઈ પુષ તળાવમાં જોઉં છું વરસાદની ફરફર નથી. જળ શાંત છે. છબ્બ અવાજ સાથે

એક ધૂબાકો. એણે તળાવમાં છલ્લાંગ લગાવી. થોડી વારે એક ડોકું બહાર નીકળ્યું, હાથ ઊંચો થયો, હાથમાં કશુંક હતું. મારી બાજુમાં ઊભેલા ભાઈએ કહ્યું :

"દેખો, બચ્ચેને સિક્કા નીકાલા !"

"અંદર સિક્કા કહાંસે આયા ?"

"પ્રેમ કરને વાલે રૂપમતીકે પ્રેમકે નામ સિક્કા ડાલતે હૈ." અપના પ્રેમ જતાને !

મેં એક બે યુગલોને પર્સ ફેંદતાં જોયાં. આ લોકો પૈસા ફેંકે છે પ્રેમને નામ અને પેલો છોકરો ડૂબકી લગાવે છે પેટને કાજ ! મન ખિન્ન થઈ ગયું. ડૂબકી, જળમાંથી બહાર નીકળતું માથું, ઊંચો થતો હાથ, સિક્કો ? જહાજ મહેલ જાણે બે તળાવો વચ્ચે હિલોળાય છે ડોલે છે ભ્રમણા... ભ્રમણા.

આ હિંડોળા મહેલ, ચંપાવાવ – સ્નાનઘર રાણીઓનું. વિજયનગરમ્‌નો કમલ મહેલ યાદ આવે છે. રેવાકૂંડ.... અહીં કમળ ખીલતાં ! પ્રેમના કમળ ને સંગીતપ્રેમી યુગલની ખ્યાતિ સાંભળી તાનસેન અહીં આવેલા, રેવાકૂંડ પાસે સંગીતની સંગત થઈ, સંધ્યા થઈ ભ્રમર કમળમાં બિડાઈ ગયા. તાનસેનની તાનના પ્રભાવે કમળ ખુલ્યું, ખીલ્યું. ભ્રમર ઊડી ગયો ! અહો રૂપમતીએ ગાયું

**"આજા ભ્રમર સુની ડગર સુના હૈ દર આજા"**

ભ્રમરમાં પાછો આવ્યો. કમળ બિડાયું. ને રૂપમતીની ખ્યાતિ ફતેહપુર સિક્રીના દરબારમાં પહોંચી. અકબરે આદેશ કર્યો, રૂપમતી મારા હરમમાં શોભે ? બાજબહાદુર એમ કાંઈ રૂપમતીને સોંપે, ભીડાઈ ગયો દિલ્લી સામે ! હાર્યો નાઠો – પકડાયો, બંદિવાન થયો. રૂપમતીએ વખ ઘોળ્યું !

આ તો બાજબહાદુર – રૂપમતીનાં લગ્ન એકલાં નહીં, બાજબહાદુરે હિંદુ બની હિંદુ લગ્ન કર્યાં, રૂપમતીએ મુસ્લિમ બની મુસ્લિમ લગ્ન કર્યાં, અને બંનેએ એકસાથે સંગીત સાથે સ્નેહગાંઠ બાંધી. રૂપમતી અકબરને ન મળી એટલે એણે બાજબહાદુરને છોડી મૂક્યો. એણે રૂપમતીના વિરહમાં માથું પટકી પટકી પ્રાણ ત્યાગ્યા ! અકબરે બાજબહાદુરની કબર અને રૂપમતીની સમાધિ એક ચબૂતરા પર સહરાનપુરમાં બાંધ્યાં. જ્યાં સંગીતપ્રેમ અચૂક પ્રવાસ ખેડે છે.

હું રાણી રૂપમતી મંડપ (મહેલ તરફ જાઉં છું, આ કોઈ માડું – સ્થાપત્યોના મહેલમાં ભેંસનો તબેલો કોની ભેંસો, પાડી, બળદો. ભરેલો ઘાસચારો, એક ખેડૂતના ઘરનું રાચરચિલું ? સ્ત્રી-બાળકો સમેત. ચાલો કોઈ ભોજરાજનો ખેડૂત હશે... પૂછ લિયા જાય. ખેડૂત હાજિર હે

"અરે, ભૈયા યે ભોજરાજ કી ભૈંસે હૈં

"ના હી હમાર હૈ !

"તુમ ભોજરાજ કે કૌન ?

"ચોકીદાર હૈં"

"મહલ કે તબેલા બનાય લિયા કા ?"

એ હસે છે ફિક્કું, જરા ભોળું ! પછી એકાએક કહેવા લાગ્યો. હાથ લાંબો કરી દૂર કશું દર્શાવતો !

"બાબુજી, તુમને રૂપમતી હૉટલમે ચાય પી કા ?

"હાં, ઇસી ભૈંસન કી ચાય હોય !"

મને મશ્કરી સૂઝી. એટલે એ બોલ્યો "નાહી, ઉ...મહલકે પથ્થરોંસે બની."

ઓહ ! અજબ રંગ છે સમયને ! સમય તું સાચો છે, તે અર્જૂન લૂંટાયો ત્યારે કહેલું.

"સમય, સમય બલવાન હૈ નહીં મનુષ્ય બલવાન કાબે અર્જુન લુટીયો વહી ધનુષ્ય વહી બાણ" એ જ પથ્થરની હોટલ, એ જ પથ્થરનો તબેલો. એ જ મહેલ.

રૂપમતી મંડપની અગાસીમાં ઊભો છું. થોડી વાર પહેલાં મહેલના તહખાના (ભોંયરાની રૂમો)માં હતો. કેટલા બધા ઓરડા, આછાં અંજવાસિયાં. કોઈ ગાઈડ કોઈકને કહી રહ્યો હતો. "બાબુજી નૂપૂરકી છમ છમ સૂનાઈ દેતી હૈ ! રાની તો ગીત કે સાથ બાજબહાદુર કે સામને નાચતી હૈ. આજ ભી ઉસકી રૂહ પૂકારતી હૈ ઉસે... નાચતી હૈ."

અચાનક મનેય ભ્રમણા થયેલી જાણે રૂપમતીની પાયલનો રણકાર.

દૂર સુધી નજર નાખું છું. ક્યાં છે પેલી અમર કંટક સરોવરના કપિલા ધોધ મારફતે અભિસારે નીકળેલી નર્મદા. ધુવાધાર ધોધને છલ્લાંગતી, આરસિયા ભેડાઘાટ ને ધવલ ઉજ્જ્વલ કરતી, આનંદદાયીની નર્મદા ! સામે

તે વિંધ્યની ટેકરીઓ અને દૂર સુધી ફેલાયેલો નીમાડનો સુક્કો (હમણાં લીલો) પ્રદેશ. પથ્થરિયો પ્રદેશ. કદાચ નર્મદા તો નાચતી ગાતી નદી વહેણ બદલ્યુંય હોય. કહેવાય છે, કે નર્મદાના દર્શન કર્યા પછી જ રૂપમતી અન્ન ગ્રહણ કરતી.

અહીંથી માંડુ મપાય છે. એની હયાતીનાં ચિહ્ન નામ દઈને કહી શકો. બધું જ લાગે છે દૂર જહાજ મહેલની છત્રીમાં બેઠો બાજ બહાદુર રાગ ભૂપ કલ્યાણ છેડી રહ્યો છે. કપુર તળાવના જળ વીવર્તને જાળે ગૂંથાય છે. રેવા કૂંડના કમળ ખીલી ઊઠ્યાં છે અને વીણાને ગોદમાં લઈ તાર છેડતી રૂપમતી રાગ-ભૂપકલ્યાણની સંગત કરે છે. પેલો સૂર્ય હવે અસ્તાચલે જવા વાદળીઓ સાથે સંતાકૂકડી રમે છે. તેય પેલાં કિરણો પ્રકાશ સ્તંભ રચતાં ક્યાંક ક્યાંક ફૂટી નીકળે છે. પેલું પંખી યુગ્મ ઝડપથી જાય છે દૂર... દૂર... દૂર. ઝબકી જાઉં છું. જોઉં છું... મલકી પડું. મહેલ છોડી ધીમેધીમે માંડવગઢ – ધાર રોડ પર ડગ માંડું... એકલો, મારી સાથે વિતેલો સમય ચૂપચાપ ચાલે છે.

આમેય વીત્યા સમયની વાત રઢિયાળી લાગે.

લાગણીનો સંચાર થાય અને જાણે મનને ખૂણે ખૂણે એ ફેલાય, શરીરની નસેનસમાં તેની – અમૃતની કે ઝેરની – અસર પહોંચે ત્યારે એને મનોભાવ, 'મૂડ' કહીએ છીએ. તે અનુકૂળ હોય ત્યારે જાણે પવનથી હંકારાતી હોડી ! સઢ ચડાવો એટલી જ વાર ! પરંતુ એ મનોભાવ વીફરે ત્યારે માણસને ઘોર નિરાશામાં પટકી દે છે. એવું થાય ત્યારે શું કરવું ? આખી દુનિયાથી રિસાઈને ઘરને એક ખૂણે ભરાઈ જવું ?

ના. મનોભાવનું અમુક વ્યાકરણ પણ હોય છે. એ જો શીખશો તો ગમે તે લાગણીઓની વચ્ચે તમારા જીવનની પંક્તિઓ સીધી લખાશે.

એક તો, યાદ રાખો કે અમાસ પછી પૂર્ણિમા આવશે, ઓટ પછી ભરતી ચડશે, રાત પછી પાછું પ્રભાત પ્રગટશે. કુદરતની એ ઘટમાળ છે, જીવનનો નિયમ છે.

નિરાશાના અંધકારમાં હો ત્યારે યાદ કરો કે આશાનો સૂરજ ઊગશે જ. હા; અને ઉત્સાહના તડકાથી તપ્ત હો ત્યારે યાદ રાખો કે ઉદાસીનતાની છાયા પણ પછી છવાશે... અને તમારા ભાવોનું તાંડવનૃત્ય કંઈક શાંત થશે.

**– ફાધર વાલેસ**

# સ્મૃતિઓની ગુંજ

રમણીક સોમેશ્વર

મારા ઓરડામાં બેઠો છું. બારી ખોલી તડકો ઝીલું છું. મારાં પુસ્તકોના કબાટને જોતો જોતો પુસ્તકો સાથે પુસ્તક થઈ ગોઠવાઈ જાઉં છું. મારી ટાંચણપોથીઓમાં ટપકાવેલાં કાવ્યો, અવતરણોમાં ઘડીભર ડૂબકી મારી લઉં છું. આરામખુરશીમાં બેસી અધૂરાં રહેલાં કાવ્યોને આંખ મીંચી મનોમન વાગોળી લઉં છું. (થાય છે આટલું આપણે જીવ્યા.)

આ એ જ સ્થળ છે જ્યાં હું વિખેરાઈ પણ શકું છું અને મારા વિખરાવને સમેટી પણ શકું છું. અહીં જ મને વારંવાર ડહાપણની દાઢ ઊગે છે અને પાછી ખરી પણ જાય છે. આ ખુરશીના હાથા પર હાથ ટેકવી, કાયા લંબાવીને બંધ આંખે હું ઘણીય વાર જોઈ શક્યો છું કે મારે શું કરવું જોઈએ અને શું છોડી દેવું જોઈએ. વારંવાર અંદર અંદર લોહીલુહાણ થઈને અહીં જ મેં મારી જાતને પાટાપિંડી કર્યાં છે. અહીં જ પંખીઓના ટહુકાએ મારા ઘાવ સુઝવ્યા છે, હું જ્યાં જાઉં છું ત્યાં મારા આ ઓરડાને સાથે જ લઈને ફરું છું.

*

સાંજ ઊતરી આવી છે. એક ભરપૂર સાંજ. ગણગણતી સાંજ. કોઈ આલાપ કંઠમાં આવી અચાનક વહી નીકળે. કોઈ એવું ગુંજન જેને લિપિબદ્ધ ન કરી શકાય. 'સંગીત-મિલાપ'નું એક બુક-માર્ક આ ક્ષણે મારા ટેબલ પર બેઠું બોલે છે : ''શબ્દોમાં જેને મૂકી શકાતું નથી, અને જે મૂંગું તો રહી શકતું નથી, તેને સંગીત વ્યક્ત કરે છે.'' હા, શબ્દોમાંય ન આવે અને મૂંગી પણ ન રહે એવી કોઈ સાંજ ઝલમલે છે આ ક્ષણે મારી સ્મૃતિમાં.

સ્મૃતિમાં તો ઘણું હોય છે. સુખદ અને દુઃખદ સ્મૃતિઓ. આનંદ અને વેદનાની સ્મૃતિઓ, ક્યારેક એ સ્મૃતિઓ આપણી અંદર થીજી જાય છે બરફની જેમ. (લખવું એટલે શું આ સ્મૃતિઓનું પીગળવું !) સ્મૃતિઓ અચલ પણ હોય અને ચલાયમાન પણ. ક્યારેક એ મનની સપાટી પર આવતાં જ તોફાન મચાવી મૂકે. એની તીક્ષ્ણ અણીઓ ઉઝરડા પાડે અને છતાં એના ડંખ ઝીલવા મન તલપાપડ થયા કરતું હોય.

હા, પણ તત્ક્ષણ તો કશું નથી. સાંજ હોય અને કંઠમાં આલાપ હોય ત્યારે એ વહેતો આલાપ તમને વીંટળાઈ વળે છે અને તમારી બધી જ જડોજથાને ક્યાંય દૂર હડસેલી દે છે. બહુ મોડી મોડી તમને ખબર પડે છે કે સાંજ તો ક્યારની પસાર થઈ ગઈ છે. સ્મૃતિમાં સચવાઈ ગયેલી એ પળો કદી પસાર થઈ જતી નથી. સમય ક્યાંક પોરો ખાવા થોભે છે એની એ નિશાની છે.

*

રાત પશ્ચિમના આકાશમાં અડધો ચાંદો. ખુલ્લું આકાશ. ક્યાંક શ્વેત જટા ફરફરાવતાં થોડાં વાદળ. ઓરડાની ધારે ઊભેલી અગાસીમાં પડ્યા પડ્યા આંખો આકાશના એ ચાંદામાં ઊંડે ઊતરતી જાય છે; એની સાથે પ્રવાસ કરે છે. આકાશમાં વિસ્તરે છે. ધીમેધીમે ઓરડો અગાસી અને અગાસી આકાશ બની જાય છે. – ન કોઈ પંક્તિ, નહીં આલાપ, નહીં ગણગણવું. બસ, હોવું...

મારા ઓરડાની બધી જ દીવાલો જાણે ખસેડી લેવાઈ છે. સાવ ખુલ્લો થઈ ગયો છે ઓરડો. વિસ્તરતો વિસ્તરતો એ બની જાય છે સ્મૃતિઓની અનંત ગુંજ.

# શબ્દતત્વ અને તત્ત્વદર્શનનું સાયુજ્ય : શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્ય

રાજેન્દ્ર પટેલ

શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યનું એક આગવું પાસું, તેમના સર્જનની ભાષા છે. તેમના સાહિત્યમાં શબ્દતત્ત્વ અને તત્ત્વદર્શનનું અનેરું સાયુજ્ય જોવા મળે છે. આ સર્જનમાં બંનેની એકરૂપતા સધાયેલી છે. શ્રીમદ્દનું ગદ્ય કે પદ્ય, પ્રત્યેક લખાણ જાણે એમના ચૈતસિક હસ્તાક્ષર લાગતા હોય છે. તેમનું પદ્ય જાણે કે મંત્રકવિતા લાગે છે. તેમાં ઘણાં છંદો સહજ નિરૂપમાયેલા છે, તેમનું ગદ્ય જાણે ગહન સત્યો દર્શાવતી વાણી ભાસે છે.

તેમના સાહિત્યનું પ્રયોજન સ્પષ્ટ છે. તેઓ કહે છે : "અમારું ગમે તે પ્રકારે કહેવું થાય છે તે માત્ર જાગ્રત થવા માટે જ કહેવું થાય છે" કોઈ પણ સાહિત્યનું અંતે પ્રયોજન તો જાગૃતિ આણવાનું જ હોઈ શકે છે. આ awarenessની ભૂમિકા શ્રીમદ્દના સમગ્ર સાહિત્યમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે જોવા મળે છે. આ ઉપરાંત તે માને છે કે "પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે." તેથી તેમ કહી શકાય કે શ્રીમદ્દના સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ તો પરમ તત્ત્વને પામવાનો છે.

શ્રીમદ્દના ગદ્યની સહજ બાની માણવા એક પત્રનું ગદ્ય જોવા જેવું છે. એક પત્રમાં તે લખે છે : "જોકે અમારું ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિશે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે, તેને વિશે વાણીનું ઊઠવું, સમજાવું, આ કરવું, અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે : આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે. તે જેમ દુઃખે – અત્યંત દુઃખે – થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક પ્રકારે વેદે છે, અખંડ સમાધિ વેદે છે. આ વાત લખવાનો આશય તો એમ છે કે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિશે આવો ઉપાધિ જોગ વેદવાનો જે પ્રસંગ છે, તેને કેવો ગણવો ? અને આ બધું શા અર્થે કરવામાં આવે છે ? જાણતાં છતાં તે મૂકી કેમ દેવામાં આવતો નથી ? એ બધું વિચારવા યોગ્ય છે."

તેમના પદ્યની ભાષા, લય, પ્રાસ અને છંદ પ્રયોજન બહુ પ્રવાહિત હોય છે. 'આત્મસિદ્ધિ' એમની શિરમોર કૃતિ છે. તેની ૧૧૭મી ગાથાનું વિશિષ્ટ ભાષા કર્મ જોવા જેવું છે.

**"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિસુખધામ;**
**બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ."**
**(આત્મસિદ્ધિ. ૧૧૭)**

પ્રથમ પંક્તિમાં પ્રશિષ્ટ ભાષાની શબ્દપદાવલી છે, બીજી પંક્તિ બોલચાલની ભાષામાં છે.' શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન' એ ત્રણ શબ્દો ક્રમશઃ ઉત્ક્રાંત ચિત્ત દશા દર્શાવે છે, મૂર્તતાનો સ્તર, બૌદ્ધિક સ્તર અને ચૈતસિક સ્તર એમ સ્થૂળથી સૂક્ષ્મનો ક્રમ બતાવે છે. વળી 'ચૈતન્યઘન' જેવો વિશિષ્ટ શબ્દ પછી આવતા શબ્દો 'સ્વયં જ્યોતિસુખધામ' સમગ્ર ઉત્ક્રાંત ચિત્ત દશાનું પરિણામ દર્શાવે છે. બીજી પંક્તિમાં આવતા શબ્દો 'કર વિચાર તો પામ' તે સામાન્ય વિચારને અસામાન્ય અર્થ આપે છે. 'પામ' શબ્દ પ્રથમ પંક્તિના સંદર્ભે 'પરમ પદ' પામવા ઇંગિત કરે છે.

શ્રીમદ્દની વાણી માર્મિક છતાં ક્યારેક હળવી પણ હોય છે. એક વાર વિહાર કરતાં એક વૃક્ષ પર વાંદરાને જોઈ તે કહે છે : "મહાત્મા, પરિગ્રહરહિત છો અને અપ્રતિબંધ સ્થળ ભોગવો છો પણ યાદ રાખજો કે હમણાં મોક્ષ નથી" આ વાક્યમાં એકીસાથે ત્રણ સ્તર છે. એ

વાંદરો છે, મનુષ્યનું મન પણ છે અને તે મનુષ્ય જાતિની દશા અને દિશા પણ ચીંધે છે. એકીસાથે ત્રણ સ્તરના અર્થો દર્શાવતું એક સામાન્ય વાક્ય પણ મહત્ત્વનું હોય છે. તેમનું સાહિત્ય ગહન છતાં સરળ અને તાર્કિક, આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક, દાર્શનિક અને માનવીય, નમ્ર અને વિવેકશીલ એવી વાણીથી રસાયેલું છે.

તેમનું પદ્ય પણ વિશિષ્ટ છે. તે રૂઢ અર્થમાં કવિ નથી પણ વેદ ઉપનિષદના રચયિતાઓની જેમ ''તત્ત્વેષણાના કવિ'' તરીકે લેવા પડશે. ધાર્મિક કે આધ્યાત્મિક કવિ તરીકેની ઓળખ માત્ર નહિ ચાલે, કારણ કે તેમની શૈલીમાં સામર્થ્ય હોવા છતાં, શૈલીગ્રસ્ત નથી લાગતી, તેઓ પ્રતીતિનો જ શબ્દ અભિવ્યક્ત કરે છે. તે થકી તે વિશુદ્ધ જ્ઞાનદશાનો અનુભવ કરાવે છે. તેથી તેમણે આપેલો બોધ પણ બોધાત્મક લાગતો નથી, તેમનાં કાવ્યો અને ગદ્ય બંને સર્જનાત્મક લાગે છે.

શ્રીમદ્ સાધક હોવા સાથે સર્જક પણ છે, તેમની ભાષાનું પોત અને પ્રયોજન વિશિષ્ટ છે. એટલે તેમના સાહિત્યમાં ચાર મહત્ત્વનાં પાસાં તારવી શકાય એમ છે. સાધક ચેતનાની પ્રબળ અભિવ્યક્તિ કરે છે. તેમાં સર્જનાત્મક અભિગમ હોય છે. તેઓ જાણે ભાષા-પોતના શિલ્પી લાગે છે. આથી તેમની ભાષાનું પ્રયોજન અનન્ય લાગે છે.

ગુજરાતી ભાષાની એમના પૂર્વે જે સ્થિતિ હતી તે પણ તેમના સાહિત્યને મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી હશે. બારમી સદીનું પ્રાચીન ગુજરાતી સાહિત્ય, તેરમી ચૌદમી સદીનું ભક્તિ આંદોલન કબીર, તુલસી, સૂરદાસની રચનાઓ અને મધ્યકાલીન ભક્તિ આંદોલને પણ તેમના પર પ્રભાવ રચ્યો હશે. તે સમયે પ્રવર્તમાન ભાષાશૈલીમાં મુખ્યત્વે નર્મદની સુધારવાદી જુસ્સાભરી, દલપતરામની નૈતિકતા ભરી ભાષા સાથે પંડિતયુગી તત્સમ શબ્દોની બાની હતી. શ્રીમદ્‌ના સાહિત્યમાંથી પસાર થતાં લાગે છે કે તેમના સાહિત્યે જાણે લુપ્ત થતી મધ્યકાલીન પરંપરાનું અનુસંધાન જીવતું કર્યું છે.

શ્રીમદ્‌ની વાણી નિરાલી છે, આનંદશંકર ધ્રુવે એક વક્તવ્યમાં તેમની ભાષા અંગે કહેલું કે ''ગાંધીજી પત્રકાર છે. પણ પત્રકાર તરીકે એમણે ગુજરાતી ભાષામાં સાદી, સીધી અને સચોટ છતાં તળપદી નહિ કિંતુ આત્મસંસ્કારની સાદી શોભા ધરાવતી એવી, કોઈક અવર્ણનીય શૈલી દાખલ કરી છે, જે વિદ્વાન અને અવિદ્વાન સર્વને સરખી રીતે મુગ્ધ કરી મૂકે છે. એવી ગાંધીજીની શૈલી કરતાં રાયચંદભાઈની શૈલી વધુ પ્રૌઢ, સંસ્કૃત, મિત અને સચોટ – અનુભવના અમૃતમય છે – કોઈ અપૂર્વ શૈલી છે.'' તેમનું સાહિત્ય જનસામાન્યને પણ અવગત થાય તેવું છે. લાઘવયુક્ત, વિવેકપૂર્ણ ભાષા સીધી ભાવકના મનામાં ઊતરી જાય તેવી છે.

મુમુક્ષુને લખેલા કેટલાક ટૂંકા પત્રમાં અંતે શ્રીમદ્ લખે છે : ''વધારે લખવાની રૂડી આદત નહીં હોવાથી પત્રિકા ક્ષેમકુશલ અને શુક્લ પ્રેમ ચાહી, પૂર્ણ કરું છું'' ''હર્ષિત થઈ વળતીએ ઉત્તર લખો. વાતને સાગરરૂપ થઈ રક્ષા આપો.'' ''રાખ્યું કંઈ રહેતું નથી, અને મૂક્યું કંઈ જતું નથી, એવા પરમાર્થ વિચારી કોઈ પ્રત્યે દીનતા ભજવી કે વિશેષતા દાખવવી યોગ્ય નથી. સમાગમમાં દીનપણે આવવું નહીં.''

શ્રીમદ્‌નું સાહિત્ય વિવિધ પ્રકારોમાં ઉપલબ્ધ છે. જેમાં, એમનું વ્યક્તિત્વ ભાવકને સહજ અવગત થાય છે. એમની ભાષા અને પ્રયોજન ભાવકને ઉત્ક્રાંત કરવા સમર્થ લાગે છે. એમનું સાહિત્ય સાત પ્રકારમાં વહેંચાયેલું છે. ૧. પત્રસાહિત્ય અને તેનું વિશિષ્ટ ગદ્ય. ૨. સ્વતંત્ર ગદ્ય ને પદ્ય ગ્રંથો (પદ્ય આશરે ૪૫ રચનાઓ અને ૧૪૨ ગાથાઓ અને આત્મસિદ્ધિ) ૩. બોધ વચનમાળાઓ. ૪. સ્વતંત્ર ગદ્ય લેખો ૫. ભાષાંતરો અને વિવેચન ૬. અંગત નોંધો ૭. શ્રીમદ્‌ના સંવાદોની મુમુક્ષોએ કરેલી નોંધો.

આ સાહિત્યમાં શ્રીમદ્‌ની ચૈતસિક ભૂમિકા અનુભવાય છે જે ભાવકને પણ જાણે વિશેષરૂપે જાગતો કરે છે.

પત્ર-સાહિત્યનું એમના સાહિત્યમાં આગવું સ્થાન છે. શ્રીમદ્‌ના ગદ્ય સાહિત્યનો મોટો ભાગ આ પત્ર-સાહિત્યમાં સમાવિષ્ટ છે. પંદર વર્ષના ગાળામાં આશરે ૮૫૦ પત્રો ઉપલબ્ધ છે. જે ચાલીસ જેટલી જુદીજુદી વ્યક્તિઓને સંબોધીને લખાયા છે. આ પત્રોનું ગદ્ય લાઘવયુક્ત સરળ ભાષામાં હોવાથી તાત્ત્વિક માર્ગદર્શન આપે છે અને આ પત્રોમાં અરૂઢ શૈલી, અનન્ય અભિવ્યક્તિ અને પ્રાસાદિકતા જોવા મળે છે. તેમાં ભારોભાર વાત્સલ્ય ભાવ હોવા સાથે તેમાં માર્મિક, તાર્કિક

અને વૈજ્ઞાનિક દૃષ્ટિ પણ હોવાનું અનુભવાય છે.

કેટલાક ટૂંકા પત્રો આમ છે જેમાં આ વાત પ્રતિપાદિત થાય એમ છે.

''તમારું હસ્તલિખિત શુભ પત્ર મને કાલે સાંયકાલે મલ્યું. તમારી તત્ત્વજિજ્ઞાસા માટે સંતોષ થયો.''

''સર્વ જીવને અપ્રિય છતાં જે દુઃખનો અનુભવ કરવો પડે છે, તે દુઃખ સકારણ હોવું જોઈએ, એ ભૂમિથી મુખ્ય કરીને વિચારવાની વિચરશ્રેણી ઉદય પામે છે, અને તે પરથી અનુક્રમે આત્મા, કર્મ, પરલોક, મોક્ષ આદિ ભાવોનું સ્વરૂપ સિદ્ધ થયું હોય એમ જણાય છે. વર્તમાનમાં જો પોતાનું વિદ્યમાનપણું છે, તો ભૂતકાળને વિશે પણ તેનું વિદ્યામાનપણું હોવું જોઈએ, અને ભવિષ્યમાં પણ તેમ જ હોવું જોઈએ. આ પ્રકારના વિચારોનો આશ્રય મુમુક્ષુ જીવને કર્તવ્ય છે.''

આ પત્રોના વારંવાર વાંચનથી જાણે નવી સ્ફુરણાઓ જાગે છે. જેમાં સર્જકની સાર્થકતા અને સર્જકતા બંને અનુભવાય છે. સરવાળે આ પત્રોના પરિશિલનથી ઉત્ક્રાંત આત્મિકતાની અનુભૂતિ થાય છે.

શ્રીમદ્‌ના સાહિત્યમાં થોડાક સ્વતંત્ર ગ્રંથો પણ સમાવિષ્ટ થાય છે. તેમાં મુખ્યત્વે ત્રણ સ્વતંત્ર ગદ્ય ગ્રંથો જોવા મળે છે. આ ગ્રંથોમાં ત્રણ પ્રકારના પ્રવાહો મળે છે. એ જાણે ત્રણ પ્રકારની શબ્દશક્તિનો પરિચય કરાવે છે. તેમની અમર કૃતિ પદ્યમાં 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' છે. જેની ગાથાઓમાં આત્મદર્શન, ચિંતનાત્મકતા અને સર્જનાત્મકતા અવગત થાય છે. આ અમૂલ્ય ગ્રંથ તેમના જીવન-દર્શનનો જાણે આલેખ રજૂ કરે છે. જોકે 'આત્મસિદ્ધિ પ્રગટ થવા પાછળનો શ્રેય તેમના અનન્ય ભાવક-ચાહક શ્રી સૌભાગ્યભાઈને જાય છે. શ્રીમદે તેમને એક વાર ચાર વાક્યમાં લખાણ મોકલેલું જે તેમને યાદ ના રહેતાં, તેમણે વિનંતી કરી. તે સંદર્ભે શ્રીમદે નડિયાદ મુકામે આ ગ્રંથનું દોઢ બે કલાકમાં જ પદ્યમાં સર્જન કર્યું.

દોહા છંદમાં સર્જાયેલા આ ઉચ્ચ કોટીના કાવ્યમાં શ્રીમદ્ કવિ તરીકે અને એક ગુરુ તરીકે એક શુદ્ધ ચૈતસિક અર્થબોધ કરાવે છે. તેની પંક્તિઓ જાણે મંત્ર સમી અનન્ય છે. આ અપૂર્વ કાવ્ય, શિષ્ય અને ગુરુ સંવાદના ઢાંચામાં રચાયેલું છે.

પ્રથમ ગાથા જાણે સમગ્ર મનુષ્યજાતિની સ્થિતિ અને રીતિ દર્શાવતી લાગે છે. આ કાવ્યોનો આરંભ જ જાણે એક ઋષિ કવિની ભૂમિકાએ થાય છે.

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.''**

કાવ્યની અંતિમ ૧૪૨મી ગાથા, ઉપનિષદિય ચેતના અભિવ્યક્ત કરે છે. પ્રથમ ગાથામાં જે મનુષ્ય ચેતનાની દશા વર્ણવી છે તે અંતે આધ્યાત્મિક સાધના પ્રક્રિયામાંથી પસાર થઈ તેની ઉચ્ચ દશા કેવી હોય છે તે જણાવે છે.

**''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;**
**તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.**

આ બે બિંદુની વચ્ચે કવિએ પ્રાપ્ત કરેલું સમગ્ર જ્ઞાન, 'આત્મસિદ્ધિ'ની ૪૩મી ગાથામાં મૂકે છે. જે તેમની પોતાની આધ્યાત્મિક ખોજ છે. તેમાં બે આધ્યાત્મધારાનું જાણે મિલન થાય છે. જૈન અને વેદાંત ધારાનું આ દર્શન કવિની ક્રાંત દર્શન વ્યક્ત થાય છે.

**'''આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ';**
**'છે ભોક્તા', વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ.'**

તેમનો મહત્ત્વનો ગદ્ય ગ્રંથ 'મોક્ષમાળા' છે. માત્ર સોળ વર્ષ અને પાંચ માસની નાની વયે લખાયેલા આ ગ્રંથમાં ગદ્ય-પદ્યની અદ્‌ભુત રચનાઓ છે. તેમના તત્ત્વમંથનકાળમાં ત્રણ દિવસમાં ૧૦૮ શિક્ષાપાઠયુક્ત બોધરૂપ મોક્ષમાળાની રચના કરી છે. જેમાં બોધપૂર્ણ પાઠોમાં પણ નિરાળું ગદ્ય જોવા મળે છે. માત્ર સત્તરમા વર્ષે લખાયેલા આ મહત્ત્વના ગ્રંથની તાર્કિક ભૂમિકા અને ગદ્ય આસ્વાદ્ય છે !

''અર્થ એટલે લક્ષ્મી, અર્થ એટલે તત્ત્વ અને અર્થ એટલે શબ્દનું નામ. આવા અર્થ શબ્દના ઘણા અર્થ થાય છે. પણ 'અર્થ' એટલે 'તત્ત્વ' એ વિષય પર અહીં આગળ કહેવાનું છે. જેઓ નિર્ગ્રંથ પ્રવચનમાં આવેલાં પવિત્ર વચનો મુખપાઠે કરે છે, તે તેઓના ઉત્સાહબળે સત્ફળ ઉપાર્જન કરે છે; પરંતુ જો તેનો મર્મ પામ્યા હોય તો એથી એ સુખ, આનંદ, વિવેક અને પરિણામે મહદભૂત ફળ પામે છે.''

જૈન ધર્મની પ્રવેશિકારૂપ આ ગ્રંથમાં સંવાદ અને

પ્રશ્નોત્તરીની રચના જોવા મળે છે. તેમાં ખાસ શબ્દ ગોઠવણી, કલ્પના ચાતુરી, સૂક્ષ્મ તર્કપટુતા જોવા મળે છે. પુસ્તકના મુખપૃષ્ઠ પરનું એક વાક્ય એમની સૂત્રાત્મક શૈલીનો પરિચય કરાવે છે. ''જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.'' આ ગ્રંથમાં હૃદયગમ્ય ભાષા, બોધપ્રદ કથાઓ અને કથાતત્ત્વને પોષક ગદ્ય જોવા મળે છે.

બીજો એક ગ્રંથ ભાવનાબોધ નામનો છે. તેમાં બાર ભાવનાઓ સંક્ષિપ્તમાં સમજાવી છે. આ ગ્રંથ ટૂંકો છતાં વૈરાગ્યથી સભર છે. તેમાં કથાતત્ત્વ, ભાવવાહિ ભાષા, રસપ્રદ દૃષ્ટાંતોથી ભરપૂર છે. ઉપરાંત તેમાં ભાવનાની વ્યાખ્યા, તેનો વિસ્તાર, મુક્ત રીતે પદ્યની રચના અને વિશેષાર્થ આપે છે.

ત્રીજો રસપ્રદ ગ્રંથ 'પ્રતિમાસિદ્ધિ' છે. શ્રીમદ્ આરંભે મૂર્તિમાં આસ્થા ધરાવતા નહોતા પરંતુ તેનું પ્રમાણ અનુભવાતાં તે મૂર્તિમાં શ્રદ્ધા ધરાવતા થાય છે અને તેથી કરી તેનો મહિમા કરતો ગ્રંથ રચે છે. તેમાં પ્રતિમાનું અવલંબન અને તેની સ્વરૂપ સિદ્ધિનું કારણ દર્શાવ્યું છે. આ પુસ્તકનો મધ્યભાગ અપ્રાપ્ય છે. શ્રીમદ્‌ની વાણી કેટલી વિવેકપૂર્વકની અને નમ્ર છે તે પણ વ્યક્ત થાય છે. તે કહે છે ''મારી પ્રતિમામાં શ્રદ્ધા છે માટે તમે સઘળા કરો એ મારે કહેવું નથી પણ વીર ભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું.''

તેમના સાહિત્યમાં કેટલીક સ્વતંત્ર પદ્યરચનાઓ મળે છે. સોળ વર્ષની નાની વયે આરંભાયેલી કાવ્યધારાના કેટકેટલાંક અપૂર્વ કાવ્યો પ્રાપ્ત થાય છે. આશરે ૪૫ જેટલી રચનાઓ મળે છે. તેમાં મુખ્યત્વે જાણીતી રચનાઓ છે.

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? / ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?'' જેમાં ૨૧ સ્તબકમાં સમગ્ર સાધના દર્શાવી છે.

**''બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,**
**તોયે અરે ! ભવચક્રનો, આંટો નહીં એકે ટાળ્યો :**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?''**

**તો વ્રજ ભાષમાં એક રચનાનો આરંભ જ એક દર્શન રજૂ કરે છે :**

**''બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત; ગુરુ મહિમા''**

**તેમની એક રચના એમની સાધનાને ફલશ્રુતિ દર્શાવતાં કહે છે :**

**''ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખ સ્વરૂપઃ ...**
**ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;**
**અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.''**

તેમના સાહિત્યમાં કેટલાક સ્વતંત્ર ગદ્ય લેખો આવેલા છે. તેમાં મુખ્યત્વે 'મુનિ સમાગમ, જૈનમાર્ગ વિવેક, મોક્ષ સિદ્ધાંત છે. ઉપરાંત દશ્ય પ્રકાશ, શીર્ષક વિનાના કેટલાક લેખો છે. આ લેખોમાં ગંભીર વિચારો છે. તેમાં કથાતત્ત્વ જોવા મળતું નથી. લગભગ બધા જ લેખો અપૂર્ણ મળ્યા છે.

શ્રીમદે સમયે સમયે ભાષાંતરો અને વિવેચન કરેલું છે. આ ભાષાંતર અને વિવેચનમાં પણ ગદ્ય પરનું તેમનું પ્રભુત્વ સ્પષ્ટપણે દેખાય છે. મૂળ લેખકે મૂકેલા ગૂઢ રહસ્ય સરળતાથી ઉદ્‌ઘાટિત કરે છે. ભાષાંતરોમાં મુખ્યત્વે જૈન સૂત્રો અને શાસ્ત્રોમાંથી કેટલીક ભવનાઓનું ભાવાનુવાદ છે. 'ધાદશાનુંપ્રેક્ષા' આ શીર્ષક નીચે બારભવનાઓનું ભાષાંતર છે. તેમાં વિચારપ્રવાહ મૂળમાં હોય તેવો છે. જીવાજીવ વિભક્તિ – શ્રી ઉત્તરાધ્યાન સૂત્રના ૩૬મા અધ્યાયના પ્રથમ બાર શ્લોકનો અનુવાદ છે. તેમણે સંપત્તિ ધર્મ – કેટલીક ગાથાઓનું ભાષાંતર કર્યું છે. તેમણે જ્ઞાનાર્ણવનો શબ્દશઃ અનુવાદ કર્યો છે. 'પંચાસ્તિકાય'નો અનુવાદ જમાં ૧૭૩ ગાથાઓનો પણ અનુવાદ કર્યો છે. દ્રવ્ય સંગ્રહની કેટલીક ગાથાઓનો અનુવાદ સંસ્કૃત, અર્ધમાગધી, હિંદી અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ જોવા મળે છે.

શ્રીમદે કરેલા વિવેચનમાં મુખ્યત્વે આ મુજબનું સાહિત્ય છે. સ્વરોદય જ્ઞાન ઉપરની ટીકા, જીવનતત્ત્વ સંબંધી વિચાર, સમયસર નાટકની ગાથાઓની સમજણ, આનંદઘન ચોવીસીનું અંશતઃ વિવેચન તથા મનનીય વિવેચન અને વિનયપૂર્ણ ભાષામાં આ વિવેચન જોવા મળે છે.

તેમણે કેટલીક અંગત નોંધો પણ ડાયરી સ્વરૂપે કરેલી છે. તેમના ગદ્ય સાહિત્યમાં નીચે મુજબની અંગત નોંધો મળે છે. 'સમ્મુચયવયચર્યા' – જેમાં જન્મથી

બાવીસ વર્ષનો જીવનવૃત્તાંત ટૂંકમાં જણાવેલો છે. રોજનીશી જેમાં અઢાર લખાણો પ્રાપ્ત થાય છે. નોંધબુક – વેદાંતની વાતો છે. તથા ત્રણ હાથા નોંધો મળે છે. આ અંગત નોંધોમાં મુખ્યત્વે તત્કાલીન વિચારણા, અંતરંગ દશા અને તત્ત્વની મૂળ વાતો જોવા મળે છે.

શ્રીમદ્‌ના સંવાદોની મુમુક્ષોએ કરેલી નોંધોમાં અપરોક્ષ રીતે તેમનું સાહિત્ય સંગૃહિત થયેલું છે. જેમાં વિહાર કરતાં, સત્સંગ કરતાં તેમની સાથે થયેલા સંવાદો અને પ્રશ્નોમાંથી મુમુક્ષોએ કરેલી પ્રમાણભૂત નોંધોના ગ્રંથો છે. ખાસ કરીને ઉપદેશ નોંધ, ઉપદેશ છાયા, વ્યાખ્યાન સાર-૧ અને વ્યાખ્યાન સાર-૨ આવેલાં છે. જેમાં મુમુક્ષોને તત્ત્વ વિચારણા માટે ઉપયોગી સામગ્રી છે. આ હાથ નોંધમાં શ્રીમદે નમસ્કાર વચનો લખ્યાં છે. જીવન વીતરાગ, આચાર્યને નમસ્કાર કર્યા પછી શ્રીમદ્ લખે છે : ''હે શ્રી સોભાગ ! તારા સતસમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો'' વાત્સલ્ય, વિનય, વિવેક, પ્રેમભક્તિથી ઊતરતું નહીં તત્ત્વદર્શન શક્ય જ નથી તે વાત ભાવકને અવગત થાય છે.

આ બધાં સર્જનમાં તેમની ભાષાકીય લાક્ષણિકતા જોવા મળે છે. જૈન દર્શનના પારિભાષિક શબ્દોનો ઉપયોગ કે સંસ્કૃત તત્સમ શબ્દોનો ઉપયોગ હોવા છતાં અર્થબોધ સુગમ રીતે થાય છે. એટલે એમના વચન જનસામાન્યના હૃદયને સ્પર્શે તેવાં છે. તેમના સાહિત્યમાં નર્મદ-દલપત યુગના સમયની ભાષામાં આગવી શૈલી ઊભી થાય છે. આજે બોલાતી ભાષાની દૃષ્ટિએ તેમના ગદ્યમાં વ્યાકરણ જુદું દેખાય છે. જેમ કે ''પુરુષાર્થ કરવું'' ''પ્રયત્ન કરવું'' વગેરે. છતાં અર્થ સહજ ભાવકને સંક્રાંત થાય છે. તેમના ગદ્યમાં વિશિષ્ટ લય જોવા મળે છે જે સામાન્યજનને સ્પર્શે છે. ''ક્ષમા એ મોક્ષનું દ્વાર છે.''

''અંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.'' તેમના સાહિત્યમાં માત્ર તળપદી નહીં, પરંતુ આત્મસંસ્કારની અવર્ણનીય ભાષા છે જે વિદ્વાન અવિદ્વાનને બંનેને મુગ્ધ કરે છે. તેમના અક્ષર કર્મમાં શ્રીમદ્‌નું જીવન અને કવન, સાધક અને સર્જક પ્રતિબિંબાયેલાં જોવા મળે છે. શબ્દથી વિચાર સુધી, વિચારથી ચૈતન્ય સુધી વિસ્તરતું એમનું ગદ્ય આપણને ધન્યતાનો અનુભવ કરાવે છે. એક જગ્યાએ એ કહે છે ''શુક્લ અંતઃકરણ વિના મારા કથનને કોણ દાદ આપશે ?'' આ શબ્દ, આ વાણી, આ અવાજ ઘુમરાયા કરે છે મનુષ્ય ચેતના અર્થે. શ્રીમદ્‌ના ગદ્યનું પોત અને પ્રયોજન, એક સાધક અને સર્જકનો શબ્દ બની આપણને નિરંતર શુકલ કરવા ચાહે છે.

શ્રીમદ્‌ના સમગ્ર સાહિત્ય સંદર્ભે તેમ કહી શકાય કે તેમાં તર્કબદ્ધ વિચારની સહજ અભિવ્યક્તિ છે. ''સર્વ જીવને અપ્રિય છતાં જે દુઃખનો અનુભવ કરવો પડે છે, તે દુઃખ સકારણ હોવું જોઈએ, એ ભૂમિથી મુખ્ય કરીને વિચારવાનની વિચારશ્રેણી ઉદય પામે છે, અને તે પરથી અનુક્રમે આત્મા, કર્મ, પરલોક, મોક્ષ આદિ ભાવોનું સ્વરૂપ સિદ્ધ થયું હોય તેમ જણાય છે.

વર્તમાનમાં જો પોતાનું વિદ્યમાનપણું છે, તો ભૂતકાળને વિશે પણ તેનું વિદ્યમાનપણું હોવું જોઈએ. આ પ્રકારના વિચારનો આશ્રય મુમુક્ષુ જીવને કર્તવ્ય છે. કોઈ પણ વસ્તુનું પૂર્વપશ્ચાત હોવાપણું ન હોય, તો મધ્યમાં તેનું હોવાપણું ન હોય એવો અનુભવ વિચારતાં થાય છે. વસ્તુની કેવળ ઉત્પત્તિ અથવા કેવળ નાશ નથી, સર્વકાળ તેનું હોવાપણું છે, રૂપાંતર પરિણામ થયા કરે છે; વસ્તુતા ફરતી નથી.''

તેમના પદ્યમાં કુશળ છંદ યોજના અને અંત્યાનુપ્રાસ હોય છે અને ગદ્યમાં પ્રાચ્છન્ન વહેતો લય જોવા મળે છે. તેઓ ગૂઢ વાતને વૈજ્ઞાનિક ઢબે વ્યક્ત કરે છે ને તત્ત્વદર્શનને તત્સમ શબ્દો અને જૈન તત્ત્વદર્શનની પારિભાષિક શબ્દો વ્યક્ત થાય છે. તેમના ગદ્યમાં પણ વિરલ સર્જનાત્મકતા છે તથા પત્ર-સાહિત્યમાં આવતાં ચિત્ત-નેત્ર-મૃગ વગેરે દૃષ્ટાંત, તેમની કલ્પનાશક્તિનો પરિચય કરાવે છે. તેમના ગદ્યમાં વ્યક્ત થતી સાધકની ભૂમિકામાં એક વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. સમગ્ર રીતે તેમની ભાષા સરળ, સચોટ અને સહજ, પ્રસન્ન હળવી છે. તેમાં વ્યક્ત થતા બોધની ભાષા પણ વ્યંજનાપૂર્ણ અને સર્જનાત્મક છે. શ્રીમદ્‌ના સાહિત્યમાં શબ્દતત્ત્વનો ઉજાસ વર્તાય છે. જે માત્ર દોઢસો વર્ષ પછી પણ જ્ઞાનનું અજવાળું પાથરે છે તેવું નથી. આવનારા સમયમાં પણ તે ઉજાસ કાયમ હશે જ તેવી પ્રતીતિ અવશ્ય થાય છે.

# અનેક કેન્દ્રોનું એક કેન્દ્ર 'મા'

**દક્ષા પટેલ**

એક મા તરીકે, એક લેખક અને વાચક તરીકે, ગુજરાતી સાહિત્યમાં મને જે 'માની વાર્તાઓ' સ્પર્શી ગઈ તે અહીં સમાવિષ્ટ કરી છે. મૂળે ૨૦૧૬માં 'મા, વંદેતવ ચરણમ્' નામનું 'મા' ઉપરના ચરિત્ર નિબંધોનું એક પુસ્તક સંપાદન કરેલું. તેમાં જાણીતા સાહિત્યકારો તથા વિવિધ ક્ષેત્રનાં જાણીતા કલાકારોનાં 'મા કેન્દ્રી ચરિત્ર નિબંધો'નું સંકલન છે. વાચકો તરફથી ખૂબ ઉમળકાભેર આવકાર મળ્યો. તેથી આ વિચારબીજને વિસ્તારવા માટે મન થયું. આપણી ભાષામાં 'મા' ઉપરનાં કાવ્યોનાં ઘણાં ચયનો થયાં છે. પરંતુ 'મા' સંદર્ભે ટૂંકી વાર્તાનું ચયન મોટા ભાગે જોવા મળતું નથી. આ કારણસર અને સર્જનાત્મક સાહિત્યના આ પ્રકારમાં ટૂંકી વાર્તાના આરંભકાળથી આજ સુધીની વાર્તાઓનું સંપાદન કરવાનું ઠીકઠીક અઘરું હોવા છતાં તે વિષય લઈને કામ કરવાનો એક રોમાંચ પણ કારણભૂત છે. આ 'મા' કેન્દ્રી વાર્તાઓ ગુજરાતી ભાષા, સાહિત્ય અને સમાજના ત્રણ પરિમાણો વચ્ચે ઊભી છે. તેનો આશરે સવા સો વર્ષનો ફલક છે. બદલાતાં સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોમાં સર્જક ચેતના કઈ રીતે આ વિષયને જુએ છે તે વાત પણ ખાસી રસપ્રદ છે. વળી બદલાતા સમય અને સંજોગોમાં ભાષાનો બદલાવ પણ નોંધવા જેવો લાગ્યો. તેથી આ સાહસ કરવાનું ઉમળકાભેર સ્વીકાર્યું.

આ સંપાદનમાં, ગુજરાતી સાહિત્યમાં આશરે બાર દાયકા દરમિયાન મા વિષયવસ્તુને લઈને લખાયેલી વિશિષ્ટ ટૂંકી વાર્તાઓ છે. જેમાં 'મા'ના વ્યક્તિત્વના વિવિધ રૂપો અને પાસાંઓ જોવા મળે છે. જેના આધારે આપણાં સમાજમાં થયેલાં સૂક્ષ્મ અને દેખીતા સામાજિક સ્થિત્યંતરોનું ચિત્ર મળી શકશે તથા સમયે સમયે લેખકોના બદલાયેલા દષ્ટિકોણની રૂપરેખા પણ સ્પષ્ટ થશે. તેવી કંઈક વાત પણ અહીં આ ચયનમાં અભિપ્રેત છે.

સુધારકયુગના દલપત-નર્મદના સમયમાં સવિશેષ નિબંધો અને ગાથાઓ મળે છે. તે પછી પંડિતયુગના સમયગાળામાં 'સ્ત્રી બોધ', 'સુંદરી બોધ', 'સાહિત્ય', 'બુદ્ધિપ્રકાશ', 'વાર્તા વારિધિ', 'જ્ઞાનસુધા' જેવાં સામયિકોએ ટૂંકી વાર્તાના વિકાસની પૃષ્ઠભૂમિ પૂરી પાડવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. અંગ્રેજોના આવવા સાથે પશ્ચિમના સાહિત્ય પ્રકારોનું ખેડાણ થવા માંડ્યું. ખાસ કરીને નવલકથા અને ટૂંકી વાર્તાના પ્રકાર ખેડાવા લાગ્યા. છેક ૧૯૦૦માં ટૂંકી વાર્તાના અવતરણ માટે જાણે નક્કર ભોંય રચાઈ. આ જ વર્ષે અંબાલાલ દેસાઈની પ્રથમ મૌલિક સાહિત્યિક ટૂંકી વાર્તા 'શાંતિદાસ' આપણને મળી. જોકે છેક ૧૮૭૦થી બોધકથા, બોધાત્મક સંસારચિત્ર, પ્રસંગો, હાસ્યરચનાઓ સાહિત્યમાં જોવા મળે છે. આ લખાણોનું ગદ્ય ટૂંકી વાર્તાના ગદ્યના સ્રોત સ્વરૂપ બની રહ્યું. ૧૯૦૮માં ધનસુખલાલ મહેતા પાસેથી 'બા' જેવી ઉત્તમ રચના મળી.

ટૂંકી વાર્તાના આશરે બાર દાયકાના આ સમયગાળામાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો કેન્દ્રવર્તી વિષય સ્વાભાવિક રીતે જ સાંસારિક સંબંધો રહ્યો. તેમાંય ખાસ કરીને પતિ-પત્નીના સંબંધો અને લગ્નેતર સંબંધોના વિષયવસ્તુ પર ઘણું સર્જન થયું. સમાજમાં પ્રતિનિધિત્વ ધરાવતાં અને મોખરાના આ સંબંધો હોવાના કારણે સહજ રીતે આ વિષયને પ્રાધાન્ય મળ્યું. ઘણા લેખકોએ ગ્રામવિસ્તારના પરિવેશને લગતી વાર્તાઓ રચી છે. ગ્રામપ્રદેશની સ્ત્રીઓના સામાજિક પ્રશ્નો, કુરિવાજો, આર્થિક ભીંસ, ધાર્મિક અંધશ્રદ્ધા, રૂઢિચુસ્ત વલણ, નાની ઉંમરે વૈધવ્ય, એકાકી વિધવા સ્ત્રી અને તેનું બાળક, યુવાન વિધવા માને રંજાડતા જમીનદારો ને માથાભારે લોકો વગેરેનું રસાળ નિરૂપણ કર્યું છે. કલાત્મક રીતે લખાયેલી

આ વાર્તાઓથી સ્ત્રી મનની ઊથલપાથલો, તેની મજબૂરી, પરિસ્થિતિજન્ય સમજૂતીઓ, દારુણ ગરીબી, કુટુંબનો તિરસ્કાર, કુટુંબ વિચ્છેદ, સ્ત્રી-આત્મહત્યા જેવી કેટકેટલી સમસ્યાઓ જાણી સમજી શકાય છે. પણ શહેરી વિસ્તારની યુવાન માતાઓ જાણે વાર્તાકારોના વિચારસૃષ્ટિમાં જવલ્લે જ દેખા દે છે.

આઝાદી પછી એટલે કે આઝાદી મળ્યાના આશરે ચાળીસેક વર્ષ પછી સમાજમાં ધીરે ધીરે પરિવર્તન આવ્યું. સ્ત્રીઓની ભૂમિકા થોડી બદલાઈ. ખાસ કરીને શહેરોમાં સ્ત્રીઓ આર્થિક ઉપાર્જનમાં સીધી રીતે જોડાતી ગઈ. સ્ત્રીશિક્ષણમાં વધારો થયો. મોટી મલ્ટીનેશનલ કંપનીઓની સૌંદર્ય પ્રસાધનની પેદાશો સમાજમાં પ્રચલિત થઈ, સ્ત્રી સૌંદર્યની વિશ્વકક્ષાએ યોજાતી સ્પર્ધાઓમાં ભારતીય સ્ત્રીઓએ ભાગ લેવા માંડ્યો. સ્ત્રીઓ પોતાના સૌંદર્ય માટે સભાન થઈ. આવા માહોલમાં લેખકોની પ્રતિક્રિયા શું છે ? તેમાંય ખાસ કરીને માને ટૂંકી વાર્તામાં કેવું સ્થાન મળ્યું છે ? તે ખ્યાલથી પણ આ 'મા'ની વાર્તાઓનું સંકલન હાથ ધર્યું.

આધુનિકોત્તર વાર્તાકારોએ પરંપરાગત વાર્તામાં આવતા હતા તેવા ઘટના-કથન-ભાવચિત્ર વગેરેને સાંપ્રત જીવન સાથે જોડી મા વાર્તાઓનું સર્જન કર્યું છે. મા વિશે વાર્તા લખવાનું કામ લાગે છે તેટલું સરળ નથી. કોઈ પણ સમાજમાં માનું સ્થાન ઊંચું જ રહેવાનું. વેદ પુરાણો અને મહાકાવ્યોના સમયથી તેનું સ્થાન મોખરાનું છે. એટલે મા વિશે, તેના સંકુલ ભાવવિશ્વ વિશે કલાત્મક રીતે વાર્તા લખવી કઠિન તો છે જ. આ બદલાતા સમયમાં આ વિષયને લઈને હિમાંશી શેલતે 'બળતરાનાં બીજ' અને ધીરેન્દ્ર મહેતાએ 'મમ્મી' એક નોખી વાર્તા રચી છે.

આ સંપાદનમાં સમાવાયેલી વાર્તાઓમાંની કેટલીક વાર્તાઓમાં અલગ અને વાર્તાકારનો આગવો દૃષ્ટિકોણ જોવા મળે છે. પહેલવહેલી વાર ઉમાશંકર જોશીએ બાના વ્યક્તિત્વને એક અદના માનવી તરીકે આલેખ્યું છે. તેના મનોજગતના ખૂણામાં પડેલું સંવેદન અંકે કર્યું છે. જે જાતીયતાને ચીંધે છે. 'મારી ચંપાનો વર' માના આ સંવેદનને ખૂબ સંયત રીતે મૂકે છે. તે આપણી વાર્તાસૃષ્ટિની એક આગવી કૃતિ છે. માનું પાત્ર લઈને રચાયેલી આ વાર્તા, આપણાં વાર્તાજગતમાં એક મોટું સ્થિત્યંતર રચે છે. આ વાર્તામાં જાણે વાર્તાકારે મનોવિજ્ઞાન ખપમાં લીધું છે.

ટૂંકી વાર્તામાં એકીભૂત અસરનો મોટો મહિમા છે. એકી બેઠકે વાંચી જવાય તેવો વાર્તા કસબ આપણાં નવા વાર્તાકારોએ અંકે કર્યો છે. આ સંપાદન તૈયાર કરતાં જોવા મળ્યું કે ઘણાં પુરુષ સર્જકો, નારીભાવ કેળવીને માના ભાવવિશ્વમાં સફળ પ્રવેશ કરી શક્યા છે. વાર્તાકળાનું એક આગવું પાસું, પરકાયા પ્રવેશ અહીં સફળતાથી કરી શક્યા છે. માની પીડા, વેદના, સંવેદનો હૃદય ભેદી રીતે રજૂ કરી શક્યા છે. તેઓ જાણે માની આગવી છબી રચીને સભર માતૃત્વનો અનુભવ કરાવે છે.

*

અહીં મંદબુદ્ધિના બાળકની મંદબુદ્ધિ મા (ચોંટી), ગાંડીની મા (લોહીની સગાઈ), હત્યારાની મા (સ્ત્રી હૃદય), ઈર્ષાખોરની મા (બે સ્ત્રીઓ અને ફાનસ), અપર મા (ખરી મા તથા નવી), ત્યજાયેલી મા (ભાળા અને વહેણ), ભિખારીની મા (એકડો), યુવાન વિધવા મા (મારી ચંપાનો વર), દત્તક લીધેલા સંતાનની મા (બીલીપત્રનું ચોથું પાન), દત્તક આપેલા સંતાનની મા (માનું હિયું), સામાજિક પરંપરાને તોડતી મા (બીજીની જનેતા તથા મહાલક્ષ્મી), અપંગ બાળકની મા (અનુબંધ), અનિચ્છાએ જન્મ આપેલ બાળકની મા (બળતરાનાં બીજ, મમ્મી) બાળક વિનાની મા 'વર્જિત સ્વર' વગેરે માના જુદાજુદા સંજોગોમાં તેની ભીતરમાં સદા રહેલી એક માની છબી જોવા-માણવા મળે છે. કોર્પોરેટ કલ્ચરમાં નોકરી કરતી સ્ત્રી બાળક સ્વેચ્છાએ ન કરવાનું નક્કી કરે છે, પણ ભીતરનું માતૃત્વ બાળક માટે તલસે છે. વાર્તામાં મા બની નથી તેવી આજની માની વેદના વ્યક્ત થાય છે. આ વાર્તાઓમાં હવે વ્યંઢળની માની વેદના ઉમેરાઈ છે, તે આજની વાર્તાસૃષ્ટિનું એક આગવું પાસું દર્શાવે છે.

આ સંપાદન સંદર્ભે કેટલીક સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે. મેં પસંદગી માટે કેટલાક મુદ્દાઓ નજર સમક્ષ રાખ્યા છે. આ સંપાદનમાં મા સંવેદના પ્રગાઢપણે વ્યક્ત થતી હોય તેવી જ વાર્તાઓ પસંદ કરી છે. માનું ભાવવિશ્વ જુદાજુદા દૃષ્ટિકોણથી દર્શાવાયું હોય તે વાર્તાઓને પણ

સ્થાન અપાયું છે. લાંબી નિરસ અને લાંબી લાગે તેવી વાર્તાને સ્થાને, એકીભૂત અસર નિપજાવે તેવી વાર્તાઓ લીધી છે. વાર્તાકારની અગ્રંથસ્થ વાર્તા હોય તો તે સમાવિષ્ટ કરી છે. આ વિષય ઉપર એક લેખકની એકથી વધુ વાર્તાઓ મળી છે ત્યારે મારી રસરુચિ મુજબ ગમી તે એક વાર્તા પસંદ કરી છે. કેટલીક બાબતો મન મક્કમ રાખી અનુસરી છું. ઘણી વાર્તામાં મા અંગે માત્ર સપાટી ઉપરનું બયાન જેવું લખાણ હોય છે. ઘણી વાર્તામાં મા જાણે ગૌણ પાત્ર બની જતી લાગે, વાર્તા વાસ્તવમાં દીકરી કે દીકરાની હોય છે. માની ચેતના, તેનું મનોજગત, તેની વેદના કે વિષાદ, તેનું માતૃત્વ ઠોસ અને પ્રત્યક્ષ રીતે, મુખ્ય પાત્ર તરીકે જોવા મળે ત્યારે જ પસંદગી ઉતારી છે.

ક્યારેક તો મા હોય પણ કેવળ સ્થૂળ રીતે તેનો સંસાર જ વર્ણવવામાં આવ્યો હોય તોપણ તે વાર્તા મને ગમી નથી. નારી કે દલિત ચેતનાની કેટલીક વાર્તાઓમાં મા પાત્રનો આધાર તે વિચારધારાને ઉજાગર કરવા લેવામાં આવ્યો હોય છે, તે સારી વાત છે પરંતુ તે વાર્તાઓએ મારું મન જીત્યું નથી એટલે તેવી સારી વાર્તાઓ અહીં ગુમાવવી પડી છે. મા ભાવ આદિથી આજ સુધી હવે પછીયે સનાતન રહેશે. પ્રકૃતિ અને પ્રાણી માત્રમાં તેની ભૂમિકા કેન્દ્રમાં રહી છે. મનુષ્ય ઉત્ક્રાંતિમાં આવી ઠોસ ભૂમિકા હોય તેને અંકે કરવા ખૂબ મનોમંથન કરવું પડે તે વાત સહજ છે. તેથી અમુક કર્તા કે કૃતિઓ અહીં જોવા ન મળે તો એમાં અવગણનાનો કોઈ આશય નથી. પરંતુ મારા મનમાં જે માની છબી છે તેની અનિવાર્યતાનો છે. છતાં તેવા વાર્તાકારોની ક્ષમા પ્રાર્થું છું. આરંભે જે વાક્ય છે તે આ સંપાદનની કરોડરજ્જુ છે. 'એક મા તરીકે, એક લેખક અને વાચક તરીકે, ગુજરાતી સાહિત્યમાં મને જે 'મા કેન્દ્રી વાર્તાઓ' સ્પર્શી ગઈ તે અહીં સમાવિષ્ટ કરી છે.'

*

સાહિત્યના આ પ્રકારનો એક ઐતિહાસિક આલેખ ઊભો થાય તેવી શક્યતા હોવાને લીધે, જે તે સમયનું બદલાતું સમાજજીવન અને જનમાનસનો ઠીક ઠીક પરિચય થાય તે પણ અભિપ્રેત હોવાના લીધે, અનુક્રમણિકામાં વાર્તાકારની પસંદગી તેમની જન્મતારીખ અનુસાર કરી છે. મોટી ઉંમરના વાર્તાકારો આ કારણે પહેલા આવે છે. હાલના યુવા વાર્તાકારો અંતમાં આવે છે.

*

આ સંકલનનો આરંભ ધનસુખલાલ મહેતાની 'બા' વાર્તાથી થાય છે. તે પણ જોગાનુજોગ આ વાર્તાને પરિણામે એક સરસ શરૂઆત થાય છે. વિધવા બાએ એકલા હાથે ત્રણ બાળકો ઉછેરેલાં. ત્રણેને પરણાવ્યાં. કહ્યાગરા કંથ બની જુદા રહ્યાં. બાની દીકરાઓ માટેની આશાઓ, સાથે રહેવાની અદમ્ય ઇચ્છાને લીધે, વહુઓ માટે તે કૂણું વલણ રાખે છે. નાની વહુની તો એ રીતસર ખુશામદ કરે છે. સાસુ માટે તેના મનના નકારાત્મક ખ્યાલો દૂર કરવા મથામણ કરે છે. માનો આ માનસિક વલોપાત, તેના મનોજગતમાં સર્જાતા આરોહઅવરોહ સાથે, જાત સાથે સંવાદ દ્વારા માનું પાત્ર જીવંત બની જાય છે. છેક વીસમી સદીના પૂર્વાર્ધમાં લખાયેલી આ વાર્તા વાંચીને લાગે છે, આપણા સમાજમાં માની સ્થિતિમાં જાણે આજે પણ ઝાઝું પરિવર્તન આવેલું લાગતું નથી.

રમણભાઈ વ. દેસાઈની 'ખરી મા' વાર્તામાં, ચાર વર્ષનું મા વગરનું એક બાળક માને તીવ્રપણે ઝંખે છે. એક યુવતી તે બાળકની અપરમાને બદલે ખરી મા બનવાના કોડ સાથે તેના પિતા જોડે લગ્ન કરે છે. ચાર વર્ષનું બાળક વારંવાર તેને નિર્દોષ પ્રશ્નો કરે છે ને તે જવાબ આપે છે. આ સંવાદ વાર્તાને ગૂંથે છે. પરંતુ તેની નાની વયને કારણે મા કે બાનું સંબોધન યુવતીને શરમજનક લાગે છે. બાળક સાથે તે મા સહજ વર્તન કરી શકતી નથી. આથી બાળક મૂંઝાય છે, સોરાય છે. એક વખતે તાવમાં પટકાયેલો તે બાળસહજ ખરી માને બોલાવાની વાત કરે છે. આખરે તે અપરમાનું ખરીમામાં રૂપાંતર થાય છે. મા-બાળકનું સાચું મિલન અસ્વાદ્ય બને છે. આજના બદલાતા યુગમાં હવે લગ્નવિચ્છેદ વધતા જાય છે ત્યારે આ માનવીય સંવેદન આજે કદાચ વધુ પ્રસ્તુત બને છે.

'સ્ત્રી હૃદય' ધૂમકેતુની જાણીતી વાર્તા છે. માની મમતા હિંસાના વાતાવરણમાં પણ અકબંધ રહે છે. એક સ્ત્રીની વેદના એ છે આગળના છોડી દીધેલા પતિનો

દીકરો, તેના બીજા પતિનું ખૂન કરે છે. ત્યારે તેની લાગણી કસોટીએ ચડે છે. જૂના અને નવા બંનમે પતિના દીકરાઓને સલામત રાખવા ઇચ્છે છે. દીકરાને સલામત રાખવા, તે ખૂની દીકરા આડે જીવતા શરીરનો કિલ્લો બાંધવા નિર્ધાર કરે છે. દીકરાના ગુનાનો એકરાર કરતાં સંવાદો અને તેમાં માની ભૂમિકા અત્યારના અસહિષ્ણુ સમાજ માટે દીવાદાંડી રૂપ બનતી લાગે છે. માના મનની આ અકળ બાજુ લેખક ખૂબીથી રજૂ કરે છે.

'બેટી વધાવો'ના સ્લોગનના આ જમાનામાં વિનોદિની નીલકંઠની વાર્તા 'બીજી જનેતા' આજેય ખૂબ સૂચક બને એમ છે. દીકરી કરતાં દીકરાને જ વધુ મહત્ત્વ આપતો રૂઢિચુસ્ત અને સંકુચિત સમાજ છે. આ વાર્તામાં બીજી દીકરીના જન્મ પછી કુટુંબની સખત નારાજગી, તિરસ્કાર, ઉપેક્ષા સામે મા ઝઝૂમે છે. આ અવહેલના, બેદરકારી એટલી હદ સુધી છે કે દીકરીનું નામ પાડવાનું ભૂલી જઈ 'બીજા' નામથી જ બોલાવે છે. બળિયાની રસી ન મૂકવાથી દીકરીની આંખો જતી રહે છે. કુટુંબના અમાનુષી વર્તનની સામે મરતી મા પોતાનાં ચક્ષુ દાન કરવાનો નિર્ધાર કરે છે. દીકરી સૃષ્ટિ પામશે તે સુખની કલ્પના કરતી મા, નિરાંતે મૃત્યુની સોડમાં સૂઈ જાય છે. મા સંવેદનાની ચરમ સીમા અને સમાજની નિર્મમતા વચ્ચેની તાણ વાર્તાને આસ્વાદ્ય બનાવે છે.

ગુજરાતી વાર્તાસૃષ્ટિનો એક નવો વળાંક 'મારી ચંપાનો વર' વાર્તામાં જોવા મળે છે. ઉમાશંકર જોશી આ વાર્તામાં મનોવિજ્ઞાનનો ખપ લે છે. બે વરસથી પણ ઓછા લગ્નજીવન પછી વિધવના બનેલી લક્ષ્મીને ચાર મહિનાની દીકરી ચંપા આત્મહત્યા કરતાં રોકે છે. લક્ષ્મી, લક્ષ્મી ન રહેતા ચંપાની બામાં પોતાને રૂપાંતરિત કરે છે. દીર્ઘકાલ સુધી માત્ર દીકરીમાં રમમાણ રહેતી લક્ષ્મીનું નવું રૂપ ચંપાના બીજવર સાથે કરાવેલા લગ્ન પછી ઊઘડે છે. નાના પ્રસંગો અને સાદા સંવાદો દ્વારા લક્ષ્મીના જમાઈ પ્રત્યેના ભાવથી વાર્તા એક જુદા સ્તરે આવે છે. બીમારીના લીધે જમાઈનું મૃત્યુ થતાં, એક વાક્યમાં 'લક્ષ્મી બીજી વાર રાંડી' આખી વાર્તાને નવું પરિમાણ આપે છે. જીવનના તે વર્ષો બાએ ચંપા વરની વાતોથી ભર્યા હતા.

વિશ્વકથાસાહિત્યમાં જેમનું નામ સહજ મૂકી શકાય તે વાર્તાકાર પન્નાલાલ પટેલની 'મા' વાર્તા, આ 'મા કેન્દ્રી વાર્તા' સંચયની એક ઉત્તમ વાર્તા છે. અહીં ત્રણ માની વાત છે. ઘરધણી જાલમની વહુ, દીકરાની યુવાન વહુ અને વિવાયેલી ભેંસ. આઠ જણનું આખું કુટુંબ નભે છે આ ભેંસના દૂધ પર. વિવાયેલી ભેંસ પાડી આપે તો દિવસો કંઈક સારા નીકળે ને પાડો જણે તો, એ ક્યાં ઝાઝુ જીવે છે ? પાડો મરતાં ભેંસ દૂધ આપતી નહિ. 'તો દોવરાવા વાય છે કે રોવરાવવા ?' અને ભેંસ શું જણે છે તેના પર આધાર છે એમના આવતા વરસનો. ઘરધણિયાણી માને છે '...આભની ને ગભની તો કોને ખબર પડે છે, પણ કાંઈ વાયા વગર રે'શે ?' પણ તે રાતે ભેંસ પાડાને જનમ આપે છે. અંધારામાં તે તેના પાડુરાને જુએ તે પહેલા બા ટોપલીમાં મૂકી પાસે આવેલી કૂંડીમાં નાખી તેને પૂરું કરવાનું સૂચન કરે છે પણ નવી વહુ અચકાય છે. જાલમની વહુ ઝડપથી તે કામ પૂરું કરવા જતાં કહેતી જાય છે 'હમણાં તો તને દયાની પૂંછળીને કાંઈ નથી કે'તી, પણ ભગવાન જો દાયકો જીવાડે તો તો ભાળું છું કે કેટલે તોલે મણ થાય છે, કેમ કરીને પેટના લોચા ઉછેરાય છે, રાજના વેરા ભરાય છે ને વાણિયાના વે'વાર... માસ્ટર સ્ટોરી ટેલર પન્નાલાલની એક પરફેક્ટ વાર્તા અને તેમાં પ્રાણી સંવેદના, એક માની વિવશતા અને કઠોર વાસ્તવિકતાનો સામનો કરતી મક્કમ નારીનું પાત્ર અવિસ્મરણીય બને છે.

'માતાનું ગૌરવ' વાર્તામાં લાભુબહેન મહેતા માના એક જુદા સ્વરૂપને ચીંધે છે. આ વાર્તામાં એક વિધવા મા પોતાના સ્ખલનના અપરાધભાવને વંઢેરીને જીવવા નથી માંગતી. સતત સાવધ રહેતી અને માથાભેર પુરુષોથી પોતાને બચાવતી રહેતી માને, સ્વર્ગસ્થ પતિનો કુટુંબી ભાઈ ફોસલાવી પોતાનું ધાર્યું કરે છે. પોતાની આ ભૂલ માટે તેને ચિંતા થાય છે, દીકરી મોટી થઈને શું કહેશે ? તેને કેવા સંસ્કાર પડશે ? તેવા વિચારોની ઊથલપાથલ તેને આત્મહત્યા કરવા પ્રેરે છે. વાર્તામાં મા-દીકરીના સંવાદો અને વાર્તાનો સહજ ઉઘાડ અને અપરાધબોજમાં જીવતી માની મનોવ્યથા માનું પાત્ર જીવંત બનાવે છે.

ઈશ્વર પેટલીકરની 'લોહીની સગાઈ' આપણી

ઉત્તમ વાર્તાઓમાંની એક છે. જન્મથી જ ગાંડી અને મૂંગી દીકરી મંગુની સેવા કરનારી બાનું દુઃખ પોતાના બીજાં સંતાનોય સમજી શકતા નથી. બધા મંગુ મરી જાય તેવું ઇચ્છતા હોય છે. દીકરી સાથેની લોહીની સગાઈ તેને કપરી સેવાઓ પણ મન દઈને કરાવે છે. આ અનુબંધ તેની અંદરની એક માને જેમ મુશ્કેલીઓ વધે તેમ વધુ મજબૂત બનાવે છે. મંગુમય રહેતી બા, મંગુને દવાખાનામાં મૂકી આવ્યા પછી આખી રાત વલોપાત કરતી તેની ઝંખના કર્યા જ કરે છે. મા પણ ગાંડી થઈ જતાં તે પણ દીકરીની નાતમાં વટલાઈ જાય છે. આ ઘટના વાર્તામાં શિરમોર સંવેદના રચે છે. બાની દીકરીમાં થયેલી એકરૂપતા એટલી હદ સુધીની છે જાણે દીકરી હજી બાની નાડ સાથે બંધાયેલી હોય તેવો અનુભવ કરાવે છે. આ સંવેદના દીકરી અને બા વચ્ચેની જ ન રહેતા માનવીય અનુકંપા જગવે છે. વાર્તામાં માનું ભાવવિશ્વ મનુષ્યની લાગણીઓનું વૈશ્વિક રૂપાંતર કરે છે.

'માનું હિયું' આપણા કથાસાહિત્યના એક મહત્ત્વનાં સર્જક ધીરુબહેન પટેલની વાર્તા છે. ભાવનગરી લોકબોલીમાં રચાયેલી આ વાર્તામાં માના અંતરમાં રહેલી લાગણીઓની વાત છે. માનો દીકરા માટેનો તલસાટ સતત ઉત્સુકતા વધારે છે. દીકરીની માએ પોતાના દીકરાનો વંશવેલો વધારવા, દીકરીના ત્રીજા નંબરના દીકરાને દત્તક લઈ લીધો છે. પણ દીકરીના મનમાંથી દીકરો જરા પણ ખસતો નથી. તેની જ ઝંખના, તેને મળવાની લાડ કરવાની તીવ્ર ઇચ્છા, તેની અધીરાઈ, તેનું સતત હિજરાવું, માના મનોભાવ બધું આબેહૂબ વર્ણવાયું છે. વાર્તાનું મા પાત્ર (દીકરીનું) દરેક માના હૃદયનું જાણે પ્રતિનિધિત્વ કરતું લાગે છે. એક મા સંવેદના સઘન રીતે અભિવ્યક્ત થાય છે.

અપંગ બાળકની માની વ્યથા વર્ણવતી વાર્તા 'અનુબંધ' ડાયસ્પરો વાર્તાકાર શાંતશીલા ગજ્જરની છે.

પરદેશ જવાની લાલચમાં માતાપિતાની ઇચ્છા મુજબ લગ્ન કરી પરદેશ ભણવા ગયેલા યુવકની વાત છે. થોડા સમય પછી પત્ની પરદેશ જાય છે. યુવકને પત્ની ગમતી નથી. ઉપેક્ષા કરે છે. પત્ની સગર્ભા બને છે. પ્રેગ્નન્સી સિકનેસને કારણે રાતે સૂતી નથી. પતિને લાગે છે તેને પણ સૂવા દેતી નથી. ડૉક્ટરે લખી આપેલી સેડેટીવ્ઝ ગોળી રોજ પત્નીને આપે છે. પરિણામે પૂરા મહિને એક હાથે ઠૂંઠો દીકરો જન્મે છે. પતિ તેને છોડીને ચાલ્યો જાય છે અજાણ્યા દેશમાં, અજાણ્યા લોકો વચ્ચે પોતાના ઠૂંઠા દીકરાને ઉછેરતી તિરસ્કૃત માની વેદના વર્ણવી છે.

ઈવા ડેવની વાર્તા ચોન્ટી એક જુદા સ્તરની માના મનોભાવ વ્યક્ત કરતી વાર્તા છે. ઓછી સમજણવાળી બા અને મંદબુદ્ધિના બાળકની આ વાર્તા છે. વાત આ બાળકના મુખે થઈ છે પણ તેના સમગ્ર વિશ્વનું કેન્દ્ર મા છે. તે દ્વારા માનું મનોજગત અહીં આકાર પામે છે. મંદબુદ્ધિના બાળકની માનસિકતાનો અભ્યાસ અને અનુભવ ખપમાં લઈ વાર્તાકારે તેની ભાષામાં બાની વાતો હૃદયસ્પર્શી બનાવી છે. વાર્તાના અંતે બાને ચોન્ટી કહેતાં બાળકો સાથે તે જોડાઈ જાય છે. 'એ અલ્યા ચોન્ટી' બાળ નિર્દોષતા ઓછી સમજવાળી મામાં એકરૂપ પામે છે. આ બાળક માટે બા જ સર્વેસર્વા હોય છે, બા જ તેનું પહેલું અને છેલ્લું સત્ય હોય છે. બા જ તેનું મનોજગત હોય છે. અને કદાચ મા માટે પણ આવું બાળક તેનું જગત હોય છે. એક જુદી માનસિક ભૂમિ પરની આ વાર્તા નોખી પડે છે.

'જ્યોતિષી' વાર્તામાં લેખક જયંતીલાલ મહેતા એક એવી માની વેદના આલેખે છે જે એટલી તો દારુણ છે કે પોતાના પતિને જાકારો આપે છે. એક સ્ત્રીની અંદર રહેલું આ ભાવવિશ્વ પતિને ઘરમાં પ્રવેશબંધી દર્શાવતી માનો આક્રોશ વ્યક્ત કરે છે. ચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં પતિ રાજજોષી છે. તેમનું ભાખેલું કદી ખોટું પડતું નહિ. શંકર આ દંપતીને મોટી ઉંમરે થયેલું એક માત્ર સંતાન છે. જે અકસ્માતે મૃત્યુ પામે છે. જ્યોતિષી પતિ પ્રત્યે અભાવ થઈ જાય છે, મોટા રાજજોષી હોવા છતાં પુત્રને બચાવી શક્યા નથી. પતિની આજીજી કાને ન ધરી ગંગામા ઘરનું બારણું ખોલતાં નથી. એક એવી માનો ચિતાર રજૂ થાય છે જે પોતાના સંતાનને ગુમાવવાનું સાંખી શકતી નથી.

સામાજિક પરંપરા, જડ માન્યતા, રૂઢિચુસ્ત લોકમાનસનું ખંડન કરતી વાર્તા 'મહાલક્ષ્મી'માં તારિણી દેસાઈ, એક વિધવા માના હૈયાના ઉમળકાને વાચા આપે

છે. સામાજિક કુરિવાજોને તાબે થયા વગર, નવો ચીલો પાડતી વિદ્રોહી માનો અહીં ચિતાર છે. અહીં બા, વિધવાને અપશુકન નથી માનતી, વિધવા સાસુ, વિધવા વહુને તેના નવા પરણેલા દીકરાની વહુને પોંખવાનું સોંપે છે. બા, વિધવા વહુને ઘરની લક્ષ્મીમાંથી મહાલક્ષ્મી બનાવવાનું મહાકાર્ય કરે છે. વાર્તાની ભાષા, બાનો સ્વભાવ, સઘળો ઘટનાક્રમ માના પાત્રને ઉજાગર કરે છે.

ગિરીશ ભટ્ટની વાર્તા 'મા', માનો એક નવો સંદર્ભ લઈ આવે છે. કદાચ મા વાર્તાઓના આ ચયનમાં માનું એક નવું રૂપ અહીં નિરૂપાયું છે. નાન્યતર જાતિનું જન્મેલું બાળક જનેતાની જાણ બહાર બારોબાર બહુચરમાના મંદિરમાં ત્યજી દેવાયું છે. એમ કહીને કે તેણે જન્મ આપેલું બાળક મૃત્યુ પામ્યું છે. તેને ત્રણ વર્ષ પછી દીકરી જન્મે છે. તેને દીકરાના વર્તનમાં દીકરાનો ભાસ થયા કરે છે. દીકરીની હયાતીમાં સતત દીકરાની હયાતી અનુભવે છે. તે જીવતો હોત તો એની કલ્પનામાં રમમાણ રહેતી મા, દીકરાને જરાય ભૂલી નથી. તેને મરેલા દીકરાની અપાર ઝંખના છે. અચાનક પતિના મૃત્યુ બાદ, તેનો દીકરો મર્યો નથી પરંતુ વ્યંઢળ હોવાથી ત્યજાયેલો છે તે વાતની જાણ થાય છે. માને પહેલેથી જ વ્યંઢળો પ્રત્યે સૂગ ને તિરસ્કાર હોય છે, પરંતુ આ વાત જાણતાં તે વ્યંઢળોના નિવાસસ્થાને જઈ પોતાના દીકરાને ઓળખવા બહાવરી આંખે મથે છે. મુખ્ય વ્યંઢળ શબનમ મૌસી તેની આંખમાં દીકરા માટેનો તલસાટ, મમત્વ, ધખારો, અનુભવે છે. તે પોતાની માનો આભાસ તેનામાં જુએ છે. આવા વિષયવસ્તુ લઈને રચાયેલી છે, તેથી અલગ પડે છે.

જાણીતા લેખક વર્ષા અડાલજાની વાર્તા 'બીલીપત્રનું ચોથું પાન'માં એક એવી માની કથની છે, જેણે દીકરાને દત્તક લીધો છે. તેને સતત દહેશત છે કે જ્યારે દીકરો તેને જન્મ આપનાર મા વિશે જાણશે ત્યારે તે કેવું વલણ લેશે ? તે માની ચિંતા ને વેદના વાર્તામાં વ્યક્ત થાય છે. દીકરો પણ બે માના વિચાર વચ્ચે રહેંસાય છે. તેની મનોદશાની તેના આ વિચારોની તાણ તીવ્રપણે આલેખાઈ છે. ધોધમાર વરસતા વરસાદ જેવી ઘટનાને આધાર બનાવી આખા સંબંધની આંટીઘૂંટી આલેખાઈ છે. અનાથ આશ્રમમાંથી દત્તક લીધેલા બાળકની અને તેનું લાલનપાલન કરતી માની સંવેદના ખૂબ સહજ સંવાદો દ્વારા મુકાઈ છે.

'મમ્મી' વાર્તા સન્માનીય લેખક ધીરેન્દ્ર મહેતાની છે. એકલા હાથે નોકરી કરી દીકરીને ઉછેરતી માના મનોવલણોની આ વાત છે. પતિ છે પણ ઉપેક્ષા સેવે છે, તે બીજા શહેરમાં અલગ સ્થાયી થયો છે. લગ્ન પછી ટૂંકા ગાળામાં અનિચ્છા હોવા છતાં, વિરોધ હોવા છતાં, બળજબરીથી સંતાનને જન્મ આપવો પડે છે. આવી વણજોઈતી દીકરી પ્રત્યે મમ્મીને માયા બંધાતી નથી. તેના માટે તેને સહજ લાગણી કે ઉમળકો થતો નથી. નાની નાની વાતો અને ઘટનાઓમાં તે દીકરીને ટોકે છે. જાત સાથે સંવાદ દ્વારા વાર્તા ગૂંથાય છે. દીકરી સતત મમ્મીની હૂંફ ઇચ્છે છે. તેની સોડમાં ભરાવા વલખાં મારે છે. પણ મમ્મીના કડક સ્વભાવને કારણે તે વંચિત રહે છે. અત્યારના સમયની એક તાસીર વ્યક્ત થાય છે.

વિજય શાસ્ત્રીની વાર્તા 'ભાર'માં સાંપ્રત સમયની માનું મનોવિશ્વ આકારિત કરવામાં આવ્યું છે. આજે ઘણાં સંતાનો પરદેશ સ્થાયી થયાં છે. સામાન્ય રીતે માબાપનો ખપ, તેમનાં બાળકોના ઉછેર માટે હોય છે. બે દીકરાનાં સંતાનોમાં અટવાયેલી માની વ્યથા આલેખાઈ છે. સાથે રહેતા દીકરા-વહુ અને પરદેશ રહેતાં દીકરા-વહુની ઇચ્છાઓ વચ્ચે ભીંસાતી, રહેંસાતી માની મનોવેદના સહજ રીતે મુકાઈ છે. માના જાત સાથેના સંવાદ અને રોજબરોજના પ્રસંગોના માધ્યમથી માની આ ચેતના ઊભરી આવે છે. અત્યારના સમયમાં આવી ઘટના અનેક કુટુંબમાં જોવા મળે છે. પરદેશી જીવનમાં વ્યસ્ત પતિ-પત્ની મા-બાપને ત્યારે જ સારી રીતે બોલાવે છે જ્યારે તેમને ત્યાં સંતાન આવવાનું હોય. મા મોટું મન રાખી મમતાથી બધું કરે પણ ત્યારે પોતાને દેશમાં રાખતાં દીકરા-વહુના પ્રત્યાઘાતો સહન કરવાનો વારો આવે છે. અત્યારની માની આ મનોદશાનો ચિતાર આ વાર્તામાં જોવા મળે છે.

ત્રણ ત્રણ બહેરાં-મૂંગાં બાળકોની માતાની નિઃસહાયતા વર્ણવતી વાર્તા, 'એકડો' સુમંત રાવલની વાર્તા છે. એક સ્ત્રીના ઘરની આસપાસનો પરિવેશ, તેની અખંડ શાંતિ અને ભૂતકાળનાં મીઠાં સ્મરણોની સામે

મુકાતી વર્તમાનની કઠણાઈ વાર્તારસને વેગ આપે છે. જેઠ-જેઠાણી મંદિર અને મકાન હડપ કરી લે છે. દારુણ ગરીબીમાં ભીંસાયેલી મા, પોતાના બહેરામૂંગા સંતાનોના ગળામાં પાટી લટકાવી દાન માટે અપીલ કરે છે. રેલવે સ્ટેશન, બસસ્ટૅન્ડ ઉપર ભીખ મંગાવતી મા પોતાને તે માટે દોષી માને છે. તેને સવિશેષ નાની દીકરીની ચિંતા છે. મોટા છોકરાનું રેલવે અકસ્માતમાં મોત થાય છે. માની વેદનાની તે ચરમ સીમા છે. બાળકોના સારા ભવિષ્ય માટે સલાહ આપતા માસ્તર, માને મનાવામાં સફળ થાય છે. તે પાટી ઉપર દાનની વિનંતીની જગ્યાએ એકડો ઘૂંટવાની શરૂઆત કરે છે. આવા વિધેયાત્મક અંત અને કરુણ આરંભ વચ્ચે એક માની ઊંડી મનોવ્યથા વાર્તામાં રચાઈ છે.

જાણીતા લેખક વીનેશ અંતાણીની વાર્તા 'બે સ્ત્રીઓ અને ફાનસ' સ્ત્રી મનને તાગતી ખૂબ ઠોસ વાર્તા છે. નેવું વર્ષની મા અને બોતેર વર્ષની દીકરી બંને વિધવાનું લાંબું જીવન અંધકાર ભરેલું વીત્યું છે. બહુ ઓછી સુખની પળો તેમના જીવનમાં છે. એક મેઘલી સાંજે ઓરડામાં અંધારું સઘન ભરાયું છે. સૂચક રીતે ફાનસ ઓરડા કે આંગણામાં લટકાવવા અંગે બંને વચ્ચે મતભેદ છે. આયુષ્યના અંતે જાણે આ ફાનસના અજવાળા માટેની ખેંચતાણ વાસ્તવમાં તેમની મનોવેદના વ્યક્ત કરે છે. એકબીજા માટેનો તિરસ્કાર, ઘૃણા, ઈર્ષા વગેરે મોટી ઉંમરે થતા માનવસહજ ભાવો, તેમના સંવાદોમાં અને મનોવિચારોમાં આબાદ મૂકવામાં આવ્યો છે. જાણે મા-દીકરીનાં પાત્રોને લેખકે અજવાળી સંધિકાળની એક ગમગીની અંકે કરી તેને અજવાળ્યાં છે. કથાનક, ફાનસનું પ્રતીક, સંવાદોની ભાષા વગેરે વૈધ્યવની સમાન સ્થિતિમાંથી પસાર થતી, મા-દીકરીના કરુણ જીવનને દર્શાવે છે. માના કૂણા ભાવ સાથે વીરમતી આ વાર્તા પરંપરાગત ઢાંચાને બદલે નવી રીતે લખાઈ છે. તે પણ સ્ત્રી-મનોવિશ્વનું ઠોસ રીતે નિરૂપણ કરે છે.

આપણાં ઉત્તમ વાર્તાકાર હિમાંશી શેલતની વનાર્તા 'બળતરાનાં બીજ' એક નોખી વાર્તા છે. સ્ત્રી-સંવેદના અને તેમાંય એક દુભાયેલી માની વેદના હંમેશાં આપણને અંદરથી હલબલાવી મૂકે છે. આ વાર્તા તેમાંની એક છે. પતિને જેની જોડે પરણવું હતું તે શક્ય ના બન્યું તે વાત માના મોંએ એકલી રહેતી વયસ્ક દીકરીને ખબર પડે છે. માની જોડે પતિએ શરીર સંબંધથી વિશેષ કોઈ ભાવ નથી રાખ્યો. તેથી ત્રણ સંતાનોને તે ના છૂટકે જન્મ આપે છે. તેમાંય અનિચ્છાએ જન્મેલી આ દીકરી માટે પહેલેથી અભાવ અને અણગમો રાખતી. પતિની વાત જાણ્યા પછી પણ માએ સંસાર નિભાવ્યો. તે વાત દીકરી જાણે છે. મા જોડે જીવતો પતિ એક ઔપચારિક જીવન જીવતો પુરુષ હતો. માના મૃત્યુ સમયે વરસતા વરસાદને લીધે બહુ મોડું થશે માટે ચિંતિત બાપ અને વિધિને આટોપવામાં રત બે ભાઈ અને અણમાનીતી દીકરીને માનું સાચું સ્વરૂપ જાણ્યા પછીનો અહોભાવ તેને અંતરથી વ્યથિત કરી મૂકે છે ને માની નનામીને છેલ્લે વળગી પડે છે. વાર્તાના તાણાવાણા, તેનો વાર્તાપ્રવાહ અને માની મૂક વેદના દીકરીની વ્યથાની પ્રતીતિ કરાવે છે.

કનુ આચાર્યની 'વહેણ' વાર્તા, એક જુદા જ અનુભવ દ્વારા માની વેદનાને દર્શાવે છે. એક માને વૃદ્ધાશ્રમમાં ધકેલી દેવામાં આવી છે. પણ દીકરાનો જન્મદિવસ હોવાથી ખાધાપીધા વગર તેની રાહ જોઈ રહી છે. દીકરો આવશે જ તેવી આશા સાથે બેચેનીમાં આખો દિવસ પસાર કરે છે. કશા કામમાં મન લાગતું નથી. વૃદ્ધાશ્રમમાં વિયાયેલી કૂતરી અને તેનાં ચાર ગલૂડિયાં તેની મમતાનું કેન્દ્ર છે. આખો દિવસ રાહ જોઈ થાકેલી અને મનથી ભાંગી પડેલી માનો પ્રેમ છેવટે રાતના અંધારામાં ગલૂડિયાં ઉપર વરસે છે. વ્હાલથી નાના બાળકની જેમ ગલૂડિયાને પોતાની છાતીએ વળગાડી ઉપરથી દૂધની ધાર કરે છે ને ગલૂડિયું માને ધાવતું હોય એમ ચસ... ચસ ધાવે છે. માતૃત્વની ઝંખના પંડની અને મનની અનિવાર્યતા છે. તે આ ઘટના દ્વારા લેખક કુનેહથી રજૂ કરે છે. માના વ્હાલનું આવું રૂપાંતર અને તેથી અનુકંપા જગવતી આ વાર્તા મા-સંવેદનાનો એક જુદો જ ઠોસ અનુભવ કરાવે છે.

'વૉશિંગ મશીન' વાર્તાના વાર્તાકાર બિપિન પટેલ આજના નીવડેલા વાર્તાકાર છે. બદલાતી જીવનશૈલી અને ટૅક્નૉલૉજીનો સ્વીકાર, જૂના માણસોને આરંભે કઠે છે. પણ અનિવાર્યે જીવનપદ્ધતિ સ્વીકારવી પડે છે. તેથી

તેમના મનમાં આ અંગે સતત મનોમંથન ચાલતું હોય છે. માએ સૌનાં કપડાં ધોવાનું પરિશ્રમવાળું કામ સ્વીકારેલું હોય છે. બીજા કોઈ આટલાં ચોખ્ખાં કપડાં ધોઈ ના જ શકે તેવું માને છે. ઘરમાં આવતું ટીવી-ડેક માટે તેમને અણગમો છે. એક દિવસ તે માંદા પડે છે એટલે વોશિંગ મશીન પણ આવે છે. માને આ જરાય પસંદ પડતું નથી. મશીનમાં કપડાં ધોવાથી થતા ગેરફાયદાની આખી યાદી રજૂ કરે છે. પણ વોશિંગ મશીન શરૂ થાય છે તેમાં સૌ પહેલાં બાનો ઘુમરાતો સાડલો છે. જે તેમના મનોમંથનને સૂચક રીતે ચીંધે છે. વાર્તાને અંતે વોશિંગ મશીન પ્રતીક બની જાય છે. જિવાતા જીવનમાં રૂપાંતરની એરણ પર ચડતી આધુનિક જીવનશૈલી અને પરંપરાના આગ્રહ, વાર્તામાં માના પાત્રમાં ઊભરી આવે છે.

ધરમાભાઈ શ્રીમાળી આજની ગુજરાતી વાર્તાસૃષ્ટિનો આગવો અવાજ છે. 'નવી' વાર્તામાં એક એવી માની સંવેદના આલેખવામાં આવી છે. જેને એક વખત નાની ઉંમરે વિધવા થયા પછી ફરીથી બે સંતાનના બાપ જોડે પરણાવવામાં આવે છે. સાત વર્ષ પછી ફરીથી તે વિધવા બને છે. તેનો ભાઈ કોઈ અસામાજિક વ્યક્તિ સાથે તેનો સોદો કરે છે. પણ પિયરની ભાગોળથી તે બીજવરનાં બાળકો પાસે દોટ મૂકે છે. નવી મા એક ખરી મા બને છે. તળપદી ભાષામાં લખાયેલી 'નવી' બાની વાત, તેનાં સ્મરણોમાં ઊભરાતું બીજવર સાથેનું ભર્યું ભર્યું લગ્નજીવન, તેના હેવાયા થઈ ગયેલા પહેલીનાં બે બાળકો, ગામ પરગામ સુધી વટવ્યવહારમાં નામ કાઢી ગામ લોકોની માનીતી થયેલી નવીના પાત્રમાં મા સંવેદના પરાકાષ્ઠાએ પહોંચે છે.

'દીકરી' જિતેન્દ્ર પટેલની વાર્તા કહેવાતી હોય અને આપણે સાંભળતાં હોઈએ તેવી રીતે સંવાદોમાં આલેખાઈ છે. આ પ્રકારની રચનારીતિથી વાર્તા જાણે ભજવાતી હોય તેમ લાગે છે. મૂળે વાત બા અને તેના બાપા (પિતા)ની છે. બાપની મિલકતમાં દીકરીનો ભાગ હોવો જોઈએ એવી સામાજિક સમસ્યા અને કૌટુંબિક પ્રશ્નો દર્શાવતી આ વાર્તા છે. બાનું દિલ બાપા માટે વલોવાતું હોય છે. મા-બાપની સેવા કરવાની તેની નેમ છે. ભાઈ જાકારો આપે છે અને દાગીનાની ચોરીનું આળ તેની ઉપર મુકાય છે. તેનું મનોમંથન તેના સંવાદો દ્વારા બહાર આવે છે. સામાજિક સમસ્યામાં સહજ બોલાતા રૂઢિપ્રયોગો કહેવતો, બોલચાલની ભાષા વગેરે વાર્તાને સરસ રીતે ગૂંથે છે.

'વર્જિત સ્વર' પૂજા તત્સતની વાર્તા છે. બાળક વગરની માની આ વાત થોડી વાર આપણને વિચાર કરતા મૂકી દે છે. માની નોકરીને કારણે છેક બાળપણથી માનો ઝુરાપો વેઠતી દીકરી, ભવિષ્યમાં પરણીને મા નહિ બનવાનો નિર્ણય કરે છે. તેના નિર્ણયને અનુકૂળ પતિ પણ મળે છે. પતિપત્ની બંને હાઇપ્રોફાઇલ પ્રોફેશનલ્સ છે. કોર્પોરેટ જગતમાં ડૂબેલાં છે. પતિ બાળ ઉછેરની પળોજણમાંથી મુક્ત રહેવા બાળક નથી ઇચ્છતો. લગ્નનાં દસ વર્ષ પછી એક દિવસ પત્નીના મનમાં બાળકની ઝંખના થાય છે. આ સ્ત્રીસહજ ઇચ્છા કંપની સેક્રેટરી પત્ની માટે એક દિવસ પૂરતો અપવાદ હતો. સાદા સરળ સંવાદો વડે આ વાતને સરસ રીતે ગૂંથી છે. અત્યારની જીવનશૈલી અને તેમાંના સમાજજીવનમાં આવી માતાઓની સંખ્યા વધતી જાય છે. ત્યારે સ્ત્રીમાં રહેલી મા બનવાની સહજ ખેવના અહીં સરસ રીતે આલેખાઈ છે.

સંજય ચૌહાણ આજના આશાસ્પદ વાર્તાકારોમાં મોખરે છે. એમની વાર્તા 'માળા'માં તરછોડાયેલી બાની વેદના તીવ્રપણે જરાપણ મુખર થયા વગર દર્શાવાઈ છે. ગામમાં સરપંચની દીકરીનાં લગ્ન છે. જાન જોતાં બાની વિતેલા વરસોની કથની રજુ થાય છે. પોતાનાં લગ્ન આવી જ ધામધૂમથી થયેલાં. દીકરાનો જન્મ થયેલો. પણ જીવતર પર ખોટું કલંક લાગતા તે અંધારામાં ભાગી છૂટેલી. અજાણ્યા ગામમાં અજાણ્યા લોકો વચ્ચે ગૌશાળામાં સ્થિર થાય છે. આજે અંદર-બહારથી તે ડામાડોળ થઈ છે. વરરાજા પોતાનો દીકરો છે. તેને જોવા તલપાપડ બની છે. તેના જીવતરના એકમાત્ર સહારા જેવી માળા આ ભાંજગડમાં તૂટી જાય છે. મણકા વેરવિખેર થઈ જાય છે. બાના હાથમાં માત્ર માળાનો મેલો દોરો રહી જાય છે. શોષિત, પીડિત અને તરછોડાયેલી બાનું હૃદયસ્પર્શી ચિત્ર ઊભરી આવે છે.

'મહોતું' વાર્તા યુવા લેખક રામ મોરીની છે. આ

વાર્તામાં દરબાર કોમના પુરુષોનું જડ વલણ અને માનસિકતા પછવાડે સ્ત્રી અવહેલના દર્શાવાઈ છે. પરંતુ તેની વચ્ચે એક માની સંવેદના કેવી ખુમારી દાખવે છે તે રસપ્રદ રીતે ગૂંથાયેલી છે. સૌરાષ્ટ્રની ભાષામાં રસાળ શૈલીમાં વાર્તા લખાયેલી છે. આવા કુટુંબમાં બાને દિલખોલી વાત કરવાનું એક જ ઠેકાણું છે તે સામાન્ય જાતિની ફેરી કરતી સ્ત્રી છે. જે તેના પતિને ક્યારેય ગમતું નથી. તે બાને વઢતા અને કહેતા આવા મહોતા જેવા લોકો સાથે શાનો સંબંધ રાખવાનો હોય ! બે ઘટનાઓ લેખક સાથે મૂકે છે. બાપુની દીકરી ધણીના મારથી અધમૂઈ થઈને ઘેર પાછી આવે છે. પણ દરબાર બાપ વટ ખાતર પાછી મૂકી આવે છે. જ્યારે જેને મહોતા જેવી સ્ત્રી કહીને સંબોધે છે, તે જ્યારે તેની દીકરી વિશે આવું જાણે છે ત્યારે દીકરીના ઘેર જઈ તેને પાછી લઈ આવે છે. બે મા અને એક પ્રકારની ઘટનામાં મહોતા જેવી મા, મુઠ્ઠી ઊંચી લાગે છે. લોકજીવનના તાણાવાણા દર્શાવતી વાર્તા, તેના ભાષાકર્મ અને સ્ત્રી-સંવેદનાને વ્યક્ત કરતા પાત્ર નિરૂપણથી જુદી ઠરે છે.

આશા રાખું છું, આ સંપાદન ગુજરાતી વાચકોને ગમશે. પહેલાં આશરે સાઠ જેટલી 'મા'ની વાર્તાઓ પસંદ કરેલી. પછી તેમાંથી ધીરેધીરે ફરીથી પસાર થતા સત્તાવીસ જેટલી રાખી તેમાં કોઈ ગુણવત્તાનું કારણ નથી, પરંતુ મારી ચોક્કસ રસરુચિનું કારણ છે. એવું બને આ પ્રકારની કેટલીક વાર્તાઓ સુધી હું પહોંચી શકી નથી, તો તે મર્યાદા મારી છે. આ સંપાદનમાં સમાવિષ્ટ તમામ લેખકો પ્રત્યે, જ્યાંથી આ વાર્તાઓ લીધી છે તે દરેક સંપાદક તથા પ્રકાશક માટે તથા મુખપૃષ્ઠની છબી માટે શિવાની પટેલ પ્રત્યે હું ઋણ સ્વીકાર કરું છું. પ્રિય અમૃતભાઈનો આવા સાહસ માટે સાથ મળ્યો છે તે માટે તેમની પણ ઋણી રહીશ.

**'માતૃમુદ્રા'ની પ્રસ્તાવના**

એક વિશેષ લાભ આ પ્રયોગમાં હું એ સમજું છું કે ભેદ અને પૂર્વગ્રહ અને અંતર મિટાવવા એ મદદરૂપ બની શકે. દુનિયામાં રંગભેદ અને જ્ઞાતિભેદ અને ધર્મભેદને લીધે જેટલું દુઃખ થયું છે એટલું બીજી કોઈ વાતથી થયું નથી. અને આપણા સુધરેલા ને પ્રગતિશીલ જમાનામાં એ બધા ભેદ ઓછા થવાને બદલે તીવ્ર બનતા જાય છે. માટે એ ભેદ મટાડવા જે કંઈક કરી શકીએ એ સાચી સેવા કહેવાય. અને પૂર્વગ્રહ મટાડવાનો રસ્તો એક જ છે : વ્યક્તિગત સંપર્ક. સંપર્કનો યજ્ઞ માનવતાનો યજ્ઞ છે. હવે જે લોકોની પાસે હું ઘેર ઘેર રહું છું એ બધા જાણે છે કે હું એક પરદેશી ખ્રિસ્તી પાદરી છું, તોય મને કુટુંબના સભ્ય તરીકે જ રાખે છે. હું એમને આનો પૂરો યશ આપું છું. મારે એમનો પ્રેમ જ પામવાનો રહ્યો.

**– ફાધર વાલેસ**

# પત્રલેખન રમણભાઈ નીલકંઠ

**કિશોર વ્યાસ**

અનેકવિધ ક્ષેત્રોમાં પરોવાયેલા આ સકલપુરુષ પર રહેલા કામના ભારણ અંગે બિપિન ઝવેરીએ પોતાના શોધનિબંધમાં લખ્યું છે કે : 'વિદ્યાબહેને રમણભાઈના જીવનના ત્રણ ખંડ પાડ્યા છે. પહેલો ખંડ ૧૮૯૭માં સરકારી નોકરી છોડી ત્યાં સુધીનો. આ ખંડમાં રમણભાઈનું જીવન એકંદરે શાંતિ, વિનોદપૂર્ણ અને ગૃહસુખવાળું હતું. ૧૮૯૭-૯૮માં મ્યુનિસિપાલિટીમાં સભ્ય ચૂંટાયા પછી જાહેર કામોનો બોજો વધવા લાગ્યો. ૧૯૧૨માં લાલશંકર ઉમિયાશંકર ગુજરી ગયા એટલે રમણભાઈના જીવનનો આ બીજો ખંડ પૂરો થયો; લાલશંકરના જાહેરજીવનના વારસ બન્યા હોવાથી એમના પર કામનો બોજો તૂટી પડ્યો. જીવનના આ ખંડમાં એમને કુટુંબીજનો જોડે વાત કરવાની ફુરસદ ન રહી. મ્યુનિસિપાલિટીના તુમારો, બીજી સંસ્થાઓનાં કામો અને કોઈકવાર વકીલાતનાં કામો પાછળ રાતના એક એક વાગવા લાગ્યો. વિદ્યાબહેનને કોઈ મહત્ત્વની વાત કરવી હોય તો એ માટે નિરાંતની યોગ્ય ઘડી શોધતાં અઠવાડિયાં વીતી જવા લાગ્યાં. ધીરેધીરે કામનો બોજો એટલો વધ્યો કે રમણભાઈએ મિનિટો ચોરવા માંડી. ચાલતી વિક્ટોરિયામાં ને બીજે પણ, સહેજ નવરાશ મળતાં રમણભાઈ કાળી પેટીમાંથી મ્યુનિસિપાલિટીના તુમારો કે બીજું કામ કાઢી એનો નિકાલ કરવા મંડતા. સુધરાઈની ચાલુ બેઠકોમાં, કોંગ્રેસના અધિવેશનમાં, જાહેર સભાઓના વ્યાખ્યાનમંચ પર, વકીલોના બારરૂમમાં ખીસામાંના કે એ પેટીમાંના પત્રોનો ઉત્તર આપવાનું, તુમારોનો નિકાલ કરવાનું અથવા કોઈક વાર પ્રૂફો વાંચવાનું કામ જારી રહેતું. આમ કરતાં બે અવધાનનો નિસર્ગદત્ત શક્તિ સ્વાભાવિક રીતે જ વધુ કેળવાઈ. એ સાથે તેઓ એક મહત્ત્વની વાત એ પણ નોંધે છે કે રમણભાઈ શરૂઆતમાં પિતા, ભાઈ, પત્ની, મિત્રો અને બહારના લોકો સાથે એ સમયની પ્રચલિત રીતિ મુજબ અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરતા પછી વિદ્યાબહેને એમને ગુજરાતીમાં લખવાનું સૂચવ્યું, ને સગાંઓ પૂરતું એમણે તે સ્વીકાર્યું.[1] આમ, આટઆટલા કામના બોજા તળે પણ રમણભાઈનું પત્રલેખન અટક્યું નથી. એ પત્રલેખન કયાં કારણે અપ્રસિદ્ધ રહ્યું એ તો એક શોધનો વિષય ગણી શકાય. કાન્ત કે કલાપીના પત્રો. ગોવર્ધનરામ ત્રિપાઠીની સ્ક્રેપબુક, નરસિંહરાવની રોજનીશી કે બળવંતરાય ઠાકોરની દિનકી ભાગ : ૧/૨ જેવાં પ્રકાશનોની વચ્ચે રમણભાઈના પત્રોનું પણ પ્રકાશન થવું જોઈતું હતું, પરંતુ હાલ તો એમના ઉલ્લેખાયેલા પત્રોના અંશોની વાતથી આપણે રમણભાઈની સાહિત્યકાર, સુધારક, સંપાદક જેવી છબિનો આકાર ઘડી શકીએ એમ છીએ.

સને ૧૯૧૫માં સુરત સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે નરસિંહરાવની વરણી થાય એવી કૃષ્ણલાલ ઝવેરી, આનંદશંકર ધ્રુવ, રણજિતરામ મહેતા, રમણભાઈની ઇચ્છા હતી. આથી રમણભાઈએ મનહરરામ મહેતા અને ઠાકોરરામ કપિલરામને આ બાબતે પત્રો લખેલા. ઠાકોરરામને સ્થાનિક કારોબારીના પ્રમુખ મધુવચરામ હોરાને તથા કમલાશંકર પ્રા. ત્રિવેદીને એ વિશે વાત કરવા લખ્યું, ને એ રીતે નરસિંહરાવની ચૂંટણીમાં મદદ કરી. તેઓ પ્રમુખ તરીકે ચૂંટાયા એમાં રમણભાઈની આ સક્રિયતા ધ્યાન ખેંચે છે. નરસિંહરાવની નિમણૂક પછી ઇચ્છારામ દેસાઈના ગુજરાતી એ બે અઠવાડિયા સુધી ઊહાપોહ મચાવેલો કે પરિષદની સુરતની બેઠક અંગે બહુ જ ગેરવ્યવસ્થા ચલાવવામાં આવે છે અને પરિષદના મંત્રીઓમાંના રમણભાઈએ કોઈ ઘરખટલાની વ્યવસ્થા કરતા હોય તેમ નરસિંહરાવને પ્રમુખ તરીકે નીમાવી દીધા છે એવો આક્ષેપ કર્યો ત્યારે ગુજરાતી પત્રમાં જ રમણભાઈએ એનો સમર્થ જવાબ આપેલો. નરસિંહરાવ

અને આનંદશંકર આ જવાબથી ભારે પ્રભાવિત થયેલા. બિપિન ઝવેરી યોગ્ય જ નોંધે છે કે : 'રમણભાઈના બધા વિવાદો જુવાન વયના છે, પણ આ જવાબ તેમણે પ્રૌઢ વયે આપ્યો હોવાથી એમાં એમની આ જાતની શક્તિની પરાકાષ્ઠા દેખાય છે. પરિષદનાં બીજા બધાં કામોમાં પણ એમનો જે રસ હતો એ આ પત્રો વડે સૂચવાય છે.[૨] રમણભાઈ પોતાને સોંપાયેલા કામમાં અને શિષ્ટાચાર બાબતે બહુ ચોક્કસ હતા. કોઈ પણ પત્ર આવે એટલે એનો જવાબ આપવો જ જોઈએ એમ ગણતા અને સામાન્ય રીતે બને એટલો ઝડપથી આપવાનો પ્રયત્ન કરતા. હીરાલાલ પારેખ લખે છે કે 'અંતિમ માંદગીમાં કોઈના પત્રનો ઉત્તર લખાયો ન હોય તો તેમને જે બેચેની થતી તે એમની પાસે કામ કરનારા કદી ભૂલશે નહિ. આ વસ્તુઓ રમણભાઈનો શિષ્ટાચારનો આગ્રહ અને ફરજનું ભાન બંને દર્શાવે છે.[૩] નાનામાં નાનું કામ પણ જાતે જ કરવાની એમને ટેવ પડેલી. પોતાના કાગળ તેઓ પોતે જ ટપાલમાં નાખતા, નોકરો કે સંતાનોને પણ એ કામ સોંપવામાં ખચકાટ અનુભવતા. બીક એ કે વખતે કોઈને સોંપીએ ને એ ભૂલી જાય તો ? એમની આ હદ બહારની ચોકસાઈને કૃષ્ણલાલ ઝવેરી, બિપિન ઝવેરીએ સ્વભાવની વૈચિત્યતા કહીને ઓળખાવી છે.[૪]

'એકથી વધુ દિશામાં રમણભાઈની બુદ્ધિ ક્રિયાશીલ થતી. પણ આથી પણ ઘણા વધારે વિષયોમાં એમની બુદ્ધિ સંચરતી. એમનું જ્ઞાનવૃક્ષ અનેક શાખાન્વિત હતું. પણ એમને સમયનો અભાવ હતો એટલે એ બધી શાખાઓનાં ફળ આપણને મળ્યા નથી' એ બિપિન ઝવેરીની વાત આપણને કમ સે કમ સીમિત પત્રલેખન બાબતે તો સાચી જણાય છે. વખતનો આ અભાવ રમણભાઈને બીજી દિશામાં પણ નડ્યાની તેઓ યોગ્ય નોંધ લે છે. એક તો એમનો ધીરગંભીર સ્વભાવ જ એવો કે જેમાં સાચી આજીવન મૈત્રી બંધાય જ ઓછી. વખતને અભાવે તેઓ મૈત્રીમાં બળ પૂરે એવો સંવાદ કે લાંબા વાર્તાલાપોને જાળવી કે ટકાવી શક્યા નથી. આથી એમનું મિત્રમંડળ પણ બહોળું નહોતું.[૫] વિદ્યાર્થી અવસ્થાથી જ કૃષ્ણલાલ ઝવેરી જેવા મિત્ર સાથે જીવનનાં, સાહિત્યનાં અને સાહિત્યેતર બધાં પાસાંને સ્પર્શતો મૈત્રીસંબંધ આજીવન રહેલો. બંનેના પત્રવ્યવહારમાં પણ સાહિત્યવિષયક ચર્ચા કરતાં વહેવારની વાતો જ વિશેષ રહેવા પામતી જ્યારે પોતાના કરતાં નવ વર્ષ મોટા નરસિંહરાવને તેઓએ હંમેશાં મુરબ્બી લેખે જ માન આપેલું. પિતાના વખતનો સંબંધ દિવસ જતાં વૃદ્ધિ પામતો ગયેલો. નરસિંહરાવના સર્જનની પ્રબળ છાપ રમણભાઈમાં ઝિલાયેલી છે આથી એમની કવિતાને સહવિદ્યાર્થીઓ સમક્ષ બિરદાવવા ઉપરાંત પોતાનું એ વ્યાખ્યાન સુધારાવધારા સાથે બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કર્યું. એ વ્યાખ્યાન ટુકડે ટુકડે પ્રકાશિત થતું હતું એ સમયમાં જ રમણભાઈ વિધુર થતાં વ્યાખ્યાન છપાઈ રહ્યું ત્યાં સુધીમાં તો નરસિંહરાવે વડીલ ભગિનીની મદદથી એમના વિવાહ પોતાની ભાણેજ સાથે કરી એ બંનેના જીવન પર ચિરંજીવી ઉપકાર કર્યાનું બિપિન ઝવેરી નોંધે છે. એ બે વચ્ચેના પત્રવ્યવહારમાં સંસારવાર્તાને બદલે સાહિત્યવાર્તા વિશેષ રહેતી. એપ્રિલ ૧૮૯૬ના જ્ઞાનસુધામાં રમણભાઈનું પુત્રવિરહનું કાવ્ય રેખાશૂન્યતા વાચી જૂન જુલાઈના અરસામાં નરસિંહરાવ એમને લખે છે કે : 'કવિતા બેશક સારી છે, પણ પેથેટિક અંશ ઉપર મેંટાફિઝિકલ અંશનું દબાણ વધારે લાગે છે... પેથેટિક જોડે એસ્થેટિક અંશ યોગ્ય રીતે ના ભળે તો તટસ્થ જનમંડળને કવિના ખાનગી સુખદુઃખાદિ ભાવ જોડે સમભાવના ન થતાં બેદરકારી ઊપજે. કાવ્યમાં એસ્થેટિક અંશ જાગ્રત નથી. મેટાફિઝિકલ જ છે. પણ તે આ કાવ્યમાં પેથેટિક સાથે સમતોલ રહી શક્યો છે તેથી જ કાવ્યનું કાવ્યત્વ જળવાયું છે' આ પત્રનો ઉત્તર આપતા રમણભાઈએ એ કાવ્યમાં તાત્ત્વિક અંશની પ્રબળતા સ્વીકારી પણ તેમ હોવામાં દોષ નથી એમ જણાવ્યું એ સાથે હૃદયવીણાના અર્પણકાવ્ય વિશે અંગ્રેજીમાં લખ્યું કે એના આલેખન અને પ્રકટીકરણમાં ઊંચી ગુણવત્તા રહેલી છે.

રમણભાઈએ હૃદયવીણાનું અવલોકન કરવાનું સ્વીકાર્યું એ બાબતે આનંદ વ્યક્ત કરીને નરસિંહરાવે કરુણ ઊર્મિકાવ્યમાં સાધારણીકરણ કઈ રીતે થાય છે એ વિચારો પત્ર દ્વારા લખી મોકલ્યા ત્યારે માર્ચ-૧૮૯૭માં રમણભાઈએ તેમને લખ્યું કે રસવિષયક, કરુણ અને ઊર્મિકાવ્ય વિશે તેમને અને કાન્તને ચર્ચા થઈ છે ને કાન્ત

પોતાના મતને મળતા આવે છે. એ જ પત્રથી તેમણે દૂર છેક સિંધમાં નરસિંહરાવને ખબર આપ્યા કે કેટલાક માણસો તેમની હૃદયવીણાનાં કાવ્યોમાં એકની એક સામગ્રીની પુનરુક્તિ છે એવો આરોપ મૂકે છે. એનો જવાબ વાળતા નરસિંહરાવે પોતાની કૃતિઓ પરના આક્ષેપો કઈ રીતે ખોટા હતા તે દર્શાવ્યું ને રમણભાઈએ છંદ અને પ્રાસના લેખમાં મિસ્ત્રીના પ્રાસ વિશેના વિચારોની જે ટીકા કરેલી તેમાં પોતાને જણાયેલી ભૂલો બતાવી. એ પછી રમણભાઈએ સુદર્શનમાં પ્રસિદ્ધ થયેલું હૃદયવીણાનું અવલોકન તેમના પર મોકલાવી પોતે તરત એનો રદિયો આપવા ધારે છે તે જણાવ્યું ને તેમને જે કંઈ કહેવું હોય તો તે પણ પુછાવ્યું. પત્ર મળ્યો કે તેના બીજે જ દિવસે નરસિંહરાવે પોતાની ટીકા અગિયાર નોટપેપર ભરીને રમણભાઈને મોકલાવી આપેલી. રમણભાઈએ હૃદયવીણાનું અવલોકન લખવાનું શરૂ કરી સુદર્શનમાં કરાયેલા આક્ષેપો કેટલા તો નિરાધાર છે તે દર્શાવવા માંડ્યું. ૧૯૧૨માં નરસિંહરાવે વડોદરા સાહિત્ય પરિષદમાં રમણભાઈએ વાંચેલા ને જ્ઞાનસુધામાં પ્રસિદ્ધ થયેલા ગુજરાતી ભાષાનું બંધારણ નામના નિબંધની અનેક ભૂલો દર્શાવતો સમર્થ લેખ લખ્યો, ને વસંતમાં એને સ્થાન મળશે કે કેમ તે રમણભાઈને પુછાવ્યું. કારણ કે તે વખતે વસંતનો હવાલો આનંદશંકરે રમણભાઈને સોંપ્યો હતો. એમણે તરત જ પત્રમાં પોતાના વતી હા કહી અને ઉમેર્યું કે આનંદશંકરને પણ પૂછવું જોઈએ. એ લેખ વસંતમાં પ્રગટ થયેલો છે એ રમણભાઈની ટીકા ખમવાની તત્પરતાનું સૂચક છે. નરસિંહરાવ અને રમણભાઈની પરિષદપ્રમુખ નિમણૂકો, એનાં ભાષણોની ચર્ચાના બંને વચ્ચે થયેલો પત્રવ્યવહાર બંને સાહિત્યસેવીનો વિશુદ્ધ સાહિત્યપ્રેમ વ્યક્ત કરનારો બની રહે છે. કાન્તના પ્રસિદ્ધ થયેલા બળવંતરાય ઠાકોર પરના પચ્ચીસથી વધારે પત્રોમાં રમણભાઈનો કોઈ ને કોઈ રીતે ઉલ્લેખ થયેલો છે. સ્વાભાવિક રીતે જ રમણભાઈએ પણ એમને પત્રોનો જવાબ વાળ્યો હશે. કાન્તનાં ખંડકાવ્યો વિશેના રમણભાઈના ઉલ્લેખો અને ચર્ચાઓ જાહેર છે. ૧૨-૬-૧૮૯૮એ રમણભાઈએ કાન્તને પત્ર લખ્યો એનો જવાબ કાન્ત એક જ અઠવાડિયામાં વાળે છે જેમાં કાન્ત રમણભાઈનો સ્નેહ અનુભવતા ધર્મનો અભ્યાસ કરવાની ને પોતાને પરમસત્ય લાધ્યાની વાત નોંધે છે. સ્વીડનબોર્ગની ફિલસૂફી પણ સમજાવે છે. એક વખતે સ્વીડનબોર્ગને વાંચવા રમણભાઈને સંમત કરે છે પણ ઝાઝો રસ ન પડતાં રમણભાઈ એ બાજુ પર મૂકી દે છે. કાન્ત બ્રાહ્મણનું ચિહ્ન ઉપનયન દૂર કર્યાની અને થોડા વખત પછી જાહેર રીતે ક્રિશ્ચિયન મંડળમાં પોતે પ્રવેશ કરશેનો નિશ્ચય પણ રમણભાઈને લખે છે, જે વાત પોતાના સ્વજનોને કાન્તે કરી નથી તે વાત રમણભાઈને પત્રમાં જણાવે છે એ ગાઢ મૈત્રીભાવને દર્શાવે છે. 'જ્ઞાતિના મનુષ્યો મને મૂર્ખ, દુષ્ટ, દીવાનો વગેરે ઉપનામો આપશે એ હું જાણું છું તે પણ હું સહન કરીશ, પણ જેથી મને અતિશય ખેદ થાય છે તે તો એ છે કે મારાં બધાં સ્નેહીઓ અને મિત્રો પણ મારો ત્યાગ કરશે'નો કાન્તનો અંદેશો સાચો પડેલો આપણે જોઈ શકીએ છીએ. કાન્તના મનમાં 'રમણભાઈ પણ આ સંબંધે ઉગ્ર પ્રતિભાવ આપી સ્નેહસંબંધ પૂરો કરી નાખશે તો ?' એવી શંકા ઊપજી હશે એટલે પત્રમાં રમણભાઈને 'તમારું હૃદય સ્નેહી અને સરલ હોવા છતાં તમે સ્વતંત્ર થઈ શકો તેમ નથી. માત્ર મારી સાથેનો આંતરસંબંધ બિલકુલ તોડી નહિ નાખો' એની વિનંતી પણ કરી દીધી છે.[૬] સિદ્ધાંતસારના અવલોકન બાબતે કાન્તનું મણિલાલના દૃષ્ટિબિંદુને સમજવાનું ઉદાર વલણ રમણભાઈને અકળાવનારું બની રહેલું. એકબીજાને જાહેર ચર્ચાવિવાદોમાં ઊતરવું પડેલું. રમણભાઈ અને કાન્ત વચ્ચે આ અંગે જે પત્રવ્યવહાર ચાલેલો તે કાન્તમાળામાં પ્રસિદ્ધ છે. આ અવલોકનને નિમિત્તે રમણભાઈ અને કાન્ત વચ્ચે સંબંધોને વ્યગ્ર બનાવે એવી ટપાટપી પણ થયેલી તે વખતે કાન્તે મિત્ર રમણભાઈ સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી લેતાં કબીરનો 'બૂરા દેખન મૈં ગયો, બૂરા ન મિલીયો કોઈ' દુહો ટાંકેલો તો રમણભાઈએ પ્રાર્થનાસમાજમાં આપેલા ઉપદેશને વિષય લઈને જ્ઞાનસુધામાં સ્વહૃદય પરીક્ષા નામના લેખમાં આ દુહો લઈને જ વિષયચર્ચા આરંભી દીધી હતી. સંબંધોનું આ બદલાયેલું પરિમાણ પણ એ સમયની એક લાક્ષણિકતા ચીંધી રહે એવી છે. એ જ રીતે આનંદશંકર ધ્રુવે પ્રાર્થનાસમાજના કીર્તન સાંભળી મુમુક્ષુ નામે એમાંથી

ઉત્પન્ન થતી શંકાઓના ખુલાસા પુછાવેલા, પૃથુરાજરાસાના રમણભાઈના અવતરણ બાબતે, ભદ્રંભદ્રના પ્રકાશનની આનંદશંકરની કડક આલોચના પછી રમણભાઈ સાથે આ વિદ્વાનોને પત્રવ્યવહાર થયો હશે. વસંત જેવા સામયિકનો અણીને વખતે સઘળો ભાર પોતાના ખભે ઉપાડી લેનારા રમણભાઈ સાથે આનંદશંકરની સંપાદન બાબતે વાતો પણ ચાલતી રહી હશે એનો તો એક અંદાજ જ લગાવવાનો રહે પણ રમણભાઈએ જ્યારે પણ પત્રો લખ્યા છે એમાં એમની વિદ્વત્તા અને સ્પષ્ટતા મુખ્ય રહેતી. વર્નાક્યૂલર સોસાયટીના તેઓ આજીવન સભ્ય થયા અને એમને મંત્રી નિમવામાં આવ્યા ત્યારે સંસ્થામાં એવો ધારો પડી ગયેલો કે અમુક પત્રોનો સ્પષ્ટ ઉત્તર આપી શકાય એમ ન હોય અથવા તો સંસ્થાને નુકસાન થવાનો સંભવ હોય તો એનો ગોળગોળ જવાબ આપવામાં આવતો. રમણભાઈએ મંત્રી થતાં સોસાયટીની એ રીત બંધ કરાવીને પોતાનો વહેવાર સ્પષ્ટ અને શુદ્ધ કરેલો.' એક વેળાએ રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રભાવમાં રહેલા રમણભાઈ 'કૉંગ્રેસ બહાર તે નાતબહાર' એમ બોલેલા. એના અધિવેશનોમાં દૂરદૂરના પ્રાંતોમાં પૈસા ખર્ચીને જતાં રમણભાઈનો અધિવેશનોમાં ભાગ લેવો એક ખાસ શોખ રહેલો, પરંતુ સમય જતાં રમણભાઈને સમજાયું હતું કે આપણા દેશે સામાજિક કાર્યક્ષમતા અને રાષ્ટ્રીય એકતા બાબતે ઘણી મજલ કાપવાની છે. સામાજિક દુર્દશા અને અજ્ઞાનતા, જાતિભેદનાં વિષ અને દેશના પછાતપણાને કારણે સત્યાગ્રહ આંદોલનની ભૂમિ હજુ તૈયાર નથી એ બાબતે તેઓ ચિંતિત હતા. બંધારણીય રીતે જે કામ થઈ શકે અને થવાં જોઈએ એવી સ્થિર થયેલી માન્યતા, હિંદને સ્વાતંત્ર્ય મળે તો ધર્મઘેલછા અને અરાજકતા કેવી વ્યાપી વળે એ અંગે અવઢવભર્યા માનસને કારણે તેઓ ગાંધીજીના સવિનયકાનૂન ભંગ અંગે સાશંક બન્યા. આગેવાનોની મદદ મેળવવા ઇચ્છતા ગાંધીજીએ અમદાવાદના સહુથી મોટા આગેવાન ને સમગ્ર પ્રાંતમાં મોટા વિનીત નેતા રમણભાઈને મહાદેવ દેસાઈ દ્વારા પત્ર લખી મોકલાવ્યો હતો અને એ પત્રમાં શાળાઓ, અદાલતો અને કાઉન્સિલો છોડવા વિશે બંને વચ્ચે જે મતભેદ પડ્યો એ ગાંધીજીને ખૂંચ્યા કરવાની વાત કહી. ગાંધીજી સમયના અભાવે રમણભાઈને ઘરે આવીને સમજાવી શક્યા નથી એની દિલગીરી પણ એ પત્રમાં પ્રગટ થઈ છે અને રમણભાઈને નવજીવનમાં એક બે કૉલમ દ્વારા પોતાના વિચારો પ્રગટ કરવા તેઓ આમંત્રણ પણ આપે છે. રમણભાઈએ ૧૭ ઑક્ટો., ૧૯૨૦માં આ પત્રનો જવાબ વાળતા ગાંધીજીનો મત પોતે સ્વીકારી શકતા નથી એ બાબતે ખેદ દર્શાવ્યો પણ એ સાથે 'મારા અંતઃકરણની પ્રતીતિથી જે માર્ગ યોગ્ય લાગે તેનું અનુસરણ મારે કરવું જોઈએ એમ દઢપણે લખ્યું. નવજીવનમાં લેખો લખવાના આમંત્રણ બાબતે એમણે આનંદ પ્રગટ કરીને પોતે દિલચોરી કર્યા વિના એ પત્રમાં લખે છે કે : 'અસહકારની પુષ્ટિમાં હાલ થતાં જાહેર ભાષણોમાં જે ઝેર અને વેર બહાર કાઢવામાં આવે છે તે કાંઈક શમે અને વધારે સાત્ત્વિક વૃત્તિ ફેલાય ત્યાં સુધી વાદવિવાદથી અલગ રહેવું અને અસહકાર વિરુદ્ધ વિચારો પ્રગટ કરી એ દ્વૈષાગ્નિમાં ઇન્ધનનો ઉમેરો થવા ન દેવો પરંતુ એ તમોગુણ જલદી શમે એ સંભવ જણાતો નથી અને ચર્ચા અગત્યની છે. એ બીજો પક્ષ તુલનામાં લેતાં, આ બાબત વિશે લેખ લખવા એ બહેતર છે એમ મને જણાયું છે.' આ પત્રમાં અંગ્રેજ રાજ અમલ સામે પ્રજાની લાયકાત અંગે એમણે પ્રશ્નાર્થ કર્યો. ગાંધીજી ગમે એ ભોગે પણ ગુલામીની જડતાથી મુક્ત થવા ઇચ્છતા હતા જ્યારે રમણભાઈનું બંધારણવાદી માનસ અસહકારની પ્રવૃત્તિનાં પરિણામો અંગે ચિંતિત રહેલું. મતભેદ હોવા છતાં રમણભાઈનું ઘર ગાંધીજીને માટે જાત્રાનું ધામ હોય કે પોતે રમણભાઈના ભક્ત છે એમ ગાંધીજી પોતાની મોટાઈને કારણે કહી શક્યા પણ સામાન્ય પ્રજા એ ક્યાંથી સમજે ? અસહકાર તરફના વલણને કારણે રમણભાઈની ઠીકઠીક પજવણી થઈ. રાજદ્વારી વિષય પર બોલવા ઊભા થતા રમણભાઈને ધાંધલ કરીને બેસાડી દેવાના પ્રયત્નો થતાં તે છતાં વિનીત વિચારોને એમણે જાહેર કરવામાં ક્યારેય સંકોચ દાખવ્યો નહીં. રમણભાઈ આવી ધાંધલ વેળાએ હિંમતથી કહેતા, 'તમે ગમે તેટલો અવાજ કરશો તોયે હું મારે જે કહેવાનું છે તે કહીશ જ.'[૯] આ મિજાજ સંમતિવયના કાયદાના વિવાદમાં, સિદ્ધાંતસારની

ચર્ચાઓમાં, મણિલાલ સાથેના દ્વૈત-અદ્વૈતની ચર્ચામાં, કુસુમમાળાના અવલોકન[૯] જેવા મુદ્દાઓમાં જોવા મળે છે. જ્ઞાનસુધાના અંકોમાં પ્રસિદ્ધ થયેલા ચર્ચાપત્રોમાં રમણભાઈએ જે જવાબો વાળ્યા છે[૧૦] એના અભ્યાસ પરથી પણ કહી શકાય એમ છે કે પત્રલેખક રમણભાઈ અકળાતા હોવા છતાં માર્ગ ચૂકી જતા નથી. સ્થિર અને ધીરપણે એનો જવાબ વાળે છે. જે યોગ્ય જણાય એ કહે જ છે. એ લખાણોમાં તેઓ પોતાના વિશાળ વાચનમનનથી ઘડાયેલી પ્રજ્ઞા, સ્થિરતા અને સત્યની દૃઢ પ્રતીતિ કરાવી આપે છે.

**[દિલ્હી સાહિત્ય અકાદમી અને ગુજરાત વિદ્યાસભા આયોજિત રમણભાઈ નીલકંઠ પરિસંવાદમાં અપાયેલું વક્તવ્ય સુધારાવધારા સાથે.]**

**સંદર્ભનોંધ :**


૧. રમણભાઈ નીલકંઠ – બિપિન ઝવેરી, ગુજ. વિદ્યાસભા, ૧૯૫૩, પૃ. ૩૮
૨. એજ, પૃ. ૩૫
૩. એજ, પૃ. ૬૦
૪. એજ, પૃ. ૬૧
૫. એજ, પૃ. ૬૫
૬. જુઓ : કાન્તના પત્રો – સં. દર્શના ધોળકિયા, ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૦૯
૭. રમણભાઈ નીલકંઠ – બિપિન ઝવેરી, ગુજ. વિદ્યાસભા, પૃ. ૮૬
૮. એજ, પૃ. ૯૯
૯. જુઓ : કેટલાક સાહિત્ય વિવાદો – ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૧૧
૧૦. જુઓ જ્ઞાનસુધા : સ્વાધ્યાય અને સૂચિ – સં. ધીરુભાઈ ઠાકર, ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૮૭


બહાર કૃત્રિમ સાધન-સગવડો શોધવાં એ અંતરની કંગાલિયતનું ચિહ્ન હોય છે. દિલ ખાલી છે, મન શૂન્ય છે એટલે જ્યાંથી ત્યાંથી કંઈ ને કંઈ પકડી લાવવાનાં ફાંફાં ચાલે છે. લેવાનું, માગવાનું, ખરીદવાનું. આખું ઘર વિવિધ સાધનસામગ્રીથી ભરી દેવાનું. નવું નવું વસાવવાનું. અંદરની શૂન્યતા ન દેખાય એ માટે બહાર ધનનું પ્રદર્શન કરી દેવાનું. હા, કન્યા કદરૂપી હોય ત્યારે જ એને આભૂષણોથી ઢાંકી દે છે ને !

બહારનો પરિગ્રહ એ આત્માનું માનસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દેવાળું બતાવે છે. જ્યારે અપરિગ્રહ એ અંતરની સંસ્કારિતાનો સાક્ષી છે. સાદાઈ એ દિલની અમીરાઈની મહોર છે.

**– ફાધર વાલેસ**

# અસ્તિ : આછી કથા અને કલ્પનાસભર દૃશ્યાવલિ

પ્રફુલ્લ રાવલ

'અસ્તિ' કથાસાહિત્યના વર્ગમાં જેને સમાવી શકાય તેવી ગદ્યકૃતિ છે. વિવેચકોએ એને નવલકથા કે લઘુનવલ તરીકે ઓળખાવી છે. 'અસ્તિ'નું ગદ્ય સરળતાને ઉલ્લંઘતું ગદ્ય છે. કથા છે પરંતુ આછીપાતળી. તેનું રૂપ પામવા વાચકને મથામણ કરવી પડે તેવી આ કથા અહીં ઘટનાની ઘટમાળ સાથે સપાટી પર ચાલતી નહીં પણ મંદગતિએ ભીતર વહેતી કથા છે. સંવેદન કે દૃશ્યોના ભાવ તળે કથા શોધવી મુશ્કેલ પડે છે.

કથાના નાયકનું નામ ? હશે, હોય જ. પરંતુ અહીં તો સર્જકે સર્વનામનો વિનિયોગ કર્યો છે. નામ નિશ્ચિત સીમા બાંધે છે ત્યારે સર્વનામ સીમામાં રહીને પણ એને વળોટી જાય છે. આ સર્વનામ ત્રીજા પુરુષ એકવચનનું છે. એટલે કે 'તે' કથાનો નાયક છે. 'તે' દ્વારા મનુષ્યનો નિર્દેશ છે. એ મનુષ્ય કોઈ પણ હોઈ શકે અથવા કોઈ પણ મનુષ્ય 'તે' હોઈ શકે. આ 'તે'ની કથા સર્જકે આપણને કહી છે. તેય આડીઅવળી, જેમાં 'તે'ની વિચારસૃષ્ટિને સર્જકે વ્યક્ત કરી છે તો ક્યાંક સ્વયં સર્જકની વિચારસૃષ્ટિ અભિવ્યક્તિ પામી છે. આ વિચારસૃષ્ટિ વિશદ છે એટલે ક્યારેક રુચિકર કરતાં રુચિ લાંઘતું વિશેષ છતું થયું છે. સ્વાભાવિક રીતે જેનો છોછ હોય તે અહીં વગર છોછે વ્યક્ત થયું છે. એમ કહો ને, વાસ્તવને વિસારે પાડ્યા વગર 'તે'ના નિમિત્તે મનની વાત – મનની કથા કહેવાઈ છે. તેથી વિષાદ, વિહ્વળતા, આનંદ, ક્ષુબ્ધતા, વ્યર્થતા ઇત્યાદિ સઘળા ભાવો નાયકની પરિસ્થિતિ પ્રમાણે આવતા રહે છે. 'અસ્તિવાદ'ની વિભાવનાની છાયા તળે આ કથા આલેખાઈ છે. અહીં કેટલુંક absurd – સંદિગ્ધ લાગે તેવી શૈલીમાં આ કથા નિરૂપાઈ છે. સ્થિરતામાંથી અસ્થિરતામાં વહેતી 'તે'ની મનોસ્થિતિ વચ્ચે હયાતી માટે મથતા મનુષ્યની આ કથા છે, જેને દરેકનો સ્વીકાર છે, દરેકનો નિષેધ છે.

'અસ્તિ'ના સર્જક શ્રીકાન્ત શાહે 'ના ! હું મારા સર્જન વિશે કશું કહેવા માંગતો નથી' એમ કહીને, 'હું તે માત્ર મારી પરિચિતતાના કોચલાંને બાઝી પડેલી સુષુપ્તિને, મૃત્યુને, તેના વિસંવાદને, મારા નિસંગ એકાન્તના કુતૂહલ દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન કરું છું. મારા ચિત્તમાં સંગ્રહાયેલી યુગો જૂની અનિશ્ચિતતા – જે માનવીય સંદર્ભની નીપજ છે – તેને સર્જનના સંવિધાન દ્વારા પામવાનો પ્રયત્ન કરું છું. મારું વિશ્વ તો શક્યતાઓનું – અનિશ્ચતતાનું વિશ્વ છે.' એ જ વિશ્વ 'અસ્તિ'માં પથરાયેલું છે. અલબત્ત, કથાનું ગદ્ય ક્યારેક વાચકને ભાવમાં ખેંચી જાય છે. પ્રકાશકે આ પુસ્તકમાં દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ કથાનું પહેલું વાક્ય છે : 'તેણે ગલીનો વળાંક પસાર કર્યો.' પ્રસ્થાન અધ્યાહાર છે. 'ગલીનો વળાંક' એ શબ્દો સૂચક છે. માણસ માત્રને જીવનમાં અવારનવાર વળાંક આવે અને તેને પસાર કરવો પડે. પછી તેણે શું કર્યું ? 'અને થોડી વાર ઊભા રહી સામેની દુકાનના ફુગાઈ ગયેલાં બારણાં તરફ નજર કરી.' અને ત્યારે 'બરાબર બંધ થયેલાં બારણાં વચ્ચેની તિરાડ તેને બિહામણી ભાસી.' તે તો ઊભો જ રહ્યો અને ત્યાં 'ઘોડાગાડી પસાર થઈ' અને એનું 'ગોળ ફરતું પૈડું ઝડપથી પસાર ન થઈ જાય એ માટે તેણે દૃષ્ટિને આરાઓની વચ્ચે ઘોંચી. ઊંચાનીચા થતા પગ ન હોવાને કારણે પૈડું ખેંચાતું – ફંગોળાતું ઝડપથી દોડી ગયું.' મનુષ્યજીવનમાં ખેંચાવું – ફંગોળાવું એ નિશ્ચિત ઘટનાનો આ પ્રતીકાત્મક નિર્દેશ છે.

દુકાન પાસે ઊભેલો માણસ, ઊંઘતો કૂતરો અને એક છોકરાની પ્રવૃત્તિ પછી 'ચપટાં મોઢાંવાળી બે સ્ત્રીઓ શાકની થેલી લઈ બાજુમાંથી પસાર થઈ' ત્યારે કથાનાયકનો વિચાર જે ગતિએ ચાલ્યો તેમાં આ જગતના મનુષ્યની વિચારધારાની એક બાજુ સર્જકે અભિવ્યક્ત કરી છે. વળી 'એક છોકરી પસાર થઈ.' કેવી હતી એ

છોકરી ? 'સ્કર્ટમાંથી નીચે લટકતા તેના માંસ વગરના પગને તે જોઈ રહ્યો.' સાથે ચાલીસેક વર્ષની બેડોળ સ્ત્રી પણ તેણે જોઈ. સુંદરતા સાથે 'બેડોળપણા'નું અસ્તિત્વ છે જ એ સત્યને સર્જક પછીના વાક્યમાં ઉજાગર કરે છે. એ સ્ત્રીની 'કેડ નીચે અવ્યવસ્થિત રીતે ચોંટાડેલો સાડલો' હતો. લાંબું વર્ણન નહીં પણ 'અવ્યવસ્થિત' અને 'ચોંટાડેલો' એ શબ્દો દ્વારા સ્ત્રીનું ચિત્ર શ્રીકાન્ત શાહે આપ્યું છે જે સ્તનપાન કરાવતી હતી. બસ, આછો લસરકો કરી સર્જક 'સામેની દુકાનની તિરાડ મડદું થઈ પડેલા માણસની ઉઘાડી મોં-ફાડ બની' એમ બીજું દશ્ય રજૂ કરે છે. કથાનાયક 'તે'ની આ માનસિક ક્રિયા છે જે અસ્તિની ઝંખના રાખે છે. વળી ત્યારે આખીયે શેરી જીવતી હતી. સર્જક અરૂઢ રીતે કહે છે : 'આવતા જતા બધા જ માણસો જીવનને પોતાની સાથે ફેરવતા હતા.' શું એ માણસો પાસે, 'તેમનાં મોઢાં ઉપરની હતાશા, દૈન્ય, તિરસ્કાર અને ભીતિ એ બધું તેમણે જીવનની અનેકવિધ આંટીઘૂંટી ઉકેલતાં ઉકેલતાં મેળવેલું ઐશ્વર્ય હતું' (પૃ. ૩) ઐશ્વર્યની પ્રાપ્તિ સાથે એ પરિસ્થિતિ એ બધા માણસોના ભાગ્યમાં આવી જેને સર્જકે તેમની 'નિજી સંપત્તિ' કહી છે, જેના દ્વારા એમનો આપ-લેનો વ્યાપાર ચાલતો અને એ માણસો ન તો ક્યાંય થોભતા કે ન કશુંય વિચારતા. આ સામાન્ય માણસની નિયતિ છે.

કથાનાયક 'તે' આ બધાની અવહેલના કરવા પોતાની મુક્કીને સખત રીતે બીડે છે. એમાં એનો આક્રોશ છે. કથાનાયકની 'નિજી સંપત્તિ' તો ખિસ્સા પર પડેલો શાહીનો ડાઘ હતો. સર્જકનું વિધાન છે : 'આ ડાઘ, તેના જીવનનું – મથામણનું – કાર્યનું અને તેના અસ્તિત્વનું પ્રતીક હતો.' (પૃ. ૪) એના જીવવાનું રહસ્ય એમાં છુપાયેલું હતું. વળી કથાનાયક સામે રહેલા દુકાનોના હારબંધ પોલા બાંકાઓ તરફ જુએ છે, જ્યાંથી આવતો 'અવાવરુ પ્રકાશ' શેરીને વધારે કઢંગી બનાવતો હતો અને ત્યારે 'તેણે જોયા કર્યું.' જોકે 'તેની નજરમાં ગુસ્સો હતો. તેની ઊંચકાયેલી પાંપણોમાં યુગોનો બોજો હતો. તેની દૃષ્ટિમાં વેધકતા હતી – જે પદાર્થોની આરપાર પ્રકાશની મદદ વિના પ્રવેશી તેના અંતસ્તલને સ્પર્શી શકતી હતી.' (પૃ. ૫)

કથાનાયકના મનમાં 'વિનાશકયંત્ર'થી જીવતા લોકોનો સંહાર કરવાનો વિચાર પ્રવેશે છે અને આ વિચાર સાથે અનેક સંભવિતતાને એ વિચારે છે. આ છે સરેરાશ માણસની વૃત્તિ. એ પછીના દીર્ઘકથનમાં અનેક દશ્યોની શૃંખલામાં જાણે કે તે જડાઈ ગયો છે. જે દશ્યો કથાનાયકે જોયાં છે તે મનુષ્ય જીવનની જ વિવિધ સ્થિતિને નિર્દેશે છે. ગમે કે ન ગમે બધું જ જોવું પડે છે. એ દશ્યો સાથે જોડાયેલા બધાનું તેણે – કથાનાયકે મૃત્યુ વાંછ્યું છે. આ એની માનસિકતા છે.

એ પછી કથાનાયક સિગારેટ સળગાવે છે અને એની રાખ એક દૂબળા માણસના પગ ઉપર ખંખેરે છે, બે વાર, સમાજમાં દૂબળા માણસની આ જ સ્થિતિ હોય છે. કથાનાયકનું માનસ કેવું હતું ? ગરીબી ઉપર બધા દોષોનું આરોપણ કરી નિર્દોષ છૂટી જતા આ માણસ તરફ તેને તિરસ્કાર, ક્રોધ અને ગ્લાનિ પેદા થયાં.' (પૃ. ૯) કથાનાયકની ક્રિયામાં કથાનો વિકાસ થતો રહે છે. આ વિકાસમાં ઘટનાઓ નથી પરંતુ કથાનાયકની વિચારગતિ દ્વારા સંભવિત ઘટના છતી થઈ છે. આ ખંડ જુઓ;

'દુકાનોની ઉપર બીજા માળે, કઠેડો પકડી ઊભેલી એક બંગાળી સ્ત્રીના બ્લાઉઝ વગરના દેહ તરફ તેની દૃષ્ટિ ગઈ. પાતળી સાડીના સળ વતી છુપાયેલાં લચી પડેલાં સ્તનો અને ખભા નીચેની ચામડીના કાળા લચકામાં તિમિરનું ધ્વંસ પામેલું કાળું ખંડેર તેને દેખાયું. પતિની રાહ જોતી આંખોમાં પેઢીને ચાલુ રાખવાની કોશિશ દેખાઈ, અને પલંગ ઉપર બરાબર ગોઠવેલાં ઓશીકાં ઉપર લાળિયા કાનખજૂરાનું ઝનૂન દેખાયું' (પૃ. ૧૦-૧૧)

અહીં 'પતિની રાહ જોતી આંખોમાં પેઢીને ચાલુ રાખવાની કોશિશ દેખાઈ' વાક્ય દ્વારા સંકેત તો માતૃત્વનો છે તો સાથેસાથે શરીરની ભૂખનો પણ નિર્દેશ છે. 'લાળિયા કાનખજૂરાનું ઝનૂન' દ્વારા પુરુષની વાસના છતી કરાઈ છે. કથાનાયકને થાય છે : 'તે અમીબા હતો, વ્હેલ હતો, સીલ હતો કે કોઈ વર્ષાદભીનાં અળસિયાંનો કાટમાળ હતો ?' એમ જ એની વિચારગતિ ચાલતી રહે છે. આ ગતિમાં જ કથામાં નવી નવી મનોઘટના ઊઘડતી રહે છે. 'સામેના સ્થિર મકાને એક વર્તુળ બનાવ્યું, અને એ વર્તુળમાં ઘેરાઈ ચક્કર ખાતો અંધકાર એક તંતુ જેવો

લાગવા માંડ્યો.' (પૃ. ૧૨) જેવા સંદિગ્ધ વાક્ય દ્વારા કથાનાયકના મનની વિહ્વળ સ્થિતિ પમાય છે. સર્જક કીડીની પ્રવૃત્તિ દ્વારા એક પ્રતીકાત્મક સંદેશ આપે છે, પછી છોકરીને કીડી ગણીને સર્જક કથામાં એક નવી ઘટનાનો તણખો મૂકે છે. તે આવો છે :

'લાકડાના બેવડ મકાનમાં ઉઝરડા પડેલી બારીઓ વચ્ચે રહેતા એક માણસની કીડી જેવી એક છોકરીને ડચકાર ખાતો ક્ષય થાય. હાડકાં ઉપર ચઢેલી ચામડીવાળું રુંવાડું – શરીર એક પુત્રી હોય એની નવાઈ શમે ન શમે તોય એક માણસ એનો પિતા હોય, પગારમાંથી કીડીની માવજત કરતો હોય, તેને દવા, ગ્લુકોઝ, ઇન્જેક્શન્સ આપતો હોય, અને રાતના ગરમ કામળાને વેચી તે પુત્રી માટે મોસંબી લાવતો હોય અને કીડી કદાચ બચી જાય તો – તેનું પરણાવવા સિવાય બીજું કશું ન કરી શકાય, છતાં તેને જિવાડવા પ્રયત્ન થતા હોય.' (પૃ. ૧૩-૧૪)

અહીં 'માણસ' શબ્દનો વિનિયોગ સૂચક છે. કોઈ નામ સર્જક પાડતા નથી. માત્ર 'માણસ' એટલું જ કહે છે, એ દ્વારા સમગ્ર માણસજાતનો નિર્દેશ છે. એ સામાન્ય માણસ છે અને સામાન્ય માણસની જિંદગીમાં આવું જ કંઈક બને. ચવાઈ ગયેલા શબ્દોને દૂર કરીને માણસને જીવવાની થોડી નવરાશ આપી શકાય એવું કથાનાયકને લાગ્યું છે તેમાં કથાનું બીજું પાસું ઊઘડે છે. અહીં સંકેતો દ્વારા કથા આગળ વધે છે. વચ્ચે સર્જક થેલ્સનું સ્મરણ કરીને એક તાત્ત્વિક વિધાન કરે છે : 'પ્રતીતિ તીવ્ર બને છે ત્યારે જ કદાચ એ સત્ય બને છે. તીવ્ર પ્રતીતિ એ જ કદાચ સત્ય છે. તીવ્ર પ્રતીતિ એ સત્ય છે. અથવા સત્ય એ અપ્રતીતિનું બીજું નામ છે.' (પૃ. ૧૫) આવું તાર્કિક વિશ્લેષણ કર્યા પછી 'આ દાહક જીવનમાં ચૈત્રનું ઠલવાતું આકાશ જ્યારે તીવ્ર બને છે ત્યારે બાવળની કાંટમાં પડેલું આછોતરું પીછું એ આકાશ બની શકતું નથી' (પૃ. ૨૫) એ વિધાન દ્વારા પેલા તર્કનો છેદ ઉડાડે છે.

આ કથામાં વચ્ચે વચ્ચે સર્જકનો શાશ્વત સ્થિતિ નિર્દેશતો અવાજ સંભળાય છે. કથાનાયકની પ્રવૃત્તિ સર્જક જ કહે છે : 'સાંજની ઢળતી જતી વેળામાંથી તે માર્ગ કાઢી, શેરી, રસ્તો, દુકાનો, માણસો વટાવતો વટાવતો ઘરે પહોંચે છે – નિરુત્સાહ બનીને.' (પૃ. ૧૫) તે ઘરનું બારણું ખખડાવે છે અને સરેરાશ મનુષ્યની બધી જ ક્રિયા-પ્રવૃત્તિ સર્જકે વર્ણવી છે.

અહીં નાના મહેશનો ઉલ્લેખ થયો છે. અને સર્જક કહે છે : 'મહેશ પણ માણસ છે તેના જેવો જ માણસ.' (પૃ. ૧૬) સમયનું સંયોજન કથામાં વર્તાતું નથી. કથાનાયક 'તે'ની વૃત્તિ-પ્રવૃત્તિ સર્જક જ કથતા રહે છે. એમાં લોટ દળવાની ચક્કીમાં કામ કરતા માણસનું બાકસ માંગવું જેવી ઘટના પછી એ માણસનું ચિત્ર આમ આપ્યું છે : 'સલુકાઈથી એણે બાકસ માગી અને કાનની અભરાઈએ મૂકેલી બીડી ખેંચી, સળગાવી, કાનની પાછળની પીળી ચામડીની કોર બીડીનાં ખસી જવાથી વધારે સ્પષ્ટ બની દેખાવા માંડી. એ એ જ ત્વચા હતી જેનો રંગ ગર્ભના અંધકારમાં ઘડાયો હતો. એ એ જ શરીર હતું જેનો આકાર વાવના અવાવરું અંધારામાં જ ઘડાયો હતો. આ આકાર અને સ્વરૂપની મર્યાદા લઈ તેણે આ પૃથ્વીના વાતાવરણમાં પહેલો શ્વાસ ઘૂંટ્યો હતો. અને ત્યારબાદ સતત એ શ્વાસને ઘૂંટ્યા કરવા માટે તેને કેટકેટલી જહેમત લેવી પડી હતી તેનો ખ્યાલ તેના ઊભા રહેવાની મુદ્રામાંથી અને મોઢા ઉપર ચોંટેલા લોટના થરમાંથી વરતાઈ આવતો હતો.' (પૃ. ૧૭-૧૮)

એ માણસનું આખું ચિત્ર, તેની સ્થિતિ સાથે સર્જકે રજૂ કર્યું છે અને તેની આર્થિક પરિસ્થિતિનો ખ્યાલ, 'પાટલૂનના ઉજ્જડ ખિસ્સામાં હાથ નાખી તેણે એકાદ સિક્કાને આંગળી વતી ગણવાનો પ્રયત્ન કર્યો, અને પછી ઉંદરની ત્વરાથી હાથને પાટલૂનની કોર સાથે ઘસી બહાર ખેંચી કાઢ્યો.' (પૃ. ૧૮) વાક્ય દ્વારા દર્શાવ્યો છે. સનાતન ક્રિયાનું કંઈક ઉપદેશાત્મક દીર્ઘકથન કહીને અંતે 'અને આપણું ચિત્ર તદ્દન ઠંડું અને લાગણીશૂન્ય છે – અને જે હંમેશાં રહેશે' (પૃ. ૧૯) જેવું તારણ આપે છે. અને છતાં 'અગમ્યની ઝંખના' માણસ કરે છે. જીવનનું તત્ત્વજ્ઞાન સર્જક ગૂંથે છે અને 'તે અટક્યો' જેવું વાક્ય મૂકીને મૂળ કથાનું અનુસંધાન સાધે છે. 'એક મોટરનો તેજપ્રકાશ તેને અજવાળતો ઝડપથી વહી ગયો.' (પૃ. ૨૦) એ વાક્ય દ્વારા વળી નવી ઘટનાનો ઉદય છે. બધું આડુંઅવળું આવે છે પરંતુ કથાનાયકનું વિચારચક્ર એ જ કથાની ગતિ છે. ઘરના સંદર્ભ દ્વારા કથાનાયકનો વર્તમાન અને અતીત

સર્જક આપે છે. એમાં વળી દાતણ વેચતા વાઘરીને સાંકળે છે. ફાનસનો સંદર્ભ છે. ફાનસ સાથે જીવડાં આવે છે. લંગડી રમતા છોકરાના ટોળાનો ઉલ્લેખ અને શેરીના કોલાહલ વચ્ચે કથાનાયકના અતીતનો માહોલ સર્જકે આલેખ્યો છે. 'તે રમતો હતો, અને રમતને નિયમો હતા' (પૃ. ૨૩) એવું કહીને આ રમવું એ ઘટના, મનુષ્યના જીવનનું અભિન્ન અંગ છે એવું કથન કરે છે. દરરોજ રમવાનું છે. 'પરંતુ બીજે દિવસે આ રમતના કળણમાં પડ્યા સિવાય તેને ચાલશે નહીં.' (પૃ. ૨૪) માણસની આ નિયતિ છે. અહીં 'કળણ' શબ્દ દ્વારા સર્જકે જીવન રમતનું સત્ય દર્શાવ્યું છે. 'તે' – કથાનાયક – જે સહારો તો મોટાભાઈનો જ લેવાનો છે. સહાય કે સહારા વગર મધ્યમવર્ગને ન ચાલે. અને રમતમાંથી ભાગી છૂટવાનો કશો જ અર્થ નથી એવા વાસ્તવને સર્જક સાર્ત્રના સંદર્ભથી સમજાવે છે. વળી દશ્ય બદલાય છે. કાગડો છે. જીવડાં છે. માણસોના ભયભીત ચહેરાઓ છે. દરેકને મહાકાલના યજ્ઞમાં સમિધ બનવાનું હતું. સર્જકના મતે આ સમુદાયમાં ક્યાંયે ભગવાન તથાગત, ઈશુ કે મહાવીરનું સ્થાન નહોતું. અવતારની નિરર્થકતાનો આ સંકેત છે. અસ્તિવાદની વિભાવનાનો સૂર અહીં સંભળાય છે.

નવું કલ્પન કે દશ્ય લંગડાતી સ્ત્રી અને તેની વૃદ્ધ માનું છે. 'સાડલો બદલાવતી તેની પુત્રીમાં પોતાનું યૌવન જોતાં પતિ સાથે વિતાવેલી કેટલીક રાતોને યાદ કરતી હશે.' (પૃ. ૨૫) એ વાક્યમાં પ્રત્યેક માણસના મનમાં ચાલતી પોતાના અસ્તિત્વની વાત નિહીત છે. વૃદ્ધાના વિચારવિશ્વ પછી કથાનાયકની વિચારલીલા પમાય છે. જે તરંગલીલા છે અને એમ કથામાં નવું પાનું ઉમેરાય છે અર્થાત્ વ્યર્થ કલ્પનાની ઘટમાળ છે. એક તબક્કે કથાનાયક પોતે સામ્યવાદી બન્યો હોત તો એવા તરંગમાં સરે છે. લંગડાતી સ્ત્રી અને વૃદ્ધાનું દશ્ય નવી દિશાએ વળે છે. કથાનાયકને 'સેરી તુરંગ જેવી લાગતી હતી.' (પૃ. ૨૭) મનની આ લીલા લંબાતી જાય છે. માળા ગણતી વૃદ્ધાની શ્રદ્ધાળુ તસવીર સાથે પતિ લાભશંકરના ઉલ્લેખ પછી એમનું ચિત્ર પ્રવૃત્તિ સમેત રજૂ થયું છે. તરંગ આગળ ચાલે છે. મજૂરોનું ટોળું, કથાનાયકે કરેલું બાળપણનું સ્મરણ, દાદાજીની વાત અને એમણે કહેલી વાર્તામાં કથાનો થોડો આસ્વાદ મળે છે. બાકી તો દશ્યો અને કલ્પનોની ભરમાર છે. દાદાજીનું મૃત્યુ થયું. 'તે ફૂલ વેચતો' અને 'તે દરરોજ આવતો. શિયાળાની ઠંડીમાં તેના જૂના મફલરમાં તેનું ગળું લપેટતો.' (પૃ. ૩૮) વાક્યોમાં કથાનાયકની પ્રવૃત્તિનો નિર્દેશ છે.

ફૂલ વેચવા સાથે અહીં એક ચીપડાવાળા ચીનાનો પ્રવેશ થાય છે. એના જીવનની સંભવિત ઘટના આલેખાઈ છે. સમાન ધંધાના કારણે કથાનાયક માનસિક રીતે એની સાથે જોડાઈ ગયો છે. 'આટલાં વર્ષે આજે તે ઘણા અનુભવમાંથી પસાર થઈ ચૂક્યો છે. ઘણુંયે સમજવા માંડ્યો છે પણ ચીપડાવાળા ચીનાનાં રંગીન ફૂલો, તેનું વંકાયેલું મોં અને પોતાના અંતર વચ્ચે જે એકત્વ ઘનીભૂત થયું છે એનું રહસ્ય દાદાજીના મૃત્યુ પછી પણ તેને સમજાયું નથી.' (પૃ. ૩૯) કથાના અંતમાં દાદાજી અને ચીનાનો ઉલ્લેખ આવે છે.

અહીં સુધી સર્જકે સંવેદનો, દશ્યો અને વિચારસૃષ્ટિનું એક વર્તુળ રચ્યું છે જેમાં કથાનો તંતુ પકડાતો નથી પરંતુ મનુષ્યની જિંદગીમાં અનેક શક્યતાઓ ને સંભવિતતા રહેલી છે. એની એક કાલ્પનિક સૃષ્ટિ સર્જકે રચી છે તેમાં ક્યાંક વાસ્તવનો સૂર સંભળાય છે તો ક્યાંક તરંગલીલા ચાલે છે. શ્રીકાન્ત શાહનું ગદ્ય ક્યારેક ભાવલીલાનો આહ્‌લાદક અનુભવ કરાવે છે.

લંગડાતી ચાલતી છોકરી, તેની વૃદ્ધ મા અને ચીપડાવાળા ચીના સાથે ઘડિયાળીનો ઉમેરો થાય છે. 'આ બધા લોકો જીવતા હતા અથવા તો જીવવાનો પ્રયત્ન કરતા હતા.' (પૃ. ૪૧) ઘડિયાળીની પ્રવૃત્તિનું વર્ણન સર્જક કરે છે. આગળ 'કદાચ' શબ્દનો આધાર લઈને સંભાવનાને રજૂ કરી છે. એ કલ્પનાવિસ્તાર છે. અહીં વંદો, પુષ્ટ વૃષભ ને ડુક્કરના સંદર્ભો પ્રતીકાત્મક છે. જુગુપ્સાપ્રેરક છે. 'અને ઓરડાની કાળીધબ દીવાલોની વચ્ચે વસ્ત્રવિહોણી કાયા તેનાં વસ્ત્રોની અડાબીડ વનસ્પતિ વચ્ચે અટવાય છે. ધૂંધવાય છે.' (પૃ. ૪૫) ત્યાં સર્જક 'તેની વૃદ્ધ મા બાજુમાં મૂકેલા દીવાની વાટ ધીમી કરી, પોપચાં બીડી દે છે.' (પૃ. ૪૬) આ પોપચાં બીડવાની કે બિડાવવાની ક્રિયા સતત ચાલતી રહે છે. છતાંય બધાં પોપચાં એકીસાથે કદી બંધ થયાં નથી. સર્જકને જાંબાલી

મુનિનું સત્ય અને યુધિષ્ઠિરનું અસત્ય મિથ્યા લાગ્યું છે અને મિથ્યા લાગી છે જિંદગી. છતાંય 'આ જીવનની અનેક નાનીમોટી ભાંજગડો વહોરીને આ બધા મનુષ્યો જીવી રહ્યા છે.' (પૃ. ૪૮) એ જ જીવન છે. ઊભા થયેલા એક મડદાનું ચિત્રણ સર્જકની વ્યર્થ કલ્પનાલીલાનું પ્રમાણ આપે છે. 'ઈશ્વર મૃત્યુ પામી રહ્યો છે.' એવું કહેતા સર્જક અસ્તિત્વવાદની વિભાવનાનો જાણે ઉદ્‌ઘોષ કરે છે. સંઘર્ષો વચ્ચે પણ તેનું 'હિતોત્સાહ મન – જીવવા મથી રહ્યું છે. જીવી રહ્યું છે.' (પૃ. ૫૦)

શ્રીકાન્ત શાહ દૃશ્ય ફેરવે છે. 'પાસેના મકાનમાં અજવાળું થાય છે.' તેમાંથી 'દાસી થયેલો અંધકાર શ્વાનની ત્વરાથી બહાર નીકળી જાય છે.' (પૃ. ૫૧) સર્જકે 'ઘોંઘાટિયા શબ્દોની ઇયળ' જેવા શબ્દ દ્વારા સંદિગ્ધ મનોજગતને નિર્દેશ્યું છે. 'દીવો હજુ બળે છે' અને 'મકાનની બારી પાસે એક માણસ આવી ઊભો રહે છે' દ્વારા જે સંકેતાયું છે તે પણ વરવી પરિસ્થિતિ માટે જ. પરંતુ આ બધો સર્જકનો સંદિગ્ધ મનોવ્યાપાર છે. માત્ર ગૂંચળાવાળી અભિવ્યક્તિમાં સર્જકનો વિહાર છે. અભિવ્યક્તિમાં નવીનતાનો આ વ્યાયામ સર્જકની સર્જકતાને મિથ્યામાં પળોટી દે છે. 'આકાશની સ્ટ્રેચર પર સૂતેલો સૂરજ' જેવી કલ્પના સિવાય ચાતુર્ય કથાને કંઈ ખપતી નથી. શીળા દાક્તર, કોલસાવાળો, પાકેલા શિંગડાવાળી ગાયના આધારે સર્જકે પ્રતીકાત્મક શૈલીથી મનુષ્યની દયનીય સ્થિતિને આલેખી છે. કેટલીક કલ્પના મનને રાશ આવતી નથી. હા, કલ્પનો ઘડીભર નવીનતાનો ભાસ કરાવે છે. વિવિધ વૃત્તિ ધરાવતા મનુષ્યોની વૃત્તિને સર્જકે અનાવૃત કરી છે તેમાં ક્યાંય સુરુચિ જોખમાય છે. ભલે, કથાનાયકનું નામ સર્જકે નથી પાડ્યું પણ સ્ત્રીપુરુષ બાળકનાં નામો મળે છે જે સર્જકના મતે 'આ બધા જ માણસો છે.' (પૃ. ૬૫) અને માણસ હોવાના નાતે એમની વૃત્તિ-પ્રવૃત્તિ પણ છે જ. સર્જકે એનું ખાસ્સું લાંબું વર્ણન કર્યું છે. તેમણે શું કર્યું છે ? સર્જકના શબ્દો સાંભળો :

'હા ! તેઓ બધાએ યહૂદીઓની હત્યા કરી છે. હા ! તેઓ બધાએ ધર્મયુદ્ધો કર્યાં છે. હા ! તેઓ બધાએ હીરોશીમા ઉપર બૉમ્બ ફેંક્યા છે. હા ! તેઓ બધાએ શાંતિની, સમાન અધિકારોની, સ્ત્રીસ્વાતંત્ર્યની, નવી કેળવણીની, મુક્ત પ્રેમની, સહચારની, વિશ્વબંધુત્વની, નિઃશસ્ત્રીકરણની, લગ્નપ્રથાની, તત્ત્વજ્ઞાનની, ગણિતની, ભૂમિતિની, ભૌતિકશાસ્ત્રની, ધર્મની, ભગવાનની, મંદિરોની, અગ્નિની, ખેતીની, પશુપાલનની, પૈડાંની, ગતિની, શક્તિની, અણુની, વિભાજનની – શોધો કરી છે.' (પૃ. ૬૬)

તેઓ કોણ છે ? સર્જક શ્રીકાન્ત શાહ કહે છે :

'હા ! તેઓ બધા જ ગાંધીજી છે. લિંકન છે. સ્વિટ્ઝર છે. કૃષ્ણ છે. વિવેકાનંદ છે. બુદ્ધ છે. ઈશુ છે. પયગંબર છે. રસેલ છે.' (પૃ. ૬૬)

અને વળી કહે છે, 'કારણ કે તેઓ બધા જ મનુષ્યો છે.'

કંઈક મુખર એવું આ કથન અતિરેક માત્ર છે. કથામાં વિચારને પરાણે સામેલ કરે છે. આ શેરીનું કમઠાણ છે. જે પ્રત્યેક શેરીમાં જોવા મળે છે. સર્જક પીળી ફીતમાં ખેલી છોકરી જે શેરીના ખૂણા પાસે ઊભી છે તેની ગાથા રજૂ કરે છે. કાળક્રમે 'તેની પીળી ફીત હવા સાથે ઘસાતી પાનખર બની ચૂકી છે.' (પૃ. ૬૮) અને એટલે જ 'આજે આટલાં વર્ષે, હાથતાળી દઈ ભાગી છૂટેલા પ્રેમનો કે ગુમાવી દીધેલા જીવનનો તેને ઝાઝો વસવસો નથી. કારણ કે તેણે પીળી ફીતનું, પ્રેમનું, પત્નીનું અને જીવનનું મૂલ્ય ગુમાવ્યું છે. તેને આજે આટલાં વર્ષે કશાનું દુઃખ નથી, કારણ કે તેણે કશું જ મેળવ્યું નથી.' (પૃ. ૬૯)

શેરીનું – શેરી બહારનું વાતાવરણ પણ સર્જકે એ જ શૈલીમાં કરીને બધા માણસોને 'બેહૂદા અને કૃત્રિમ' ગણે છે. શેરીમાં બધું કોલાહલભર્યું અને ગમગીન છે. 'અહીં માત્ર શૂન્યતાનો અંધકાર આસપાસ વીંટળાઈ વળેલો છે.' (પૃ. ૭૩) આગળ સર્જક કહે છે : 'આજે સમજાય છે કે હરેક વસ્તુના ગર્ભમાં હંમેશાં એક જીવનપ્રવાહ વહેતો હોય છે – જેતે વસ્તુમાં રમમાણ એવા વસ્તુત્વને હંમેશાં મૃત્યુ ભણી, વિચ્છેદ ભણી, સર્વનાશ ભણી દોરી જવા પ્રયત્નશીલ હોય છે' આ છે આધુનિક યુગના માણસની સમજ. બિલાડીનો સંદર્ભ કથાનાયકના મનને ઉઘાડવામાં સહાયભૂત થાય છે. ભ્રાન્તિથી એકાન્ત સુધીની સફર સર્જકે વણી છે અને બધું મિથ્યા હોવાનું વલણ વ્યક્ત કર્યું છે.

છેલ્લે 'હું તમને શું કહું ?' એમ કહેતો કથાનાયક મનની વાત તો કરે જ છે :

'આ ઉઘાડી શેરીમાં કેટકેટલાયે માણસોના કંટાળાભરેલા અવાજો અહીંતહીં ઠેર-ઠેર ભટકી રહ્યા છે. તેમનાં અચેત શબોની વેદના ત્યજી – સૂર્ય ક્યારનોયે આથમી ચૂક્યો છે. આજે યુગો પછી પણ આ બધા જ મનુષ્યો એ જ ઉદાસીનતા લઈ ગલીઓમાં – તોળાઈ રહેલા નિશ્ચિત ભાવિ તળે – જીવી રહ્યા છે. તેમના ઘરમાં સૂનકાર છવાયેલો છે છતાં તેઓ ઝંઝાવાતભર્યા દિવસો પસાર કરતા – જીવી રહ્યા છે.'

મનુષ્યની આ નિયતિ છે. સર્જકને આ વાસ્તવની વાત કહેવી છે અને એ નિમિત્તે 'તે'ના દ્વારા અસ્તિત્વની મથામણ વ્યક્ત કરી છે. વ્યર્થતાના વિચારની અભિવ્યક્તિ અર્થે કથાનું આલંબન લીધું છે, પરંતુ કથાનું રૂપ ઘડાયું નથી અને નિબંધની ઘાટી બંધાઈ નથી.

કથાનાયકને ઉદાસીનતામાં અને ઝંઝાવાતમાં જીવતા મનુષ્યો 'પડછાયાઓ' લાગે છે. કથાનાયકને લાગે છે કે, 'તેમની પાછળ તેનું સાચું સ્વરૂપ છુપાવી બેઠેલું જીવન તો તેમનાથી ક્યાંયે વેગળે ચાલી જઈ કોઈ અશ્વત્થની ઝીણી કૂંપળોમાં ભરાઈ બેસી પડ્યું છે. હું આ બધાને જોઉં છું. મારી સામે – મારામાં જ – મારો જ અંશ બની ભટકતા આ ભુખાળવા આત્માઓને હું જોઉં છું ત્યારે મને લાગે છે કે જીવન કદીયે – જીવવા જેવું નથી. મારી આજુબાજુમાંથી જાણે કે અનેક રેશમી કોલાહલો આવી તેની સુંવાળપમાં મને લપેટી લે છે. અને હું તેના પોલાણમાં અવશ બની ઘેરાતો જાઉં છું.' (પૃ. ૮૦)

ત્યારે કથાનાયકની શી સ્થિતિ છે ? 'એક ધૂળના ઢેફામાં ઢબૂરાયેલી ભયંકર શૂન્યતા આવી મને તેના અંકમાં લઈ લે તેની હું રાહ જોઉં છું. મને ખબર પણ ન પડે એમ ભૂખરો વિષાદ તેનાં ગુપ્ત રહસ્યો ખોલી મારામાં પ્રવેશ કરે – અને મારો મારાથી જ વિચ્છેદ કરાવે તેની હું રાહ જોઉં છું.' (પૃ. ૮૦)

આમ કથાનાયક રાહ જુએ છે તેનું કારણ દર્શાવતાં કહે છે : 'કારણ કે મારી આગળ જ અસહાય બની મૃત્યુ પામેલા દાદાજી અને ચીપડાવાળા ચીનાની ઉઘાડી છીપલી જેવી મૂંઝાયેલી લાશો પડી છે. (પૃ. ૮૦)

'અસ્તિ'ની કથામાં માણસની પોતાની હયાતીનો સૂર વ્યક્ત કરવાની શ્રીકાન્તની સર્જનનેમ સર્વથા સિદ્ધ થતી નથી. આ સર્જનવ્યાયામ શિષ્ટ-અશિષ્ટ શબ્દરમતની કાર્યશાળા જેવો લાગે છે. અહીં તો આછી કથા અને કલ્પનાસભર દશ્યાવલિ પમાય છે.

ભય અને ચિંતા, ક્રોધ અને ક્ષોભ, સંકોચ અને નિરાશા... એ ભાવો માનવના મનમાં ને હૃદયમાં રમ્યા જ કરે છે અને – એ માનવવ્યક્તિ સાવધાન ન રહે તો – એની પાસે પોતાનું ધાર્યું કરાવે છે. ભય એને નસાડી મૂકશે, ચિંતા એનો જીવ ખાઈ જશે, ક્રોધ એને પાશવી બનાવી દેશે, નિરાશા ને ઉદાસીનતા એની શક્તિ લૂંટી લેશે... અને ધારેલા રસ્તે એ જઈ શકશે નહીં, ધારેલું કામ પાર પાડી શકશે નહીં. ઊર્મિતંત્ર જો બરાબર ચાલતું ન હોય તો વિચાર ને નિર્ણયતંત્રની કામગીરી પણ ખોરવાઈ જવાની.

**– ફાધર વાલેસ**

પ્રસાદ

बुद्धिप्रकाश

સો વર્ષ પહેલાં

● સંકલન : **થોમસ પરમાર**

**અકબરનો ધર્મ "દીની ઇલાહી."**

અકબર બાદશાહના ધાર્મીક વિચારો સંબંધી ઘણી જ ચર્ચાઓ ઉપસ્થિત થઈ છે. અકબરના સમયથી તે અત્યાર સુધી આ ચર્ચાઓ સંબંધી કાંઈ પણ નિર્ણય થઈ શક્યો નથી. તે સંબંધી કોઈ પણ વિદ્વાન લેખક જે કાંઈ કહે તે ઇતિહાસના અભ્યાસીઓ ઘણાજ રસથી વાંચે છે. આમ હોવાથી, આ સંબંધી આપણા કર્તાનું સર્વ લખાણ ઘણા જ ધ્યાનથી વંચાય એ સ્વાભાવિક છે.

આ વિષયના પ્રકરણની શરૂઆતમાં અલાઉદ્દીન ખિલજીના સમયના દિલ્હીના કોટવાલ અલા-ઉલ-મુલ્કે તે સુલતાનના નવો ધર્મ સ્થાપન કરવાના ઉત્સાહને ભાગી પાડવા માટે કરેલા સફળ પ્રયત્નનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણા કર્તાનું ધારવું એ છે કે અકબર બાદશાહના મનની સ્થિતિ પણ અલાઉદ્દીનના મનની સ્થિતિ જેવી જ હોવાથી તે સુલતાનના પ્રયાસ સંબંધી અત્રે કહેવાની ખાસ જરૂર છે. આ સંબંધી તેઓ કહે છે કે ''સુલતાનના પ્રયાસ સંબંધી અલા-ઉલ-મુલ્કે જે વિચાર જણાવ્યા તે માનવામાં અલાઉદ્દીને ઘણુંજ ડહાપણ વાપર્યું; તેમજ હિતકારક સલાહ આપવામાં અલા-ઉલ-મુલ્કે પણ ઘણું સ્તુત્ય પગલું ભર્યું. પરન્તુ જો જેસ્વીટ પાદરી એકવેવીવાને બાતલ કરીએ તો અકબર બાદશાહને આવી પથ્ય સલાહ આપે એવો કોઈ પણ નિમકહલાલ મિત્ર નહોતો; અને પાદરી એકલેવીવાની સલાહ માગવામાં આવી જ નહોતી. આ ઉપરાંત ધર્માધ્યક્ષ થવાના પોતાના હક વિરૂદ્ધ જરા પણ હકીકત અકબર બાદશાહ સાંભળી શકતો નહિ; કારણ કે જે માણસોએ ધર્મની બાબતોમાં બાદશાહની વિરૂદ્ધ મત દર્શાવવાની હિંમત ધરી હતી તેમને તેમના આ પ્રમાણિકપણા બદલ ભારે દુઃખ ખમવું પડતું હતું; અને કોઈ કોઈને તો મારી નાંખવામાં પણ આવ્યા હતા.'' આપણા કર્તા વધારામાં એવી ટીકા કરે છે કે ''અકબરે રાજ્યમાં પોતે ધર્માધ્યક્ષ થાય એવો નવો અને સુધારેલો ધર્મ પ્રસારવાનું કામ ઘણા વખતથી મન પર લીધું હતું.'' વળી ''દીની ઇલાહી'' ધર્મ એ અકબરની મૂર્ખાઇનું એક સ્મારક હતું.'' આ સર્વ લખાણો પરથી એમ સાબીત થાય છે કે અકબરની કારકિર્દીનો આ સૌથી ઉપયોગી બનાવ સ્પષ્ટ રીતે સમજવાને આપણા કર્તા તદ્દન અશક્ત નીવડ્યા છે. તેઓ આ નવા સુધારાને ''વ્યવસ્થા'' કહે છે તે બરાબર છે; પરંતુ તેઓ પછી એકદમ ''ગુલાંટ'' મારીને તે ''વ્યવસ્થા''ને ''ધર્મ'' બનાવી તેની વિરૂદ્ધ સખત ટીકા કરવા મંડી ગયા છે. અને એવી રીતે તેઓ ખોટે રસ્તે ચઢી ગયા છે. આ સમયે ઇસ્લામ ધર્મ સ્થપાયાને ૧૦૦૦ વર્ષો થવા આવ્યાં હતા;

તેને અંગે જગતમાં વિચિત્ર ફેરફાર થવાના હતા એવી જનસમાજની માન્યતા હતી અને આ કારણથી મુસલમાની આલમમાં તે વખતે ભારે ઉથલપાથલ થઈ રહી હતી; તેની અસર હિંદના મોગલની રાજ્યની મુસલમાન પ્રજા પર પણ ભારે થઈ હતી અને તે સમયે હિંદુસ્તાન તથા એશિયા ખંડની પશ્ચિમના બીજા દેશોમાં તેમજ સાધારણ રીતે યુરોપ ખંડમાં પણ ધર્મના વિચાર સંબંધી પરસ્પર વિરૂદ્ધ વહેણ જતાં હતાં; તે સર્વ હકીકતનો પુરેપુરો વિચાર કર્યા વગર અકબર બાદશાહના 'દીની ઇલાહી ધર્મ સંબંધી વિચારોનું સંપૂર્ણ જ્ઞાન મળવું ઘણું જ મુશ્કેલ છે. અકબર બાદશાહે 'નવો ધર્મ' સ્થાપન કર્યો એમ કહેવામાં ઘણીજ અસત્યતા છે; કારણ કે તેણે જે સુધારા કર્યા તે માનસિક હતા, ધાર્મીક નહિ. પોતાના નવા ધર્મમાં બળથી કે કળથી મનુષ્યો લેવા માટે અકબરે જબરો પ્રયાસ કર્યો હતો એમ ખાત્રીલાયક સાબીત કરવાનું કામ ઘણુંજ કઠણ છે, અને એમ હોવાથી ''બાદશાહના નવા ધર્મની ઘણાએ દીક્ષા લીધી, પરંતુ તેનું ખરૂં કારણ એ હતું કે તેમને પૈસા આપવામાં આવ્યા હતા'' એવું જેસ્વીટ પાદરી પીન્હીરોએ અકબર સંબંધી જે વાક્ય લખ્યું છે તે માન્ય કરવામાં આપણા કર્તાએ ભૂલ ખાધી છે. ખરેખર, હલકી વર્ણના લોકો પૈસાના લોભે પોતાનો ધર્મ તથા નીતિ વેચે છે તેમાં કાંઈ નવાઈ નથી; પરંતુ બાદશાહે લોકોને પોતાના નવા ધર્મમાં આણવા સારૂ લાંચ આપી એ બતાવવાને સબળ પુરાવાની જરૂર છે. આપણા કર્તાએ આ સંબંધી જે લખ્યું છે તેમાંનું વાક્યેવાક્ય તપાસવાની તેમજ અકબરના ધર્મ સંબંધી સર્વ હકીકત સવિસ્તર સમજાવવાની અત્રે જરૂર નથી, પરંતુ એમ તો કહી શકાય કે તેઓ પોતાની ધૂનમાં હદ બહાર વધી જવાને લીધે અકબર બાદશાહના ''દીની ઇલાહી'' ધર્મની ખરી મહત્તા સમજાવી શક્યા નથી. આ સંબંધમાં તેઓ વૉન નોઅર કરતાં ઘણાજ ઉતરતી પંક્તિના જણાઈ આવ્યા છે; અને જે વિદ્વાનોએ આ વિષયનો ખાસ અભ્યાસ કર્યો છે તેઓ તો તેમનું લખાણ વાંચીને નિરાશ થયા છે. ''અકબરના ધાર્મિક વિચારોની શરૂઆત તેને વાયાનો ઉછાળો થયો ત્યારથી થઈ હતી'' એ આપણા કર્તાનું વાક્ય વાંચવાથી કંઈક ખેદ થાય છે. કારણ કે તે યુરોપના રોમન કેથોલિક ધર્માધ્યક્ષ – પોપના આજ્ઞાપત્ર જેવું જણાય છે, અને તે વાંચવાથી ઐતિહાસિક બીનાઓનાં નિરસ વર્ણન વાંચીને કંટાળેલા વાંચકના મગજને સ્હેજ વિસામો મળે છે.

**અનુવાદક : પુનમચંદ કેશવલાલ શાહ**

**(નવેમ્બર ૧૯૧૮ જોડણી મૂળ પ્રમાણે રાખવામાં આવી છે.)**

## પુસ્તક પરિચય

[વળાંક પર... : લે. કીર્તિકાન્ત પુરોહિત, પ્ર. ક્રિટોન પ્રકાશન, ૧૦૧, સ્ટેટસ એવન્યુ, મકરપુરા રોડ, વડોદરા.]

શ્રી કીર્તિકાન્ત પુરોહિતનો આ પ્રથમ કાવ્યસંગ્રહ. તેમાં રહેલાં કાવ્ય-સ્વરૂપ વૈવિધ્યને કારણે આપણું ધ્યાન ખેંચે છે. વ્યવસાયે ઇજનેર એવા આ કવિને કાવ્ય સંસ્કાર તો ગળથૂંથીમાંથી જ મળ્યા હતા પણ એક ક્ષણ એવી આવી કે ઇજનેરનું કવિમાં રૂપાંતર થયું. કવિતાની સાધના કરતાં કરતાં કવિએ એકથી વધુ કાવ્યસ્વરૂપોનું ખેડાણ કર્યું. સંગ્રહનાં કાવ્યોમાંથી પસાર થતાં કવિતાનું કવિતામાં મહાભિનિષ્ક્રમણ થયું હોવાનો સુખદ અનુભવ થાય છે. કાવ્યત્વથી નીતરતી વૈવિધ્યપૂર્ણ રચનાઓ 'વળાંક પર...'ના કવિને કવિયશ અપાવવા સક્ષમ છે.

આ સંગ્રહની બહોળી કાવ્યસૃષ્ટિમાં અછાંદસ, મોનોઈમેજ, ગીત અને ગઝલ જેવાં બહુવિધ કાવ્યસ્વરૂપો કવિની પરિષ્કૃત પરિચેતનાની પ્રતીતિ કરાવે છે. એમાં પ્રણય, પ્રકૃતિ, વતનપ્રેમ અને જીવનદર્શન જેવા વિવિધ વિષયોનો સમાવેશ સૂચવે છે કે કવિની પ્રતિભા ક્રમશઃ વિસ્તરતી વિસ્તરતી કવિતારાણીના મનોહર રૂપની સન્મુખ પહોંચે છે. 'વળાંક પર...'નાં મુક્તકોમાં પ્રણયભાવ ઉપરાંત મુખ્યત્વે કવિનું જીવનદર્શન પ્રગટ થયું છે. બાળપણની સખી મળતાં કવિ તેને 'ઘર ઘર' રમવાનું કહે છે. એ મુક્તકમાં કશા આડંબર વિના સબળ ભાવ પરિસ્થિતિનું આલેખન થયું છે.

**તું મળી ના મૌન તૂટ્યું પળભર,**
**હોઠ સીવી આંખ રેલે સરવર,**
**યાદ કર શેરી, રમત ને બચપન,**
**ચાલ પાછાં આજ રમીએ ઘર ઘર. (પૃ. ૨૭)**

ઉત્કટ પ્રણયની ક્ષણોમાં પણ કવિને કોરા રહેવાનો પસ્તાવો છે તેનું નાજુક કારણ બતાવતાં કવિ અન્ય એક મુક્તકમાં કહે છે :

**ભરપૂર ભીંજવવાનો એનો દાવો છે,**
**અમનેય કોરા રહેવાનો પસ્તાવો છે,**
**એની ગલીના પથ્થરો અણિયાળા સૌ,**
**આ પગનું છાલું એનો પુરાવો છે. (પૃ. ૩૦)**

જીવન-દર્શન પ્રગટ કરતાં એક મુક્તકમાં માણસ બનવું કેટલું મુશ્કેલ છે એ વાત સ-રસ રીતે કહેવાઈ છે :

**કોઈ માટે સ્હેલ છે માણસ બનવું,**
**આ ત્યજી સંસાર ને તાપસ બનવું,**
**જન્મ સાથે તન ભલે ઈશ્વર દેતો,**
**કે ઘણું મુશ્કેલ છે માણસ બનવું. (પૃ. ૩૦)**

સંગ્રહની અછાંદસ રચનાઓમાં કવિની કવિતાનો કસબ પ્રતિબિંબિત થાય છે. નગર વિશેની એક રચના 'આ શહેર ઊંઘતું નથી'માં ભૌતિકવાદની અસર હેઠળ નગર જરાપણ ઊંઘતું નથી કહી માર્મિક કટાક્ષ કર્યો છે :

**આ શ્હેર**
**રાતના પણ ઊંઘતું નથી**
**લાઈટોની ઝાકમઝોળમાં**
**ઝાંઝવી હરણફાળમાં**
**વાતો કરે છે સમૃદ્ધિની**
**ઝોકાં ટાળવા. (પૃ. ૫૨)**

અહીં 'ઝાંઝવી હરણફાળ' શબ્દ સમૂહમાં રહેલો કાકૂ કાવ્યનો ધ્યાનાર્થ પ્રગટાવી રહે છે. 'શોધ' નામનું કાવ્ય ઉત્તર ગુજરાતની તળપદી બોલીમાં લખાયેલું છે. જાનપદી સૃષ્ટિ રચી આપવા ઉપરાંત આ કાવ્યમાં આલેખાયેલો પ્રણયભાવ ગ્રામમાનસને અભિવ્યક્ત કરે છે. અંતે પ્રગટતું કારુણ્ય વેધક છે :

**ઢોલ ઢબુક્યાં નં શેયણાય ધ્રુસ્કઅ રડીતી**
**એક હોલો તનં લૈ ઉડી ય જ્યોતો**
**સાબરમાં પછઅ તો બૌ પાંણી વઈ જ્યું**
**આખો જન્મારો તનં હોધી જ રયોતો. (પૃ. ૫૪)**

અન્ય કાવ્ય પ્રકારની તુલનામાં અહીં ગીતો કેવળ ચાર જ છે. 'કોરી ચૂંદડી'માં પ્રણયભાવનો ઉલ્લાસ છે તો 'ફૂલોની જાજમ'માં ઉત્તર ગુજરાતની લોકબોલીમાં નાયિકાનો પ્રણયોર્મિભાવ આલેખાયો છે.

સમકાલીન ગુજરાતી કવિતામાં થયેલા વિવિધ પ્રયોગોમાં 'મોનોઈમેજ' કાવ્યસ્વરૂપે ધીમેધીમે સર્જક-વિવેચકોનું ધ્યાન ખેંચવા માંડ્યું છે. હવે વધુ ને વધુ કવિઓ 'મોનોઈમેજ' કાવ્યરચનાઓ કરે છે. શ્રી કીર્તિકાન્ત પુરોહિત પણ આ સંગ્રહમાં પ્રકાશિત ૧૨ જેટલાં મોનોઈમેજ કાવ્યો દ્વારા એ છાપ સુદૃઢ કરે છે. કવિએ અહીં મેઘ, પડઘો, નામ, હિંચકો, ટપટપ, રસ્તો, ખાબોચિયું, પથ્થર, બાણ, હોજ અને હું જેવાં મોનોઈમેજ પ્રયોજ્યાં છે. મોનોઈમેજની મનભર અને મનહર કાવ્યસૃષ્ટિમાં કવિએ કરેલો મીથનો પ્રયોગ પણ ધ્યાનાર્હ છે. 'નામ' મોનોઈમેજમાં કવિએ મહાભારતના પાત્ર યુધિષ્ઠિરના શ્વાનનો મીથ લેખ પ્રયોગ કર્યો છે તો 'હિંચકો'માં બાળકૃષ્ણ, નંદ અને પારણુંના મીથ દ્વારા વામન એવા મોનોઈમેજની વિરાટ સૃષ્ટિનું દર્શન થાય છે. છતાં અત્રે એ ઉલ્લેખનીય છે કે થોડાંક મોનોઈમેજ કાવ્યો રૂપક અલંકાર બનીને કે અભિધા સુધી પહોંચીને જ અટકી ગયાં છે.

મુક્તક, અછાંદસ, ગીત અને મોનોઈમેજ કાવ્યરચનાઓ કવિની સર્જક શક્તિ કેવા વળાંક પર ઊભી છે તેની પ્રતીતિ કરાવે છે. આ કાવ્યસ્વરૂપોની તુલનામાં અત્રે સંગ્રહસ્થ ૫૧ જેટલી ગઝલો કવિને કયા વળાંક પર મુકામ કરવો છે તેનો સંકેત પણ આપે છે. આ જોતાં એમ કહી શકાય કે કવિનો પ્રતમ પ્રેમ તો ગઝલ છે. ગઝલ તેમનું પ્રિય સ્વરૂપ છે. કવિ એમની 'અભરખા' નામની ગઝલના મત્લામાં અભરખાઓનાં વન ખાલી થતાં લક્ષ્યનાં મૃગલાંઓને બીજે જઈને વસવાનું કહે છે તેનો ધ્યાનાર્થ લઈને કહીએ તો એમ કહી શકાય કે આ બધાં કાવ્યસ્વરૂપો અજમાવ્યા પછી પણ કવિનું આ મહાભિનિષ્ક્રમણ અંતે તો ગઝલમાં જ વિરામ પામનારું હશે, છે, રહેશે. આજે ઢગલાબંધ રચાતી આવતી ગઝલોની વચ્ચે 'વળાંક પર...'ની ગઝલો વાંચતાં કવિની સર્જકતાની પ્રસન્નકર અનુભૂતિ થાય છે. ગઝલ રચના સંદર્ભે તેઓ પરંપરાને નથી અનુસરતા તો સમકાલીન ગઝલની રચનાકળાનું પણ અનુકરણ નથી કરતા. કવિએ ગઝલમાં પ્રણય નિરૂપણ અત્યંત સંયમિત રીતે કર્યું છે. કવિ સહજપણે કહે છે :

**સાવ સાદી બારાખડી ભઈલા,**
**પ્રેમના અક્ષર તો અઢી ભઈલા. (પૃ. ૧૦૭)**

– પણ કદાચ, પ્રણય એ કીર્તિકાન્ત પુરોહિતની ગઝલોનો પ્રમુખ મિજાજ નથી. આ વાતની પ્રતીતિ આ સંગ્રહની મોટા ભાગની ગઝલો કરાવે છે. કવિને અભિપ્રેત છે જીવનદર્શન અને એટલે જ આ ગઝલો જીવનરસથી છલકે છે. પણ જીવન દર્શનને કેન્દ્રમાં રાખી રચાતી ગઝલો ક્યારેક Loud thinkingમાં પડી જવાનો ડર હોય છે. ગઝલનું પોત એને કારણે ભાર ઝલ્લું બની જાય છે એથી ભાવકને ગઝલ આસ્વાદન અને ભાવનની તૃપ્તિ થતી નથી. ક્યારેક સપાટી પરનાં વિધાનો ગઝળના છંદમાં બંધ બેસતાં હોય પરંતુ એમાંની કૃતકતા ગઝલના આત્માને મારી નાખતી હોય છે. એટલે ગઝલમાં જીવનદર્શન આરોપવું એ જોખમ ભરેલું છે. સદ્‌ભાગ્યે 'વળાંક પર...'ની અપવાદરૂપ ગઝલો સિવાય મોટા ભાગની ગઝલો ભાવકને જીવતંતાનો અનુભવ કરાવનારી છે. થોડાંક શેઅર જોઈએ :

**કર્યા સરવાળા જીવનના બધે બાદબાકી હતી,**
**નફાના આંકડા ને તોય છૂપો તોટો હતો. (પૃ. ૮૫)**

કવિએ પરમાત્માને હરપળે પોતાની કસોટી કરવાનું કહે છે :

**ના ખુદા તું આવતો અહીં નાખુદા મારો બની,**
**જો થયો છે તાત તો મઝધારમાં પણ તાવજે. (પૃ. ૯૨)**

અહીં 'ના ખુદા' અને 'નાખુદા' જેવો પ્રયોગ શ્લેષ અલંકારને કારણે ધ્યાનાર્હ તો બને જ છે, એમાંથી શેરિયત પણ પ્રગટે છે. એક ગઝલમાં કવિ આપણને 'અંદર તરફ' વળવાનું અને જોવાનું કહે છે. અહીં સીધું સટ લાગતું વિધાન પણ કેવી અસર નીપજાવે છે તે જોઈએ :

**આંખ બંધ રાખી વળો અંદર તરફ,**
**ને પછી જુઓ ત્યાં ય શું ને શું નથી ? (પૃ. ૧૦૦)**

જગતનું કામ કેવળ આપણને આઘાત પહોંચાડવાનું છે, એવા જગતનો નિર્દેશ કરતાં કવિ કહે છે :

**ઘાની સતત લ્હાણ કરતું આ જગત,**
**વકરી ઊઠે તો મલમ ઓછા પડે. (પૃ. ૧૦૯)**

'ગુલમહોર' શીર્ષકસ્થ એક ગઝલમાં સ્વજન કેવાં હોય છે તે વિશે કહે છે :

**ઘા પ્રથમ જે જોઈ ગયો એ સ્વજન તો,**
**મીઠું ત્યાં ભભરાવી અસર પૂછતો'તો. (પૃ. ૧૨૨)**

મારા-તારામાં રાચતાં દુનિયાનાં લોકો ભૌતિકતાને જ પ્રાધાન્ય આપે છે પણ કવિ સકારાત્મક અભિગમ દાખવતાં કહે છે :

**મોતની અલબત સફર છે એકલી,**
**જીવવું સહિયારું હોવું જોઈએ. (પૃ. ૧૩૦)**

રદીફ-કાફિયાનો વૈવિધ્યપૂર્ણ પ્રયોગ-વિનિયોગ, અંતે પ્રયોજાતું કવિનામ, ભાષાનો ઔચિત્યપૂર્વક થયેલો વિનિયોગ 'વળાંક પર...'ની ગઝલોનો વિશેષ છે. જીવનદર્શનનું આલેખન કરતી આ સંગ્રહની ગઝલો ગુજરાતી ગઝલની વિષય નિરૂપણ પરત્વેની નવી દિશાઓ સંકેત કરે છે, તો રચનારીતિ પરત્વે સાદગીપૂર્ણ રીતે કાવ્યગત સૌંદર્ય નિર્માણ કરવાની ક્ષિતિજ પ્રતિ ગતિ કરે છે. જીવનદર્શન નિરૂપણ સામાન્ય રીતે કવિની કસોટી કરનારું હોય છે પણ કવિએ આ પડકાર સહજ રીતે ઝીલ્યો છે. પરિણામે આ ગઝલો ચિંતનના બોજથી ભારઝલ્લી ન બનતાં વિવિધ સ્પંદનોની આનંદાનુભૂતિ કરાવે છે. કવિતાનું કવિતામાં થયેલું આ મહાભિનિષ્ક્રમણ ગુજરાતી કવિતાનો નવો જ વળાંક નિર્દેશે છે. કવિની નિસબત કેવળ કાવ્યપદાર્થ સાથે છે એની સુખદ અનુભૂતિ 'વળાંક પર...'નાં કાવ્યો વાંચતાં થાય છે.

**– સતીશ ડણાક**

# નવાં પુસ્તકો

## (સંક્ષેપમાં)

(૧) ફૂલવાડીનાં સંતાન (૨) રમતાં રમતાં (૩) ગુણસાગર : લેખક : અનિલ રાવલ 'નિર્મલ', પ્રકાશક : પોતે, પ્ર. આ. ૨૦૧૧, ૨૦૧૪ અને ૨૦૧૫, મૂલ્ય : ૫૦ + ૫૦ + ૧૫

અનિલ રાવલ 'નિર્મલ' બાલ સાહિત્યકાર છે. બાળકો સમજી શકે એવી બાલવાર્તાઓ, નિબંધો, બાલકાવ્યો અને બાળકોમાં જ્ઞાનવૃદ્ધિ થાય એવું સાહિત્ય પીરસે છે. આ ત્રણે પુસ્તિકામાં એની સંક્ષેપમાં ઝલક જોઈએ.

**'ફૂલવાડીનાં સંતાન'** એ એમનો પ્રથમ બાલવાર્તાસંગ્રહ છે. શહેરના એક સાર્વજનિક બાગમાં લોકો ફૂલો, ફળો લઈ જઈને બગાડ કરીને તેને ઉજ્જડ કરી નાખે છે ત્યારે બાગને બચાવવા એક વડીલ સલાહ આપે છે કે જેણે જેણે બાગના ઉછેરમાં ફાળો આપ્યો હોય તેને જ જરૂરિયાત મુજબ ફળ-ફૂલ તોડવાનો અધિકાર છે. આને પરિણામે બાગ પુનઃ ફળફૂલથી સમૃદ્ધ બને છે. માણસે નિરર્થક બગાડ ન કરવો જોઈએ પરંતુ સૌએ યથાશક્તિ, યોગદાન આપવું જોઈએ. એવી સહજ શીખ બાલવાર્તા રૂપે છે.

**'રમતાં રમતાં'** આ પુસ્તિકામાં બાળકોના જ્ઞાનમાં વૃદ્ધિ થાય એવી જ્ઞાન-ક્વિઝ આપવામાં આવી છે. જ્ઞાનપીપાસુ બાળકો સમજી શકે તે માટે લેખક બાળક બનીને ચિત્રાંકન, રેખાંકન અને પ્રશ્નોત્તરી દ્વારા રમતાં રમતાં સમજી શકે એવી રમતિયાળ ભાષામાં કરેલી રજૂઆત નોંધપાત્ર છે.

**'ગુણસાગર'**માં 'સ્વામી રામતીર્થ', 'દયાનંદ સરસ્વતી', 'સહજાનંદ સ્વામી', 'વિનોબા ભાવે', 'કનૈયાલાલ મુનશી', 'સ્વામી વિવેકાનંદ', 'રામકૃષ્ણ પરમહંસ', 'ગાંધીજી', 'રવિશંકર મહારાજ', 'જગદીશચંદ્ર બોઝ' જેવા મહાપુરુષોના જીવનના નાનામોટા પ્રસંગો રજૂ કરીને એમાંથી કયા કયા સદ્‌ગુણો ગ્રહણ કરવા જેવા છે તે સરલ શૈલીમાં સમજાવ્યા છે.

ટૂંકમાં આ ત્રણે પુસ્તિકાઓમાંથી બાલસહજ ભાષામાં બાળકોના ગળે ઊતરી જાય એવી શીખ આપવામાં આવી છે.

**'તારામંડળ'** : લે. ઈશ્વર પરમાર, વિવેકગ્રામ પ્રકાશન, માંડવી (કચ્છ) પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, મૂલ્ય : રૂ. ૧૦૦/-

ઈશ્વર પરમારનું બાલસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન છે. પ્રસ્તુત પુસ્તિકામાં એમણે બાલકવિતાનું સરસ રીતે સંક્ષેપમાં વિહંગાવલોકન કર્યું છે. હાલરડાં, જોડકણાં, ઉખાણાં, થોથવણાં, શિશુકાવ્યો, કિશોરકાવ્યો ઇત્યાદિનું સોદાહરણ દ્વારા શિશુઓનું ઘડતર કેવી રીતે થઈ શકે એની સમજ આપી છે. તેમાં એમનો બાળકો માટેનો પ્રેમ અને વત્સલતા જોવા મળે છે.

**માતૃસ્તવન** : લે. નવીન કા. મોદી, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૮, મૂલ્ય : રૂ. ૬૦/-

લેખક અને એમનો સમગ્ર પરિવાર શક્તિ ઉપાસક છે તેથી આદ્યશક્તિ મા-અંબાનું ઋણ પાને પાને અભિવ્યક્ત થયું છે. અંબે-માને શોધવા માટે એ અત્રતત્ર અને સર્વત્ર ઘૂમ્યા કરે છે અને જ્યાં જ્યાં દૃષ્ટિપાત કરે છે ત્યાં ત્યાં એમને મા-અંબાનાં દર્શન કેવાં થાય છે એનું આ સ્તવન થયું છે.

**શાશ્વત મૂલ્યોની કથાઓ** : લે. અઝીઝ ટંકારવી, આર. આર. શેઠની કં. પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૭, મૂલ્ય : રૂ. ૯૯/-

લેખકે વાર્તા, ગઝલ, સંપાદન અને કથાસાહિત્યમાં પોતાની કલમ ચલાવી છે. આ પુસ્તકમાં ૭૯ કથાઓ દ્વારા સંત કર્મ અને શિક્ષક કર્મનો સરસ સમન્વય કર્યો છે એ દૃષ્ટિએ એમણે એક જાગ્રત વાલીનું મહત્ત્વનું કાર્ય કર્યું છે.

આ કથાઓ સાચા અર્થમાં જીવનમૂલ્યોનું પિરસણ છે. પ્રત્યેક પ્રસંગમાં કંઈને કંઈ શાશ્વત મૂલ્યની વાત કરી

છે. આ જ્ઞાનના ખજાનામાં નાના મોટા સૌના જીવન ઘડતરનું ભાથું હોવાથી પુસ્તક સમાજ સુધારાનું પાથેય બન્યું છે.

**ઝબૂકતી જ્યોતિઓ (ભા. ૧)** : લે. પોપટલાલ મંડલી, રન્નાદે પ્રકાશન, અમદાવાદ પ્ર.આ. ૨૦૧૭, મૂલ્ય : રૂ. ૨૦૦/-

આ પુસ્તકમાં સંસ્કારી, સેવાભાવી અને સન્માન્ય વ્યક્તિઓના જીવનના પ્રસંગો આલેખવામાં આવ્યા છે. આ બધાં પ્રસંગો જીવનમાં ઉતારવા જેવા છે. એ માનવજીવનના સંસ્કારવર્ધક તથા દીવાદાંડી રૂપ છે. પ્રત્યેક પ્રસંગમાં કંઈ ને કંઈ શીખ આપી ઉન્નત માર્ગ દર્શાવ્યો છે. અબ્રાહમ લિંકન, ટૉલ્સ્ટૉય, વૉશિંગ્ટન, મધર ટેરેસા, આઇન્સ્ટાઈન, આલ્વા એડિસન, દયાનંદ સરસ્વતી, નેપોલિયન, પ્રભાશંકર પટ્ટણી, શ્રીમદ રાજચંદ્ર, વીર સાવરકર, ગોખલે, ગાંધી, ટિળક, ચાણક્ય ઇત્યાદિ અનેક મહાનુભાવોના જીવનપ્રસંગોને અત્રે રજૂ કરાયા છે. આ પ્રસંગોને જો જીવનમાં ઉતારવામાં આવે તો માનવ ધન્યધન્ય થઈ જાય. આ પ્રસંગો એવા પ્રેરણાદાયી છે એથી જીવન જ્યોત ઉજ્જ્વળ થઈ શકે છે અને લેખકે આપેલ 'ઝબૂકતી જ્યોતિઓ'નું શીર્ષક સાર્થક કરી શકે છે.

**– પ્રફુલ્લ મહેતા**

**'કારણ વગર'** : લે. મહેશ દેસાઈ, પ્રકાશન : શબ્દસેતુ, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૭, મૂલ્ય : રૂ. ૨૦૦/-

'કારણ વગર' ઘરની બહાર નહીં જતા અને 'કારણ વગર' નહીં લખતા કવિ – ગઝલકાર છે : મહેશ દેસાઈ. એક સારા કવિના 'અણસાર' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અણસાર' દ્વારા કવિ શ્રી જયન્ત પાઠકે એમના સર્જનમાં અનુભવેલું.

કવિશ્રીએ તાજેતરમાં 'કારણ વગર' કાવ્યસંગ્રહ પ્રકટ કરી કાવ્ય લેખનમાં કુશળતા સિદ્ધ કરી છે. કવિને ગઝલ પ્રિય છે. એમની ગઝલો છંદોબદ્ધ અને છંદ વૈવિધ્યવાળી છે. ટૂંકી લહેરની ગઝલ રચના ભાવકને ભાવી જાય તેવી હોય છે. દા. ત.

**'ઘરને જીવંત રાખવા,**
**ભીંતને બારી મળી !'**

*

**ભીનું ભીનું અચરજ જેવું,**
**કોણ ખીલે છે ડાળે ડાળે.**

સરસ લખતા કવિ સમયાંતરે જોડકું પણ મત્લામાં કહે છે :

**વરસો પછી પાછું 'મહેશ',**
**આ ગઝલનું આસન મળ્યું !**

કાવ્યરચનામાં સાવ સાદી ભાષાનું પ્રયોજન ધ્યાનાર્હ બને છે. ગઝલમાં પ્રેમ, વેદના, વિરહ, એકલતા અને સાંપ્રત જીવનની વિષમતા કવિને સતત પીડે છે. કવિની કવિતા શબ્દ-કળીમાંથી ફૂલ બનીને મઘમઘી ઊઠે છે. કવિમનના સંઘર્ષમાંથી જે પ્રગટે તે કવિતા-કૃતિ કે કલાકૃતિ બને છે. કવિ શ્રી ચિનુ મોદીએ 'રચનાનો રસ્તો'માં મહેશ દેસાઈની એક ગઝલનું રસદર્શન કર્યું હતું !

'કારણ વગર' કાવ્યસંગ્રહમાં ગઝલો, ગીત, મુક્તકો, હાઈકુ – તાન્કા, અછાંદસ રચનાઓ, લઘુકાવ્યો, મોનોઇમેજ કાવ્યો જેવા વિવિધ કાવ્ય-પ્રકારોમાં કવિની કલમ વિહરતી જોવા મળે છે. કેટલીક ગઝલો મુસલસલ રચનાઓ પણ છે. ગુજરાતી પ્રશિષ્ટ સામયિકોમાં એમની રચનાઓ પ્રકટ થઈ છે.

વીર નર્મદ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયેલા કવિ હાલમાં સુરત મુકામે ગઝલ સર્જનમાં સતત પ્રવૃત્ત રહે છે. ગમી જાય એવા બે શે'ર છે :

**'હાથમાંથી હાથનું સરકી જવું,**
**એ રીતે સંબંધનું પણ તૂટવું !'**

**'આ અમે ક્યાં માનવીનું ઘણ હતા;**
**પાંચ તત્ત્વોનું અમે તો રણ હતા !'**

'હાઈકુ' રચનામાં ચિત્રાત્મક રજૂઆત ગમી જાય તેવી છે. દા.ત.

**ઘરના નેવે**
**ટપકે તારી યાદ**

**વરસાદમાં !**

*

**બાગમાં ફૂલ**
**ઊંચા થઈને જોયાં**
**કરે : વસંત !**

'કારણ વગર'ની આ રચનાઓ માણવા લાયક બની છે. જેમ કે, વૃક્ષ, સવાર, સંબંધ, દરિયો, ગતિ, સમય, ઝાકળબિંદુ, દીવા, પંખી, શમા, શ્રદ્ધા, ઘર, દીવાસળી, રેતી, આંસુ, કીડી, નદી, રસ્તો વગેરે. કવિને લઘુકાવ્યો અને મોનોઇમેજ કાવ્યો સર્જવાની ફાવટ વધુ જણાઈ આવે છે. જુઓ :

**'ખાલી ઘરમાં**
**ભીંતો**
**આંટા મારતી હતી !'**

ભીતરના મંજીરા સાંભળી શકે તે કવિ. સાંજની ઉદાસીમાં મેઘધનુષના રંગો કવિમનને રંગી જાય છે. ઊંઘની મીણબત્તીને ફૂંક મારીને હોલવે છે. નભમાં પંખી ન હોય ત્યારે કવિમન મૂંઝાય છે. કાળી રેતીનું અંધારું મનની આંખોમાં ખૂંચે છે. ચાના કપમાં ઓગળતો દિવસ કવિને ગમે છે. નદી સાથે વહી ગયેલું મન કિનારે રેતીમાં રમતું જુએ છે ! વધતો બાવાઓનો સંઘ કવિને ગમતો નથી. બારીએ બેસી ભીની ચકલી પાંખો ફફડાવે અને કવિ ભીંજાય છે.

'કારણ વગર'માં છેલ્લું મુક્તક છે :

**'કારણ વગર કવિતા લખાય છે,**
**કારણ વગર જીવી જવાય છે.**
**જીવી જતાં થાકી જવાય છે;**
**કેવી રીતે માણસ થવાય છે ?!'**

'કારણ વગર' સંગ્રહમાં વ્યંગ રચના અને એક 'બાળગઝલ' પણ જોવા મળે છે. આમ સાદી ભાષાના પ્રયોજન વડે સહજભાવે બાળકવર્ગ સુધી પહોંચતા કવિને ઝાકળભીના અભિનંદન.

અસ્તુ !

**રમેશ પટેલ**

માબાપની સામાન્ય ફરિયાદ હોય છે કે, અમે છોકરાને સારી શિખામણ આપીએ છીએ, સાચી સલાહ આપીએ છીએ, એની સાથે ઘણી વાતો કરીએ છીએ, ને ઘણું સમજાવીએ છીએ, પણ એ માનતો નથી ને ખોટે રસ્તે આગળ વધતો જાય છે. આટલું બધું એને કહીએ છીએ તોપણ !

એને આટલું બધું કહો છો એ ખોટું નથી, પણ એને શું કહો છો એના કરતાં એની આગળ શું કહો છો એનું મહત્ત્વ વધારે છે. એને કઈ વાતો કરો છો એના કરતાં એની હાજરીમાં ને એના સાંભળવામાં કઈ વાતો કરો છો એ વિશેષ જોવાનું છે. બોધ ને શિખામણ સારાં આપ્યાં, પણ એ જ દિવસે જો છોકરાની આગળ (અને ઘર નાનું ને કાન સરવા એટલે ઘેર જે વાત થાય તે છોકરાની આગળ જ થાય) પાડોશણની સાથે કૂથલી ચલાવી, નોકરને (કે સરકારને) ગાળો દીધી, એકબીજાની સાથે તકરાર કરી – તો બોધ શાનો ને શિખામણ શાની ! ઘેર થાય છે એ બધી વાતોનો સરવાળો કાઢવાનો. એ ઉપરથી જ છોકરાનું વર્તન સમજવા સાચો પ્રકાશ મળશે, કારણ કે એ બધી વાતોની અસર છોકરાના મન ઉપર પડે છે.

**– ફાધર વાલેસ**

બંધ મિલોને પુનઃ ધમધમતી કરીને સીંગતેલ બનાવવાનો આરંભ કરવામાં આવશે. ૨૦૧૭ની નવરાત્રિ દરમિયાન લોકોને શુદ્ધ સીંગતેલ મળતું થઈ જાય એવી વ્યવસ્થા છે. કોઈ સીંગતેલ મિલ ચાલુ થઈ શકે તેમ નહીં હોય તો ભાડે રાખીને પણ ગુજકોમાસોલ સીંગતેલનું ઉત્પાદન કરશે. સીંગતેલની સાથોસાથ મગફળીનું બટર પણ બનાવવામાં આવશે. આ બટરમાં ફૅટ ઓછી અને પ્રોટીન પુષ્કળ હોય છે. એટલે જીમમાં જનારાં, અખાડામાં જનારા, મહેનત કરનારા વર્ગને ઉપયોગી બનશે. સળંગ બીજા વર્ષે મગફળીનું બમ્પર ઉત્પાદન થવાની સંભાવના છે ત્યારે ખેડૂતોને સંસ્થા ઉપયોગી બનશે.

**– દિલીપ સંઘાણી, ચૅરમૅનશ્રી ગુજકોમાસોલ.**

ગુજરાતમાં મગફળીની ટેકાના ભાવે શરૂ થયેલી ખરીદીનો આંક હવે બે લાખ ટનની નજીક પહોંચી ગયો છે. સરકારે રૂ. ૮૪૪ ટેકાના ભાવથી લાભપાંચમના દિવસથી મગફળીની ખરીદી શરૂ કરી હતી. રાજ્યમાં ૮૭ કેન્દ્રો પરથી ખરીદી કરવામાં આવે છે. સૌરાષ્ટ્રનાં ૨૧ કેન્દ્રો પરથી ગુજકોટ મારફતે ખરીદી ચાલુ છે.

**– ફૂલછાબ, તા. ૧૧-૨-૨૦૧૭**

ગુજરાતમાં ખેડૂતોને ટેકો કરવા કેન્દ્રસરકારની મદદ અને રાજ્યસરકારના બોનસથી મગફળીની મોટા પાયે ખરીદી થઈ પણ એમાં જે ગોલમાલ થઈ એ મુદ્દે હજી સત્ય બહાર આવ્યું નથી. અત્યાર સુધીમાં રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાંચ જગ્યાએ મગફળી રાખી હતી એ ગોડાઉનમાં આગ લાગી અને અંદાજે રૂપિયા પચાસથી સિત્તેર કરોડનું નુકસાન થયું છે.

**તંત્રીલેખ, 'ફૂલછાબ' તા. ૧૫-૬-૨૦૧૮**

માત્ર એક-બે નહીં પણ ચાલીસ-ચાલીસ ગોડાઉનમાં મગફળીની જગાએ માટી હોવાનો આક્ષેપ થયો છે. ૩૫ કિલોની મગફળીની અમુક બોરીમાં તપાસ વેળા ૧૦થી ૧૫ કિલો ઢેફા નીકળ્યાં હોવાનું જાણવા મળે છે. બજારમાં રૂ. ૪૦માં મળતા બારદાન રૂ. ૭૧માં ખરીદી થયાનો આક્ષેપ છે.

**– ઇન્દુકુમાર જાની**

ગોંડલમાં રૂ. ૨૮ કરોડની મગફળી સળગાવી દેવાના પ્રકરણમાં જવાબદાર છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. સહકારી મંડળીઓએ ગત વર્ષની જૂની મગફળી અને મગફળીને બદલે માટી-ધૂળ ભેળવી દઈ લાખોનું કૌભાંડ આચર્યું છે. ૧૩ મંડળીઓની ૨૮ કરોડની મગફળીની આગની તપાસ ચાલે છે.

**– ગુજરાત સમાચાર, તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૮**

સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલપંપ પાસે, વંથલી રોડ, ટીંબાવાડી, મુ. જૂનાગઢ.

# ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

## પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પુસ્તકની કિંમત |
|---|---|---|---|
| ૧. | કવીશ્વર દલપતરામ ભાગ-૧ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૫૦ |
| ૨. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ પૂર્વાધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૩. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ ઉત્તરાર્ધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૯૦ |
| ૪. | કવીશ્વર દલપતરામ ભાગ-૩ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૫. | મોત ઉપર મનન | સ્વ. ફીરોઝ કાવસજી દાવર | ૭૫ |
| ૬. | Descriptiv Catalogsanskrit Manuscripts Part-II | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૩૫ |
| ૭. | Descriptivy Catalogsanskrit Manuscripts Part-I | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૨૦ |
| ૮. | Descriptiv catalog of Arabic And Persian Manuscripts part-II | Shri Rasikalal C. parikh | ૭૫ |
| ૯. | Descriptiv catalog of Arabic And persian Manuscripts part-I | Shri Rasikalal C. parikh | ૯૬ |
| ૧૦. | History of Gujarat Vol.-III | M. S. Commissarialt | ૨૫૦ |
| ૧૧. | સૂફીમત (બીજી આવૃત્તિ) | ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક | ૧૪૦ |
| ૧૨. | સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ (બીજી આવૃત્તિ) | શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૦૦ |
| ૧૩. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૧ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૩૦ |
| ૧૪. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૨ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૮૦ |
| ૧૫. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૩ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૫૦ |
| ૧૬. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૪ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૧૫૦ |
| ૧૭. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૫ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૨૫૦ |
| ૧૮. | અખો એક અધ્યયન | ઉમાશંકર જોશી | ૧૪૦ |
| ૧૯. | પુરાણોમાં ગુજરાત | ઉમાશંકર જોશી | ૨૦૦ |
| ૨૦. | મહાકવિ કાલિદાસ | | ૧૫૦ |
| ૨૧. | વિદ્યાપુરુષનો વાક્પ્રસાદ | રસિકલાલ છોટાલાલ પરીખ | ૩૦૦ |
| ૨૨. | અમદાવાદનો ઇતિહાસ | મગનલાલ વખતચંદ | ૧૧૦ |

બુદ્ધિપ્રકાશ નવેમ્બર ૨૦૧૮ Regd. under Postal Registration No.
GUJ-160/2018-2020 Valid upto 31 December 2020
Posted at Ahmedabad P.S.O. on 21st each month. RNI No. 15009 / 59

